# ચાલો, સમ્યક્ત્વ અજવાળીયે...

## એક તિથિપક્ષ સાચો છે એની સચોટ સાબિતીઓ...



Scanned with CamScanner

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ:
શ્રી સદ્‌ગુરુભ્યો નમ:

# ચાલો ! સમ્યક્ત્વ અજવાળીએ

૧ સમ્યક્ત્વ એ ધર્મનગરનું દ્વાર છે ;
એ પ્રથમ ભાવના ગુણો રૂડી, સુણો બીજી ભાવના
બારણું સમકિત ધર્મ પૂરનું એહવી એ પાવના...
(મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત સમ્યક્ત્વ ૬૭ બોલની સજ્ઝાય)

૨ સમ્યક્ત્વ એ ધર્મ મહેલનો પાયો છે. ;
ત્રીજી ભાવના રે ! સમકિત પીઠ જો દૃઢ ગ્રહી, તો મોટો રે ! ધર્મ–પ્રાસાદ ડગે નહિ ;
પાયે ખોટે રે ! મોટે મંડાણ ન શોભિયે, તેણે કારણે રે ! સમકિત શું ચિત્ત થોભિયે.
(સમ્યક્ત્વ ૬૭ બોલની સજ્ઝાય)

3 સમ્યક્ત્વ,એ વ્રતરૂપી વૃક્ષ કે જેના પર મોક્ષનામનું ફળ આવે છે એનું મૂળ છે ;
જો સમકિત રે, તાજું સાજું મૂળ રે
તો વ્રતતરુ રે ! દીએ શિવફળ અનુકૂળ...
(સમ્યક્ત્વ ૬૭ બોલની સજ્ઝાય)

૪ (દ્રવ્ય) ચારિત્ર વિના પણ મોક્ષે જવાય, સમ્યક્ત્વ વિના નહીં જ ...
दंसणभट्ठो भट्ठो , दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ।। (સંબોધસિત્તરિ – ૧૨)

૫ આખી જિંદગી નિરતિચાર સંયમ પાળે, છતાં સંસાર પરિમિત જ હોય એવો નિયમ નથી. પણ સમ્યક્ત્વ તો અંતર્મુહૂર્ત પણ સ્પર્શી જાય તો સંસાર અવશ્ય અર્ધ પુદ્‌ગલપરાવર્ત કરતાં ઓછો જ હોય.
अंतोमुहुत्तमित्तं पि, फासिज्जं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परिअट्टो चेव संसारो ।। (નવતત્ત્વ પ્રકરણ – ૫૩)

૬ સમ્યક્ત્વ રહિતના તામલિતાપસની ૬૦૦૦૦ વરસની છઠ્ઠના પારણે માત્ર ૨૧ વાર ધોયેલા ભાત... પાછો છઠ્ઠ... પાછા માત્ર ભાત... આવી તપશ્ચર્યા કરતાં સમ્યક્ત્વસહિતની એક નવકારશી ચઢી જાય.

૭ સમાન આરંભ–સમારંભ વગેરેની પ્રવૃત્તિ... છતાં સમ્યક્ત્વીને મિથ્યાત્વી કરતાં અલ્પ જ બંધ હોય.



Scanned with CamScanner

सम्मदिट्ठी जीवो, जई वि हु पावं समायरे किंचि ।
अप्पोसि होई बंधो , जेणं न निद्धंधसं कुणई ।। (વંદિત્તુસૂત્ર – ૩૬)

આવી બધી શાસ્ત્રોક્ત વાતો સમ્યક્ત્વના મહિમાને ને આત્મહિત માટેની એની આવશ્યકતાને જણાવે છે. આ સમ્યક્ત્વ કોને કહેવાય? એ માટે કહ્યું કે :

શ્રી અરિહંતપ્રભુ એ જ મારા ભગવાન છે, સુસાધુઓ એ જ મારા ગુરુ છે... ને શ્રી જિનેશ્વર દેવે જે કહ્યું છે એ જ તત્ત્વ છે... આવી ઝળહળતી શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ. આમાં જે કહ્યું છે કે "શ્રી જિનેશ્વરદેવ કથિત વાતો એ જ તત્ત્વ છે, એ જ પરમાર્થ છે" એનો અર્થ "એ સિવાયની વાતો અનર્થ છે, અતત્ત્વ છે."

अरिहंतो मह देवो जावज्जीवं सुसाहुणो गुरूणो ।
जिणपण्णत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं ।। संथारापोरिसी ।।

પ્રશ્ન : પણ ચરમતીર્થપતિ શ્રી મહાવીર પ્રભુ ૨૫૦૦ વર્ષ પૂર્વે થઈ ગયા. તેઓએ શું કહ્યું છે ? એ આપણને શી રીતે ખબર પડે ?

ઉત્તર : તેઓને વફાદાર રહીને રચાયેલાં શાસ્ત્રો પરથી અને તેઓને વફાદાર એવા સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતોના આચરણ પરથી આપણને એ ખબર પડી શકે. આવું જે કાંઈ હોય એને આપણે ટૂંકમાં 'સર્વજ્ઞમૂલક' કહી શકીએ...

એટલે એક તિથિ સર્વજ્ઞમૂલક છે કે બે તિથિ ?

નવાંગીગુરુપૂજન કરવું એ સર્વજ્ઞમૂલક છે કે ન કરવું એ ?

આ વિચારણા કરીને તત્ત્વ નિર્ણય પર આવીએ અને એની શ્રદ્ધા કરીએ તો સમ્યક્ત્વ છે.

પ્રશ્ન : આ વિચારણા કરવામાં કોણ સાચું? કોણ ખોટું? એ બધું વિચારવું પડે, જે રાગ-દ્વેષ કરાવે છે... તેથી આ વિચારણા કરીએ જ નહીં તો? આપણે જે કરતા આવ્યા છીએ એ કર્યા કરવું. નાહકના રાગદ્વેષથી તો બચાય... જેનાથી વૈરાગ્ય વધે... સમતા કેળવાય.. એવી બીજી ઘણી વિચારણાઓ છે... તો આ વિચારણા શા માટે ?

ઉત્તર : રાગ-દ્વેષ થાય એ આપણને ન જ પોષાય એ વાત બિલકુલ સાચી છે. પણ તો, મિથ્યાત્વ પોષાય એ આપણને પોષાશે ?

આશય એ છે કે આ વિચારણા કરવામાં કદાચ રાગ-દ્વેષ થાય એવા ડરથી આ વિચારણા કરીએ જ નહીં, એની ધરાર ઉપેક્ષા કરીએ તો શ્રી આભિગ્રહિક મિથ્યાત્વ નામનું ગાઢ મિથ્યાત્વ છે એવું મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પોતાના ધર્મપરીક્ષાગ્રંથના પ્રારંભિક ભાગમાં કહ્યું છે.

(ધર્મપરીક્ષા – આઠમી ગાથાની ટીકા)



Scanned with CamScanner

८ यस्तु नाम्ना जैनोपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते तस्याभिग्रहिकत्वमेव, सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् ।।

અર્થ : જે નામે જૈન હોવા છતાં, આ તો અમને કુલપરંપરાથી મળેલાં આચાર છે. એ આગમાનુસારી છે કે નહીં, એ અમારે વિચારવાનું નથી. આવું જે માને છે એને આભિગ્રહિક મિથ્યાત્વ જ છે. કારણ કે સમ્યક્ત્વી જીવ પરીક્ષા કર્યા વગર પક્ષપાત કરતો નથી.

પ્રસ્તુત વિચારણા કરવામાં ક્યાંક થોડાક રાગ-દ્વેષ થાય એના કરતાં પણ આભિગ્રહિક મિથ્યાત્વ એ બહુ જ ભયંકર દોષ છે. એ લાગુ ન પડી જાય એ માટે આ વિચારણા દરેક સુજ્ઞે કરવી જ જોઈએ. રાગ-દ્વેષ ન થાય એની કાળજી રાખવાની... ને છતાં થોડા થઈ જાય તો એનું પ્રાયશ્ચિત્ત કરી શકાય છે.

બાકી નાસ્તિકતાની કે ઉપેક્ષાની ભૂમિકામાંથી, સ્વ. પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ., પૂ.આ.શ્રી રત્નસુંદરસૂ. મ.સા., સ્વ.પૂ.આ.શ્રી હેમરત્નસૂ. મ. સા. આદિના ઉપદેશથી ધર્મમાર્ગે આવ્યા, આગળ વધ્યા. વર્ષો સુધી એમને સુગુરુ તરીકે પૂજ્યા... પણ આ વાતો સાંભળવા-વિચારવાની તૈયારી નહીં... રાગ-દ્વેષ થાય એમ કરીને દૂર જ રહ્યા... ને ક્યાંક કોઈકે ઊંધી સમજણ આપવાની શરૂઆત કરી (ત્યારે રાગ-દ્વેષ યાદ પણ ન આવ્યા), વધારી, ને આજે? આજે એમના જેવા મહાપુરુષોથી પ્રતિબોધ પામેલા આવા સેંકડો શ્રાવકો સન્માર્ગમાંથી ઉન્માર્ગે ચઢી ગયા છે... ઉપર કહેલા મહાત્માઓને કુગુરુ માનતા થઈ ગયા છે... દુર્લભબોધિ બનવા માંડ્યા છે... તમારા આત્માની આ હાલત ન થાય એવી જો તમને ઇચ્છા હોય, તો તમારે ઉત્સાહથી, ધીરજથી અને ખંતથી આ વિચારણાઓ સાંભળવી - જાણવી જોઈએ ને વાસ્તવિકતા શું છે? એનો નિર્ણય કરવો જ જોઈએ.

પ્રભુશાસનનો ઇતિહાસ જોઈએ તો પણ આ જ જાણવા મળશે. તે તે નિહ્નવોના પ્રરૂપણ અવસરે, દિગંબર-સ્થાનકવાસી વગેરે તે તે મતોત્પત્તિકાળે સાચા-ખોટાની વિચારણા થયેલી જ છે. ને એ વિચારણા દ્વારા જ સાચો માર્ગ આપણા સુધી આવી શક્યો છે. પૂર્વકાળે તો શ્રાવકો પણ એવા હતા કે ગુરુ ભગવંત કે સ્થવિરો દ્વારા અમુક નિહ્નવો ન સમજ્યા તો શ્રાવકો એમને પાછા માર્ગે લાવ્યા હતા.

થોડાક કાળ પૂર્વે કોઈકને તુક્કો સૂઝ્યો કે પુસ્તકમાં સાત લાખ... એમ ત અને ખ આખા છે. તેથી ઉચ્ચારમાં સાત્ લાખ્ એમ ખોડો ઉચ્ચાર એ અશુદ્ધ છે. ત અને ખ આખા બોલાય એવો ઉચ્ચાર જ શુદ્ધ છે. ઘણાને આ તર્ક યોગ્ય લાગ્યો ને તેથી ઘણા સ્થળે ઉચ્ચાર બદલાવા લાગ્યો. આવા આખા ત અને ખ બોલે એ શુદ્ધ, નહીંતર અશુદ્ધ. આપવામાં આવેલો તર્ક એ તર્ક નથી, પણ કુતર્ક છે, એવું પકડી ન શકવાથી કેવા ઊંધા રવાડે ચડી ગયા!



Scanned with CamScanner

વસ્તુત : ભાષ્યમાણા ભાષા... બોલાય એ બોલી છે, લખાય એ નહીં... એ તો લિપિ છે... દરેક બોલીઓની પોતપોતાની વિશેષતાઓ હોય છે. જેમ કે અંગ્રેજીમાં Psychology આમ લખાય છે. પણ બોલવામાં P સાઈલેન્ટ હોય છે. એમ ગુજરાતી ભાષામાં શબ્દને અંતે અસંયુક્ત વ્યંજન પર આવતો અ સાઈલેન્ટ હોય છે. એનો ઉચ્ચાર થતો નથી. એટલે ત ખ વગેરે તે તે અંત્ય વ્યંજન અડધા બોલાય એ જ શુદ્ધ ઉચ્ચાર છે, આખા બોલવા એ તો ભાષાને વિકૃત કરી નાખવા બરાબર છે. જમતી વખતે 'ભાત્આપજો' આમ જ બોલાય છે 'ભાત આપજો' એમ આખો 'ત' નહીં. પહેલે પ્રાણાતિપાત સૂત્રમાં અગ્યાર્મે... બાર્મે... એવો જ ઉચ્ચાર થાય છે, અગ્યારમે-બારમે એમ આખા ર નો ઉચ્ચાર થતો નથી.

એટલે જેણે ઊંધા રવાડે ન ચડી જવું હોય એણે કુતર્કને પકડતાં શીખવું જ જોઈએ. એ માટે આ પ્રયાસ છે.




કોઈક વ્યક્તિ (૧) નંબર પર રહેલા મુંબઈના બોર્ડને ત્યાંથી ઉઠાવી (૨) નંબર પર લગાવી દે છે. તો વિચક્ષણ વ્યક્તિએ લોકોને સમજાવવું જોઈએ ને કે આ જે મુંબઈ વંચાય છે તે મુંબઈનો માર્ગ નથી. તમે બીજે ભટકાઈ જશો...મુંબઈનો માર્ગ તો (૧) નંબર છે એ તરફ છે.

આવું જ મોક્ષમાર્ગ માટે છે. સંસારથી મોક્ષ તરફ લઈ જનાર માર્ગ પરના (૩) નંબર પર રહેલા મોક્ષદર્શક પાટીયાને કોઈક (x) પોતાની ભ્રમણા વગેરેના કારણે (૪) નંબર પર લગાવી દે છે. તો જાણકાર વ્યક્તિની ફરજ શું? એ લોકોને સાચું ન સમજાવે? જાણકાર વ્યક્તિને, પેલું પાટીયું બદલી દેનાર ભ્રાન્ત (x) વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી, પણ લોકો પ્રત્યે કરુણા છે માટે સાચું સમજાવે છે. જેમના દિલમાં કરુણા હોય એ સમજાવ્યા વિના રહી જ ન શકે. લોકોએ પણ મોક્ષમાર્ગના નામે સંસારના માર્ગે રખડી ન જવાય એ માટે સાચું સમજવાનું છે. (x) ઉપર દ્વેષ કરવા માટે નહીં. અને છતાં કોઈકને દ્વેષ થાય તો એનું વારણ પછી કરી દેવાય, પણ એનાથી ડરીને સાચો માર્ગ જાણવો જ નહીં, ને ભટકાઈ જવું... આવી મૂર્ખાઈ તો ન જ કરાય.

મુંબઈ માટે ભટકાઈ ગયેલો માનવી કદાચ એકાદ બે દિવસમાં પાછો સાચા માર્ગે આવી શકે છે. પણ મોક્ષમાર્ગથી ભટકાઈ ગયેલો તો લાખો-કરોડો ભવે પણ પાછો મોક્ષમાર્ગ ઉપર ન આવે એવી પૂરી શક્યતા છે. ને વળી એ દરમ્યાન નરકાદિ ગતિમાં લઈ જનારા માર્ગે ચડી જાય એવી પણ પૂરી શક્યતા

છે. માટે આ બાબતમાં કોઈએ ઉપેક્ષા–આળસ કરવા જેવા નથી.

પ્રશ્ન : એક તિથિ અને બે તિથિ... આમાં મોક્ષમાર્ગ કયો ?

ઉત્તર : એનો નિર્ણય કરવા જ તો પ્રસ્તુત વિચારણા છે. પણ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ધર્મપરીક્ષાગ્રંથમાં કહ્યું છે કે જ્યારે આવા પ્રશ્નો ઊભા થાય ત્યારે જે મધ્યસ્થ છે અર્થાત્ જેને કદાગ્રહ નથી એ જ વાસ્તવિક તત્ત્વ સુધી પહોંચી શકે છે. કદાગ્રહી તો પહેલેથી નિર્ણય કરીને બેસી ગયા હોય છે. એ શાસ્ત્રવચનો અને તર્ક જે તરફ લઈ જાય એ તરફ જવાવાળો નથી હોતો, પણ પોતે જે પકડી બેઠો હોય છે એ તરફ શાસ્ત્રોને અને તર્કને મારી મચડીને પણ લઈ જવા માટે ખેંચતાણ કરતો હોય છે. એ માટે એ શાસ્ત્રો સાથે ચેડાં પણ કરે છે. સ્થાનકવાસીએ ૪૫ માંથી ૧૩ આગમ ઊડાવી ન દીધા? ૩૨માં પણ ક્યાંક ક્યાંક શાસ્ત્રપાઠ બદલી ન નાખ્યા? ક્યાંક ક્યાંક અર્થ બદલી ન નાખ્યા ?

આપણે આટલો નિર્ણય તો કરવો જ જોઈએ કે જેણે પોતાની વાતને સાબિત કરવા માટે શાસ્ત્રો સાથે ચેડાં કરવા પડે એની વાત ક્યારેય સાચી ન હોય શકે.

તો ચાલો ! એક તિથિ એ મોક્ષમાર્ગ છે ? કે બે તિથિ ? એ નિર્ણય કરવા માટે આપણે આગળ વધીએ...

આપણા શાસ્ત્રીય નિરૂપણ પ્રમાણે એક યુગ પાંચ વર્ષનું હોય, એના ત્રીજા અને પાંચમાં વર્ષમાં ૧૩–૧૩ મહિના હોય, એ અભિવર્ધિત વર્ષ કહેવાય છે. બાકીના ૩ ચાંદ્રવર્ષ કહેવાય છે. એક સૂર્યોદય થી બીજા સૂર્યોદય વચ્ચેના કાળને અહોરાત્ર કહે છે. એના $\frac{૬૧}{૬૨}$ જેટલી ૧–૧ તિથિ હોય છે. ગુજરાતી અષાડ વદ એકમથી યુગનો પ્રારંભ થાય છે. એ દિવસે સૂર્યોદયના સમયથી જ અહોરાત્ર અને તિથિ બંનેનો પ્રારંભ થાય છે. પણ તિથિ એક બાસઠીયા ભાગ જેટલી વહેલી પૂરી થઇ જાય છે. બીજે દિવસે બે બાસઠીયા ભાગ જેટલી વહેલી પૂરી થઇ જાય છે. એમ આગળ ૧–૧ ભાગ વધારે વહેલી પૂરી થતી જાણવી. એટલે ૬૧ મા દિવસે સૂર્યોદયે ૬૧મી તિથી શરૂ થઇ. અને એક બાસઠીયો ભાગ (લગભગ ૨૪ મિનિટ) વીતવા પર પૂરી થઇ ગઇ. પછી ૬૨મી તિથિ શરૂ થઇ ગઇ. એ ૬૨મા દિવસનો સૂર્યોદય થવામાં તો પૂરી થઇ ગઇ અને એ દિવસના સૂર્યોદય વખતે ૬૩મી તિથિ શરૂ થઈ ગઇ. તેથી ૬૨મી તિથિનો ક્ષય થયો. આમ દર ૬૧ તિથિ પછી ૬૨મી તિથિનો ક્ષય થાય છે.

વળી તે, તે તિથિ ઉત્તરોત્તર વધુ ને વધુ વહેલી પૂરી થઈ જતી હોવાથી આવી પણ પરિસ્થિતિ નિર્માણ થતી કે –

| વાર | સોમ | મંગળ | બુધ |
|---|---|---|---|
| સવાર | ૧૩ | ૧૪ | ૧૫ |
| સાંજ | ૧૪ | ૧૫ | ૧ |



Scanned with CamScanner

જ્યારે આવું આવે ત્યારે તે તે તિથિ ક્યારે માનવી ? બંને દિવસ અડધી-અડધી માનવી કે તે તે ચોક્કસ દિવસે આખો દિવસ માનવી ? આ પ્રશ્ન ઊભો થયો. એટલે જ્ઞાની ભગવંતોએ સમાધાન આપ્યું કે –

उदयम्मि जा तिही, सा पमाणमिअरीइ कीरमाणीए
आणाभंगणवत्था- मिच्छत्तविराहणं पावे ।।

અર્થ : સૂર્ય ઉદયકાળે જે તિથિ હોય આખો દિવસ તે તિથિ કરવી. એ સિવાયની તિથિ જો કરવામાં આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એમ ચાર દોષો લાગે છે.

એટલે કે તે દિવસે ઉદયાત્ તિથિને આખો દિવસ માનવી એ મોક્ષમાર્ગ છે, એ સિવાયની તિથિને માનવી એ સંસારમાર્ગ છે.

જૈન પંચાંગનો તથાકથિત વિચ્છેદ થયા બાદ શ્રીસંઘે લૌકિક પંચાંગનો ઉપયોગ શરૂ કર્યો. એમાં તિથિ ૨૪ કલાક કરતાં નાની-મોટી બંને રીતે આવતી હતી. વળી સૂર્યોદય પણ કલકત્તા-મુંબઈ વગેરે શહેરોનો જુદો જુદો હોય. અને તેથી એવું પણ બનતું કે,

ધારો કે સોમવારે કલકત્તાનો સૂર્યોદય સવારે ૫.૦૦ વાગે છે અને મુંબઈનો સૂર્યોદય સવારે ૬.૦૦ વાગે છે. વળી ૫.૩૦ વાગે સાતમ પૂરી થઈને આઠમ થાય છે. એટલે,

કલકત્તાવાસીઓને સોમવારે ઉદયાત્ સાતમ છે... મંગળવારે ઉદયાત્ આઠમ થશે. જ્યારે મુંબઈવાસીઓને સોમવારે ઉદયાત્ આઠમ છે.

તો કલકત્તાવાળા મંગળવારે આઠમ માનીને આરાધના કરે અને મુંબઈવાળા સોમવારે... આવું ઉદયમ્મિ જા તિહી... ગાથા પરથી ફલિત થાય છે.

પણ, આરાધના આ રીતે જુદા જુદા દિવસોએ થાય એ વાત પૂર્વાચાર્યોને મંજૂર ન હોતી. એટલે છેલ્લા ઘણા કાળથી આખા ભારતમાં ચંડાંશુચંડુપંચાંગનો જૈનસંઘો ઉપયોગ કરતા હતા. એટલે કે તે તે દિવસે લૌકિક ઉદયાત્ તિથિ કઈ છે ? એનો નિર્ણય એ પંચાંગના આધારે કરતા હતા. આ પંચાંગ જોધપુરથી નીકળતું હોવાથી જોધપુરના સૂર્યોદયને અનુસરતું હતું. એટલે ઘણીવાર, કલકત્તા, મુંબઈ, મદ્રાસ વગેરે સ્થળોના સંઘો પોતપોતાની ઉદયાત્ તિથિને ગૌણ કરીને સંઘની એકતા જાળવવા જોધપુરની ઉદયાત્ તિથિ મુજબ એક જ દિવસે આરાધના કરતા હતા. આનાથી સ્પષ્ટ સૂચન મળે છે કે શ્રીસંઘની સાથે આરાધના કરવી એ મોક્ષમાર્ગ છે, ને ઉદયાત્ તિથિને પકડીને શ્રીસંઘથી અલગ આરાધના કરવી એ સંસારમાર્ગ છે.

હવે, ચંડાંશુચંડુ પંચાંગમાં આવી પણ પરિસ્થિતિ અનેકવાર બનતી કે (જ્યારે તિથિ દિવસ કરતાં નાની હોય અને સૂર્યોદયની આસપાસ જ બદલાતી હોય ત્યારે બનતી કે) સોમવારે ઉદયાત્ સાતમ છે. સૂર્યોદય પછી થોડી જ

વારમાં આઠમ શરૂ થઈ ગઈ અને મંગળવારના સૂર્યોદય પહેલાં જ પૂરી થઈ ગઈ. એટલે મંગળવારના સૂર્યોદય વખતે નોમ છે.

| | સોમવાર | મંગળવાર |
|---|---|---|
| સૂર્યોદયે | ૭ | ૯ |

એટલે સોમવારે ઉદયાત્ સાતમની અને મંગળવારે ઉદયાત્ નોમની આરાધના કરવાની રહેવાથી આઠમની લીલોતરી ત્યાગ, એકાસણું-આયંબિલ વગેરે તપ, પ્રતિક્રમણ-પૌષધ, બ્રહ્મચર્યપાલન વગેરે આરાધનાઓ ઊડી જ જાય. જો પૂર્વાચાર્યોએ કોઈ જ માર્ગદર્શન ન આપ્યું હોત તો આ રીતે જ આરાધના કરવાની રહેવાથી આઠમની તિથિનો લોપ થવાના કારણે એની આરાધનાનો વિનાશ થાય જ અને એ પણ પૂર્વાચાર્યોને મોક્ષમાર્ગ તરીકે માન્ય છે એમ સાબિત થાય. પણ પૂર્વાચાર્યોએ માર્ગદર્શન આપ્યું કે-

क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा ।
वीरनिर्वाणकल्याणं कार्यं लोकानुगैरिति ।।

આના ઉત્તરાર્ધનો અર્થ - "શ્રી વીરપ્રભુનું નિર્વાણ કલ્યાણક (દિવાળી) લોકોને અનુસરીને કરવું." એવો છે જે બંને પક્ષને માન્ય છે (લોક કરે તે દિવાળી).

પણ પૂર્વાર્ધના અર્થમાં મતભેદ છે.

એક તિથિપક્ષ એનો અર્થ આવો કરે છે કે જ્યારે પર્વતિથિનો (આઠમ વગેરે તિથિનો) ક્ષય આવે ત્યારે પૂર્વતિથિને (સાતમને) પર્વતિથિ (આઠમ) કરવી અને જ્યારે વૃદ્ધિ આવે ત્યારે ઉત્તરતિથિને (બીજી આઠમને) પર્વતિથિ (આઠમ) કરવી. બે તિથિપક્ષ એનો અર્થ આવો કરે છે કે ક્ષય આવે ત્યારે પૂર્વતિથિમાં તે પર્વતિથિ નિયત આરાધના કરવી... વૃદ્ધિ આવે ત્યારે ઉત્તરતિથિમાં આરાધના કરવી.

પ્રશ્ન : આ બે અર્થમાં ફરક શું છે ?

ઉત્તર : જ્યારે લૌકિક પંચાંગમાં આઠમનો ક્ષય હોય ત્યારે એક તિથિ પક્ષ લૌકિક પંચાંગમાં રહેલી સાતમનો ક્ષય કરીને એ દિવસને આઠમ બનાવી દે છે ને આઠમની આરાધના કરે છે. બે તિથિપક્ષ સાતમને સાતમ તરીકે ઊભી રાખે છે ને આરાધના આઠમની કરે છે. એટલે પંચાંગ આ રીતે દર્શાવાય છે.

| વાર | સોમવાર | મંગળવાર |
|---|---|---|
| લૌકિકપંચાંગ | ૭ | ૯ |
| એકતિથિપક્ષ | ૮ | ૯ |
| બેતિથિ પક્ષ | ૭+૮ | ૯ |

એટલે કે એક તિથિપક્ષે પર્વ તિથિ આઠમનો ક્ષય ન થયો. બે તિથિ પક્ષે એ ક્ષય થયો, માત્ર આરાધના પૂર્વ તિથિમાં કરી લીધી.

પ્રશ્ન : બંને પક્ષ સોમવારે જ આઠમની આરાધના કરે છે. તો ફરક માત્ર લખવા બોલવાનો જ છે ?

ઉત્તર : આઠમ માટે એવું કહી શકાય. પણ જ્યારે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે આરાધનામાં પણ ફરક આવે છે.

| વાર | સોમ | મંગળ | બુધ | ગુરુ |
|---|---|---|---|---|
| લૌકિકપંચાંગ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧ |
| એક તિથિપક્ષ | ૧૨ | ૧૪ | ૧૫ | ૧ |
| બે તિથિપક્ષ | ૧૨ | ૧૩ | ૧૪+૧૫ | ૧ |

લૌકિક પંચાંગમાં પૂનમનો ક્ષય છે. ત્યારે એક તિથિ પક્ષે અપર્વ તિથિ તેરસનો ક્ષય કર્યો જ્યારે બે તિથિ પક્ષે પર્વ તિથિ એવી પૂનમનો ક્ષય કર્યો. એની આરાધના ૧૪ના દિવસે કરી લીધી. અર્થાત્

એક તિથિપક્ષ મંગળવારે ચૌદસની અને બુધવારે પૂનમની આરાધના કરશે. બે તિથિપક્ષ બુધવારે જ ચૌદસ અને પૂનમ બંને તિથિની આરાધના કરશે.

એકતિથિપક્ષ આવું કહે છે કે - લૌકિક પંચાંગમાં પૂનમનો ક્ષય છે. એટલે ક્ષયે પૂર્વા. શાસ્ત્રવચન મુજબ પૂર્વની તિથિ ૧૪ નો ક્ષય કરી એ દિવસને (બુધવારને) પૂનમ બનાવવી. વળી ૧૪ પણ પર્વ તિથિ છે. એટલે એનો જે પ્રસ્તુતમાં ક્ષયે પૂર્વા નિયમાનુસાર ક્ષય થયો છે તે માટે પૂર્વની તિથિ ૧૩ નો ક્ષય કરી મંગળવારને ૧૪ બનાવવી. તેથી સરવાળે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય થયો, મંગળવારે ચૌદસની અને બુધવારે પૂનમની આમ બંને પર્વતિથિઓની આરાધના સાચવી લેવી.

બે તિથિપક્ષ આવું કહે છે કે- લૌકિક પંચાંગમાં પૂનમનો ક્ષય છે, એટલે ક્ષયે પૂર્વા-શાસ્ત્રવચન મુજબ પૂર્વની તિથિનો ક્ષય નહીં કરવાનો, એ દિવસે ૧૪ તો ઊભી જ રાખવાની, પણ સાથે ૧૫ની આરાધના પણ એ જ દિવસે કરી લેવાની. એટલે કે બુધવારના એક જ દિવસમાં ચૌદસ અને પૂનમ બંનેની આરાધના કરી લેવાની. તેથી આવા પ્રસંગે એ મહિનામાં બાર તિથિની આરાધના ૧૧ દિવસમાં થશે. અર્થાત્ ૧૧ દિવસ જ લીલોતરી ત્યાગ, ઉપવાસ-આયંબિલ વગેરે તપ, બ્રહ્મચર્ય પાલન વગેરે આરાધના કરી હશે તો પણ બારતિથિના આ બધા નિયમો પાળ્યા એમ કહેવાશે. ટૂંકમાં એક તિથિપક્ષ પર્વ તિથિનો ક્ષય માનતો નથી (એમ વૃદ્ધિ પણ માનતો નથી), બે તિથિપક્ષ પર્વ તિથિની ક્ષય વૃદ્ધિ માને છે.



Scanned with CamScanner

પ્રશ્ન: આ બેમાંથી સાચો કયો પક્ષ છે ?

ઉત્તર: આ વિચારણા અનેક રીતે કરી શકાય છે. આપણે ત્રણ રીતે કરીશું.

વિચારણા નં. (1)

(૧) પ્રભુએ શાસનની-સંઘની સ્થાપના કરી.. એ વખતે એ મૂળ પરંપરાને શ્વેતાંબર- મૂર્તિપૂજક.. આવા વિશેષણો નહોતા. પણ દિગંબર પક્ષ અલગ પડ્યો એટલે મૂળપરંપરા શ્વેતાંબર તરીકે ઓળખાવા લાગી. પછી સ્થાનકવાસી ફાંટો અલગ પડ્યો એટલે મૂળપરંપરા મૂર્તિપૂજક તરીકે ઓળખાવા લાગી... એમ, બે તિથિપક્ષ અલગ પડ્યો એટલે મૂળપરંપરા એક તિથિપક્ષ તરીકે ઓળખાવા લાગી...

એટલે જેમ મૂળપરંપરારૂપ શ્વેતાંબર અને મૂર્તિપૂજક સાચા છે, દિગંબર અને સ્થાનકવાસી નહીં, એમ પ્રસ્તુતમાં પણ મૂળ પરંપરારૂપ એક તિથિપક્ષ સાચો છે, બે તિથિપક્ષ નહીં...

પ્રશ્ન: પણ, એવું હોઈ શકે ને કે બે તિથિપક્ષ મૂળ પરંપરારૂપે હોય ને તેથી સાચો હોય, એક તિથિપક્ષ અલગ પડ્યો હોય ને તેથી ખોટો હોય.

ઉત્તર: તો તમે એ કહો કે એકતિથિપક્ષ ક્યારથી અલગ પડ્યો ?

પ્રશ્ન: એ અમને ખબર નથી... ચાલો તમે કહો કે બે તિથિપક્ષ ક્યારથી અલગ પડયો ?

ઉત્તર: વિ.સં. ૧૯૯૨ પછી...

પ્રશ્ન: આમાં કોઈ પ્રમાણ ?

ઉત્તર: અનેક.. (૧) વિ. સં. ૧૯૯૨ પૂર્વના તપાગચ્છમાન્ય કોઈપણ જૈન પંચાંગમાં પર્વ તિથિના ક્ષય- વૃદ્ધિ તમને જોવા મળશે નહીં. એ પછી જ બે તિથિપક્ષે પોતાના પંચાંગમાં આ ક્ષય-વૃદ્ધિ દર્શાવવા શરુ કર્યા. માટે એ જ અલગ પડેલો ફાંટો છે, મૂળપરંપરા નથી અને તેથી સાચો નથી. જો પૂર્વે પણ પર્વ તિથિના ક્ષયવૃદ્ધિ માન્ય હોત તો એવા પંચાંગ પણ જોવા મળત ને !

પ્રશ્ન: બે તિથિપક્ષ તરફથી એવા પંચાંગ તરીકે વિ. સં. ૧૯૪૫ નું પંચાંગ દર્શાવાય જ છે ને ? એમાં પર્વ તિથિના ક્ષયવૃદ્ધિ દર્શાવાયેલા જ છે ને ? (જુઓ પરિશિષ્ટ-૧)

ઉત્તર: આ તો બે તિથિપક્ષે જ "પોતે ખોટા છે એમ સાબિત કરી દીધું" કારણ કે જે સાચા હોય એમણે ક્યારેય માયાચાર કરવો ન પડે.

પ્રશ્ન: આમાં શું માયાચાર છે ?

ઉત્તર: જે પંચાંગ આપણને માન્ય નથી એવું પંચાંગ રજૂ કરવું એ માયાચાર નથી ? એ પંચાંગમાં કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ વગેરેની વાતો છે. વળી એમાં દુર્ગાઆઠમ, કાલકાદેવીની યાત્રા, યજુર્વેદીઓને જનોઈનો દિવસ વગેરે દર્શાવવામાં આવ્યું છે.(આ બધું એ પંચાંગમાં બરાબર

જોશો).શું આપણા તપાગચ્છમાન્ય જૈન પંચાંગમાં આવું કશું પણ હોય છે? એ વર્ષનું આપણું પંચાંગ પરિશિષ્ટ-૨ માં આપ્યું છે. એના પરથી ખબર પડશે કે આપણા પંચાંગ તરીકે એમણે પ્રકાશિત કરેલું પંચાંગ બોગસ છે. પરિશિષ્ટ-૨ માં આપેલા આપણા પંચાંગમાં પર્વ તિથિની ક્ષય-વૃદ્ધિ છે નહીં એ સ્પષ્ટ જોવા મળશે.

ઘણાં વર્ષો પૂર્વે પણ આવા પ્રસ્તાવમાં એમણે આ જ પંચાંગ રજુ કરેલું.. ને એ ખોટું છે, સાચું પંચાંગ કયું હતું? એ બધું જ દર્શાવવામાં આવેલું... છતાં ફરીથી આ જ પંચાંગ રજુ કરવું... એમાં લોકોને છેતરવાની કેવી કાળી લેશ્યા હોય એ કોઈ પણ સુજ્ઞ સમજી શકે છે.

**(૨) પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નો નિષેધ**

મૂળ-कदा णं भंते ! उ. अट्ठारसमुहुत्ते दिवसे भवई, ज. दुवालस मुहुत्ता राई भवई? कदा वा उ. अट्ठार समुहुत्ता राई भवई? ज. दुवालसमुहुत्ते दिवसे भवई? सुदंसणा ! आसाढपुण्णिमाए उ. अट्ठारसमुहुत्ते दिवसे भवई, ज. दुवालसमुहुत्ता राई भवई, पोसस्स पुन्निमाए णं उ.अट्ठारस मुहुत्ता राई भवई ज. दुवालसमुहुत्ते दिवसे भवई (शतक ११ उद्देसो-११ सूत्र-४२५)

અહીં આ મૂળ સૂત્રમાં મોટામાં મોટો દિવસ અને નાનામાં નાની રાત્રી અષાઢ સુદ પૂનમે કહી છે. આ અંગે ટીકામાં નીચે મુજબ ખુલાસો છે.

टीका : आसाढपुण्णिमाए इत्यादि, इहाषाढपौर्णमास्यामितियदुक्तं तत् पंचसंवत्सरीकयुगस्यान्तिमवषपिक्षयावसेयम् यतस्तत्रैवाषाढपौर्णमास्यामष्टादशमुहूर्तो दिवसो भवति ...

અર્થ - આષાઢ પૂર્ણિમા ઇત્યાદિ. અહીં અષાઢ પૂનમે એવું જે કહ્યું છે તે પાંચવર્ષના યુગના અંતિમ વર્ષની અષાઢ પૂનમની અપેક્ષાએ જાણવું, કારણ કે ત્યારે જ અષાઢ પૂનમે ૧૮ મુહૂર્તવાળો દિવસ હોય છે.

વિચારણા - યુગના અંતિમ વર્ષે જૈન પંચાંગ પ્રમાણે અષાડસુદ પૂનમનો ક્ષય હોય છે. (જુઓ લોક પ્રકાશ સર્ગ-૨૮, ભાગ-૪ પુસ્તક પૃ.૧૩૩). તેમ છતાં મૂળમાં અને ટીકામાં બંનેમાં સૌથી મોટા દિવસ તરીકે એનો ઉલ્લેખ કરેલો છે. આનાથી સિદ્ધ થાય છે કે શ્રી સુધર્માસ્વામીથી લઇને કોઇ પૂર્વાચાર્યો પર્વતિથિનો ક્ષય કરતા નહોતા.

(૩) જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મહારાજના પણ પૂર્વજ એવા શ્રી આનંદવિમલસૂરિ મહારાજે વિ.સં. ૧૫૮૩ માં ૩૫ બોલનો પટ્ટક બનાવેલો. એમાંનો નવમો બોલ આ પ્રમાણે હતો-

**બીજ, પાંચમ, આઠમ, ઈગ્યારસ, ચૌદસ, અમાવસી, પૂનમ- એવં માસમાંહે ૧૨ દિન વિગઈ મ વહિરવી.**



Scanned with CamScanner

આમાં બીજ વગેરે બારેય પર્વતિથિઓનો ઉલ્લેખ કર્યા પછી પણ ૧૨ દિન લખવાનું કારણ એ હતું કે ખરતરગચ્છીયો ક્યારેક ૧ તિથિનો ક્ષય કરી ૧૧ દિવસમાં પણ ૧૨ તિથિની આરાધના કરી લેતા હતા. એનો નિષેધ કરવા આ સ્પષ્ટતા કરી કે ૧૨ દિવસમાં જ ૧૨ તિથિની આરાધના કરવી, ૧૧ દિવસમાં નહીં. (બે તિથિપક્ષ, જ્યારે પૂનમનો ક્ષય હોય ત્યારે એ ક્ષયને કાયમ રાખી ચૌદસના દિવસે જ ચૌદસ-પૂનમની બંને આરાધના કરે છે. એટલે કે એ મહિનામાં એમણે ૧૧ દિવસમાં ૧૨ તિથિની આરાધના કરી. જેનો શ્રી આનંદ વિમલસૂરિમહારાજે નિષેધ સૂચવ્યો છે.)

(૪) એ શ્રી આનંદવિમલસૂરિ મ.ના પ્રશિષ્ય મહોપાધ્યાય શ્રીધર્મસાગર મહારાજે ખરતરગચ્છની એ મિથ્યા માન્યતાનું ખંડન કરતો તત્ત્વતરંગિણી નામે ગ્રંથ વિ.સં. ૧૬૧૫માં રચ્યો. તે ગ્રંથમાં 'त्रयोदशी' इति व्यपदेशस्याप्यसम्भवात् એવા પાઠ દ્વારા સ્પષ્ટ કરી દીધું કે લૌકિક પંચાંગમાં ચૌદસનો ક્ષય હોય ત્યારે ઉદયાત્ તેરસ હોવા છતાં એને 'તેરસ' ન જ કહેવાય, ચૌદસ જ કહેવાય. આનાથી સ્પષ્ટ છે કે એ કાળમાં પર્વતિથિનો ક્ષય થતો નહોતો.

(૫) શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય શ્રીમાન્ કાંતિવિજયજી મહારાજ વગેરેએ રચેલ "જૈન સિદ્ધાંત સમાચારી" અપરનામ "શુદ્ધ સમાચારી પ્રકાશ ઉત્તર" કે જે વિ.સં.૧૯૫૦માં પ્રકાશિત થયેલ છે, તેમાં જણાવ્યું છે કે.

और सूर्य प्रज्ञप्ति की वृत्तिविषे भी ऐसा लिखा है. यथा :-

अह जह कहवि न लभइ, तताओ सूरुग्गमेण जुत्ताओ ।
ता अवरविद्धअवरावि, हुज्ज नहु पुव्व तव्विद्धा ।।१।।

भावार्थ : अथ जब किसि भी प्रकार से तिथियां सूर्योदय करके युक्त न मिले तो (अवरविध्धा) कहतें क्षीण तिथि १४ के साथ मिली त्रयोदशी प्रमुख जो पूर्वदिन होवें तिसकोंही पर्व तिथि मान लेनी क्यों कि पूर्व त्रयोदशी में १४ का पात होने से. परंतु त्रयोदशी न माननी.. किंतु उसी त्रयोदशी को चतुर्दशी मान लेनी.

શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ આગમને અનુસારે આમાં પણ ચૌદસનો ક્ષય ન કરવો, પણ તેરસનો ક્ષય કરીને, તેરસને જ ચૌદસ માની લેવી એવું સ્પષ્ટ કહ્યું જ છે ને..

(૬) શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય શ્રી શાંતિવિજયજી મ. વિરચિત માનવધર્મસંહિતા (દુસરા નામ) શાંતસુધાનિધિગ્રંથ કે જે વિ.સં. ૧૯૫૫માં પ્રકાશિત થયેલો, તેમાં જણાવ્યું છે કે – जैनशास्त्र का फरमाना है कि – दो तिथि हो जाय तो पहिली छोडकर दूसरी पालना, और क्षय होय तो पूर्व दिन में मानना. जैसे अष्टमी का क्षय हो तो सप्तमी के रोज अष्टमी मानना चाहिये । अमावास्य या पौर्णिमा टूटे तो तेरस को तोडकर चतुर्दशी-पौर्णिमा-और अमावास्या पूर्ण पालना, इस तरह हरेक तिथि के संबंध में जान लो । जैन शास्त्र के कानुन से देखो तो बारह महिने की जो १४४ तिथि है उनमें से न तो



Scanned with CamScanner

१४३ न १४५ होगी।

આમાં તો સ્પષ્ટ જણાવી દીધું છે કે બાર મહિનાની ૧૨ X ૧૨ = ૧૪૪ પર્વતિથિમાંથી એક પણ પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ થઈ જ ન શકે. વળી આમાં जैनशास्त्र के कानुन से આવું જે લખ્યું છે તે જણાવે છે કે પૂનમ-અમાસનો ક્ષય હોય ત્યારે તેરસનો ક્ષય કરવો એ માત્ર પરંપરા નથી, પણ શાસ્ત્રીય પણ છે જ. અને એટલે જ પૂનમના ક્ષયે પૂનમનો જ ક્ષય યથાવત્ રાખી ચૌદસે એક જ દિવસે ચૌદસ-પૂનમ બંનેની આરાધના કરી લેવાનું બે તિથિ પક્ષ જે કહે છે તે શાસ્ત્રીય પણ નથી કે પરંપરારૂપ પણ નથી.

(૭) શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય શ્રી શાંતિવિજયજી મહારાજે રચેલ 'અધિક માસ દર્પણ' કે જે વિ.સં. ૧૯૭૫ માં પ્રકાશિત થયેલ છે. તેમાં જણાવ્યું છે કે,

१५ आगे खरतरगच्छके मुनि श्रीयुत मणिसागरजी अपनी बनाई हुई लघुपर्यूषणनिर्णय किताबके पृष्ठ (७) पंक्ति (२) पर बयान करते है. प्राचीनशास्त्रो में दो-चौदसको दो-तेरस बनाना किसी जगह नहीं लिखा.

जवाब : आप लोग दो-चतुदर्शी आवे जब, दो चौदस मानते हो या एक ? अगर एक मानते हो तो तपगच्छवालोंके मंतव्यपर आना पडेगा, अगर दो मानते हो तो फिर जब दो चतुर्दशी आती है, तब दोनों चर्तुदशीके रोज दो दिनके उपवासव्रत क्यों नही करते ? और दोनो दिन पक्षिक प्रतिक्रमण क्यों नही करते ? पाक्षिक प्रतिक्रमण एकही रोज करना, उपवास भी एक ही रोज करना, फिर दो चौदश मानी ऐसा किस प्रमाणसे कह सकते हो ? सबुत हुवा आप लोगभी एकपर्व तिथिको व्रत नियम की अपेक्षा आराधन करते हो, दुसरीको नही करते, फिर बात क्या हुई ? बात यही हुई जो तपगच्छवाले मानते है.

આનો અર્થ સ્પષ્ટ છે કે જેઓ (૧) એક જ દિવસ ચૌદસની આરાધના કરે છે. તેઓ બે ચૌદસ માને છે - સ્વીકારે છે આવું કહી શકાતું નથી. અને (૨) તપાગચ્છવાળા બે ચૌદસ માનતા ન હોતા, એક જ ચૌદસ માનતા હતા.

(૮) સ્વ. આ. શ્રી રામચંદ્રસૂ. મ. અને સ્વ. પૂજ્યપાદ આચાર્ય દવે શ્રી ભુવનભાનુ સૂ. મ. આ બંનેના દાદા ગુરુદેવ સકલાગમ રહસ્યવેદી, સ્વ. પૂ.આ. શ્રી દાનસૂરિ મહારાજે આપેલો ખુલાસો 'વીરશાસન' મેગેઝીનના ૧૧મા વર્ષના ૮૧મા અંકમાં આપેલો છે. એમાં તેઓશ્રીએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે વિ. સં. ૧૯૫૨ અને ૧૯૬૧માં કોઈએ પણ ભા. સુ. ૫. નો ક્ષય કર્યો નહોતો, એટલે એ જ રીતે ૧૯૮૯માં પણ અન્ય પંચાંગના આધારે ભા. સુ. ૬ના ક્ષય કરી ભા. સુ. ૫ ને અખંડ રાખવી. (જુઓ પરિશિષ્ટ-૩)

(A) આના પરથી સ્પષ્ટ છે કે વિ. સં.૧૯૫૨, ૧૯૬૧ કે ૧૯૮૯માં પણ કોઈ પણ પર્વતિથિનો ક્ષય કરતું નહોતું.

(B) આઘાતજનક બિના એ છે કે પાછળથી બે તિથિ પક્ષે માયાચાર કર્યો.

સ્વ. પૂ. આ. શ્રી દાનસૂરિ મ. કાળધર્મ પામી ગયા. બે તિથિ પક્ષનો પ્રારંભ થયો અને 'વીરશાસન'ના (૧૫-૧૨-૧૯૩૬ના અંકમાં પૃ.૨૦૫ ઉપર)એ પક્ષે એવું છપાવ્યું કે વિ. સં. ૧૯૫૨માં શ્રી સંઘે ભા. સુ. ૫નો ક્ષય માન્યો હતો...

(C) આમાં જે જણાવ્યું છે કે તિથિને વધઘટ કરવાની જરૂર રહેશે નહીં. એના પરથી સ્પષ્ટ છે કે પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ સ્વ. પૂ. આ. શ્રી દાનસૂ. મ. ને પણ માન્ય નહોતા.

(D) એટલે જ ''તેઓશ્રી સ્વ. આ. શ્રી. રામચંદ્રસૂ. મ. ને કહી ગયા હતા કે અવસર આવે ત્યારે તું પંચાંગ બદલી નાખજે. અને પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ચાલુ કરી દે જે.'' આવો જે પ્રચાર થાય છે તે સત્યથી વેગળો છે. આવી બાબતોમાં, માયાચાર વિનાના લેખિત પુરાવા સિવાય માત્ર મૌખિક વાતોને સાચી માની લેવાનું ભોળપણ કોઈ પણ આત્માર્થીએ દર્શાવવું નહીં જોઈએ.

બાકી ધારો કે તેઓશ્રીએ આવું કહેવું હોત તો સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂ.મ.ને કહી જાત. કારણ કે સ્વ. પૂ. આ. શ્રી. પ્રેમસૂ. મ. તેઓશ્રીના આજ્ઞાંકિત-વિનીત-સિદ્ધાંતમહોદધિ શિષ્ય હતા, ને તેઓશ્રીની ગેરહાજરીમાં ગચ્છાધિપતિ સત્તાધીશ બનનારા હતા.

(૯) બારતિથિનું પરિવર્તન કરવાની સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે સ્વયં ના પાડી હતી... આનો ઉલ્લેખ સ્વ. આ. શ્રી રામચંદ્રસૂ. મ. ના ખુદના હસ્તાક્ષરમાં તેઓએ સ્વયં કડીથી વિ. સં. ૨૦૧૯ના ચૈત્ર સુદ-૪ ગુરુવારના દિને પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મ.ને લખેલા પત્રમાં છે. (જુઓ પરિશિષ્ટ-૪)

(૧૦) વિ. સં. ૧૯૯૦ના શ્રાવણ વદ ૯ તા. ૨-૯-૩૪ના જૈન પ્રવચનના અંકના પેજ નં. ૧૭૭ ઉપર સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે સ્વયં, ભાદરવા સુદ ૪ ના ક્ષયે ભા. સુ. ૩નો ક્ષય કરવામાં શ્રી તત્ત્વતરંગિણી નામના ગ્રંથનો આધાર છે' આવું સૂચવતું લખાણ કર્યું છે (જુઓ પરિશિષ્ટ-૫)

આના પરથી સ્પષ્ટ છે કે શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથ, લૌકિક પંચાંગમાં ભા. સુ. ૪નો ક્ષય આવે ત્યારે, આ સંવત્સરી મહાપર્વતિથિ હોવાથી, 'એનો ક્ષય યથાવત્ રાખી સુદ-૩ના સંવત્સરી આરાધવી' એવું નથી જણાવતો પણ સુદ-૩નો ક્ષય કરી, એ દિવસને સુદ-૪ બનાવી સંવત્સરી મહાપર્વની આરાધના કરવી એમ જણાવે છે. અર્થાત્ પર્વતિથિના ક્ષય-વૃદ્ધિ ન કરવા એમ જ જણાવે છે.

(૧૧) લવાદી ચર્ચામાં પી. એલ. વૈદે આપેલો ચુકાદો કે જેને બે તિથિપક્ષ પોતાની બહુ મોટી જીત માની ખૂબ પ્રચારે છે એમાં પણ આઠમના ક્ષયે સાતમનો ક્ષય કરવાનું જણાવીને પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય એ સત્યનું જ સમર્થન કર્યું છે. (જુઓ પરિશિષ્ટ-૬)

લૌકિક પંચાંગમાં જ્યારે આઠમનો ક્ષય આવે ત્યારે એમાં જે સાતમ હોય એનું સાતમપણું દૂર કરીને એમાં આઠમની સ્થાપના કરવી (અર્થાત્ એને



Scanned with CamScanner

આઠમ બનાવી દેવી) આવું જણાવવા દ્વારા પૂર્વતિથિનો ક્ષય કરીને પર્વતિથિ અખંડ રાખવી એમ જણાવ્યું છે. વળી આવું 'ક્ષયે પૂર્વા' શાસ્ત્રના આધારે કરવાનું કહ્યું છે, એટલે આ ચૂકાદો પણ સ્પષ્ટ કરે છે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન કરવી એ શાસ્ત્રીય પણ છે જ, માત્ર પરંપરા નથી.

આ ૧૧ માં, ૧૧ મો મુદ્દો ૧૯૯૨ પછીનો છે. ૧ થી ૧૦ મુદ્દા સ્પષ્ટ જણાવે છે કે ૧૯૯૨ પૂર્વે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થતી ન હતી. એટલે આરાધના સંબંધી પંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવાનો પંથ એ મૂળ પરંપરા નથી. પણ મૂળ પરંપરાથી અલગ પડેલો ફાંટો છે ને તેથી દિગંબર વગેરે અલગ પડેલા ફાંટાની જેમ સત્ય નથી. (હવે વિચારણા નં. 2)

(2) લૌકિક પંચાંગમાં જ્યારે સોમવારે-સાતમ અને મંગળવારે નોમ હોય એટલે કે આઠમનો ક્ષય હોય, ત્યારે જો કશો ફેરફાર કરવાનો ન હોય તો શાસ્ત્રકારો ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા.. આવું માર્ગદર્શન આપત જ નહીં. પણ એમણે આ માર્ગદર્શન આપ્યું તો છે. આનો અર્થ જ કે આ ફેરફાર કરવા પાછળ કોઈક પ્રયોજન રહેલું છે, કારણ કે નિષ્પ્રયોજન બકવાસ તો કોઈક મૂરખ જ કરે.

આ પ્રયોજન કયું હોઈ શકે ? એ વિચારીએ ત્યારે જણાય છે કે (૧) પર્વ તિથિનો ક્ષય ન કરવો અથવા (૨) આરાધનાનો ક્ષય ન કરવો... એ બે સિવાય ત્રીજું કોઈ પ્રયોજન જણાતું નથી. આમાંનું પ્રથમ પ્રયોજન તો સાબિત કરી જ આપે છે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય એ શાસ્ત્રકારોને માન્ય નથી. વળી, બીજું પ્રયોજન પણ આ જ સાબિત કરી આપે છે, કારણ કે 'પર્વતિથિની પણ ક્ષય-વૃદ્ધિ થાય આવું માનનાર બે તિથિ પક્ષ મુજબ તો જ્યારે લૌકિક પંચાંગમાં પૂનમનો ક્ષય આવે ત્યારે ૧૧ દિવસમાં જ ૧૨ તિથિની આરાધના થઈ જતી હોવાથી લીલોતરી ત્યાગ, ઉપવાસ આયંબિલ વગેરે તપ, બ્રહ્મચર્ય પાલન... ઈત્યાદિ આરાધનાઓનો એક દિવસ માટે ક્ષય થાય છે.

વળી, ચૌદસ-પૂનમ બે દિવસ કતલખાના બંધ રાખવા એવા પણ રાજાઓના ફરમાન રહેતા. ત્યાં પૂનમ કે અમાસનો ક્ષય હશે ત્યારે કતલખાનુ એક જ દિવસ બંધ હોવાથી બીજા દિવસે ઘણી કતલ થશે. અમારીપ્રવર્તનની આરાધનાનો ક્ષય થશે. (હવે વિચારણા નં.3)

(૩) ઢગલાબંધ માયાચાર...

ચિંટુ : ટુ પ્લસ ટુ બરાબર પાંચ કઈ રીતે થાય ?

પિંટુ : ચીટિંગ કરીને...

આનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે જે વાતને સાબિત કરવા માટે ચીટિંગ કરવું પડે - માયાચાર સેવવો પડે એ વાત ક્યારેય સાચી ન હોય શકે.

પ્રશ્ન : માયાચાર કયા પક્ષે કર્યો છે ? એક તિથિ પક્ષે કે બે તિથિ પક્ષે ?

ઉત્તર : બે તિથિ પક્ષે... સાંભળો...



Scanned with CamScanner

(૧) પરિશિષ્ટ (૩) માં 'વીરશાસન'ના અંકમાં સ્વ. પૂ. દાનસૂરિ મહારાજે જણાવેલું છેકે વિ. સં. ૧૯૫૨માં મોટાભાગના સંઘે ભા. સુ. ૬નો ક્ષય માનેલો હતો (કો'કે ભા. સુ. ૩નો ક્ષય કરેલો.) ભા. સુ. ૫નો તો કોઈએ નહીં. તેઓશ્રીના કાળધર્મ પછી અને નવો ફાંટો અલગ પડ્યા પછીના વિ. સં. ૧૯૯૩ના 'વીરશાસન' ના અંકમાં એવું જણાવ્યું છે કે વિ. સં. ૧૯૫૨માં શ્રી સંઘે ભા. સુ. ૫ નો ક્ષય કર્યો હતો. કેવું જુઠાણું !

(૨) વિ. સં. ૨૦૧૪માં શ્રી સંઘે પંચાંગ બદલ્યું એ વખતે જે ઠરાવ થયેલો એનું બે તિથિપક્ષના જ મેગેઝીન જૈન પ્રવચનમાં આવેલું લખાણ જુઓ (પરિશિષ્ટ-૭) અને વર્ષો બાદ વિ. સં. ૨૦૫૫ જેઠ સુ. ૧ના સન્માર્ગના અંકમાં આ. શ્રી કીર્તિયશસૂરિ મ. ના પ્રવચનનું પ્રતિબિંબ તરીકે એનું જે લખાણ છે તે પણ એ જ પરિશિષ્ટમાં જુઓ કે –

જન્મભૂમિ પંચાંગ અનુસારે તેમાં આવતી બધી તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત્ માન્ય રાખીને જ આરાધના કરવી. આ અંશ પોતાનો ઘુસાડેલો છે એ સ્પષ્ટ જોવા મળશે. શ્રી સંઘે ૨૦૧૪ સુધી ચંડાંશુચંડુ પંચાંગનો જે ઉપયોગ કર્યો હતો એના સ્થાને જન્મભૂમિ પંચાંગનો ઉપયોગ કરાવવાનું ઠેરવ્યું છે. શ્રી સંઘે ચંડું પંચાંગનો આ રીતે જ ઉપયોગ કર્યો હતો કે જ્યારે એમાં પર્વ તિથિની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરીને પર્વ તિથિને અખંડ રાખવી. તો જન્મભૂમિ પંચાંગનો પણ એ જ રીતે ઉપયોગ કરવાનો હોય એ સ્પષ્ટ છે, કારણ કે શ્રી સંઘે કરેલા ઠરાવમાં પંચાંગ બદલવા સિવાય બીજું કશું નથી. છતાં 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને યથાવત્ માન્ય રાખીને આરાધના કરવી" એ રીતે એ ઠરાવનો ઉલ્લેખ કરવો એ માયાચાર હોવો સ્પષ્ટ છે જ.

(૩) સામાન્યથી મહાત્માઓ વ્યાખ્યાનમાં મંગલાચરણ કરીને સંસ્કૃત શ્લોક બોલી એના પર વ્યાખ્યાન આપે ત્યારે સભા એમ જ સમજે છે કે આ કોઈ પ્રાચીન ગ્રંથના શ્લોક છે, શ્રી સંઘને માન્ય છે. પ્રાચીન-સર્વજ્ઞમૂલક કોઈ પણ શાસ્ત્રના આધાર વિનાના, પોતાની માન્યતાનું સમર્થન કરે એવા પોતે જ રચેલા શ્લોક બોલી (આ મારા રચેલા શ્લોકો છે, કોઈ પૂર્વ ગ્રંથના નથી એવો ખુલાસો કર્યા વગર) એના પર વ્યાખ્યાન આપી "આ પ્રાચીનગ્રંથના શ્લોકો છે. ને તેથી અમારી માન્યતા શાસ્ત્રમાન્ય છે" એવો આભાસ ઊભો કરવાનો પ્રયાસ એ માયાચાર નથી? જુઓ સન્માર્ગ અંક.

(જુઓ પરિશિષ્ટ ૮)

(૪) સન્માર્ગ અંક ૩૬૧ માં એક ઘટના વર્ણવેલી છે. શ્રી માણિભદ્ર દેવ દ્વારા શ્રી સીમંધર સ્વામી પાસેથી તિથિ અંગે કયો પક્ષ સાચો? એ અંગેનો પ્રશ્ન પૂછાવાયો છે. અને પ્રભુએ એનો જવાબ આપ્યો છે કે આ. શ્રી



Scanned with CamScanner

રામચંદ્રસૂરિ મ. નો (એટલે કે બે તિથિપક્ષનો) મત સાચો છે. (જુઓ પરિશિષ્ટ-૯)

ધારો કે સાચે સાચ આવી ઘટના બની હોય, તો (a) એ જ્યારે બની એ સાલનો કશો ઉલ્લેખ કેમ નથી? (આ ઘટના કોઈ નાની સૂની ઘટના નથી. કે એની સાલ ભૂલાઈ જાય.)

(b) એ ઘટના જે વર્ષે ઘટી એ વર્ષના શ્રી જૈન પ્રવચન વગેરે કશામાં એની નોંધ ન લેવાય એવું બને? ફરીથી યાદ રાખો કે આ તો બહુ મોટી જીતરૂપ ઘટના બનવાની હતી.

(c) ઉત્તર સાધકનું નામ કેમ નથી આપ્યું? આવા દિવ્ય પ્રયોગમાં ઉત્તરસાધક પણ સાત્ત્વિક જ હોય, ભાગી જાય એવો ડરપોક હોય ખરો? માણિભદ્રજી પ્રગટ થવાના છે એ એને ખબર ન હોય ને તેથી ડરી ગયો... આવું બને ખરું?

(d) પી. એલ. વૈદે આપેલા લવાદી ચૂકાદા કરતાં પણ શ્રી સીમંધર સ્વામીનું કથન તો કરોડોગણું વધારે વજનદાર ગણાય. તો પછી, એ પછીના એમનાં પંચાંગ વગેરેમાં

'શ્રી સીમંધરસ્વામી પાસેથી એવો નિર્ણય પણ આવી જ ગયો છે' આવા મતલબવાળો ઉલ્લેખ જોવા કેમ નહોતો મળતો? "લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય પણ આવી જ ગયો છે" આવા મતલબવાળો જ કેમ જોવા મળતો હતો?

બાળદીક્ષાના બોગસ ગેઝેટની જેમ ઉપજાવી કાઢેલી આ બધી હકીકતો સ્પષ્ટ કરે છે કે આ સાવ બોગસ વાતો છે. કેવો માયાચાર!

૨ + ૨ = ૪ આ સાચી વાતને સાબિત કરવા માટે માયાચારની ક્યારેય જરૂર નથી પડતી. બે તિથિ પક્ષે પોતાની માન્યતાને સાચી ઠેરવવા માટે આવા ઢગલો માયાચાર જે સેવ્યા છે, સેવવા પડે છે, એ જ સૂચવે છે કે એ માન્યતા ૨ + ૨ = ૫ ની જેમ ખોટી છે.

આપણે યાદ કરી લઈએ કે આ બધી વિચારણાઓ સત્ય તત્ત્વના નિર્ણય માટે છે, કોઈના પ્રત્યે દ્વેષ કરવા માટે નહીં.

પ્રશ્ન : શ્રી નવાંગી ગુરુપૂજન શાસ્ત્રવિહિત છે કે અશાસ્ત્રીય આનો નિર્ણય શી રીતે કરી શકાય?

ઉત્તર : નીચેની બાબતો પરથી

(૧) બે તિથિ પક્ષ એમ કહે છે કે तित्थयरसमो सूरी આચાર્ય ભગવંત શ્રી તીર્થંકર પ્રભુને સમાન છે. એટલે જો ભગવાનની નવાંગી પૂજા થાય છે તો ગુરુ

ભગવંતની કેમ નહીં ?

વાસ્તવિક્તા એવી છે કે આ तित्थयरसमो सूरी વચન જ સાબિત કરી આપે છે કે ગુરુભગવંતની નવાંગી ગુરુપૂજા થઈ ન શકે.

ભગવાન્ જ્યારે જીવંત વિચરતા હોય છે ત્યારે ૨૪માંથી એક પણ ભગવાન્‌ની ક્યારેય નવાંગી પૂજા થઈ નથી. એમની પ્રતિમાની જ થાય છે. (ગુરુભગવંતની પણ પ્રતિમાની કોઈ કરે એની ના નથી. જીવતા ગુરુની નવાંગીપૂજાની ના છે.)

દરેક ભગવાન શાસન સ્થાપના કરે છે ત્યારે ઇન્દ્રમહારાજા દિવ્યચૂર્ણના થાળ સાથે હાજર હોય છે. તેઓ મહાન્ અર્થ ગર્ભિત સ્તુતિઓથી પ્રભુની સ્તવના કરે છે, પણ નવ અંગે દિવ્ય ચૂર્ણથી પૂજા નથી કરતા.

શું ગુરુ ભગવંત, જગદ્‌ગુરુ એવા વિચરતા તીર્થંકર પ્રભુ કરતાં પણ વધારે મહાન્ છે કે ભગવાનની નવાંગે પૂજા નહીં, ને એમની ખરી ?

(૨) આપણા આગમોમાં પણ અનેક સ્થળે ગુરુપૂજા-ગુરુ પૂજન શબ્દ આવે છે... પણ એનું વિવરણ કરનાર ચૂર્ણિ-ટીકાગ્રંથોમાં બધે ગુરુપૂજાના અર્થ તરીકે, ગુરુ ભગવંતને ગોચરી-પાણી-ઔષધ-વસ્ત્ર-પાત્ર-વસતિ વગેરેના દાનની વાત આવે છે, ગુરુ-ભગવંતની સ્તુતિ પ્રશંસા વગેરે કરવાની વાત આવે છે પણ 'નવાંગે પૂજા કરવી' આવો અર્થ કોઈ જ શાસ્ત્રકારે કર્યો નથી. સ્પષ્ટ છે કે ગુરુપૂજા તરીકે નવાંગી પૂજા કોઈ જ શાસ્ત્રકારને માન્ય નથી.

(૩) શ્રી જિનેશ્વરસૂરિવિરચિત કથાકોષ ગ્રંથમાં શ્રી તીર્થંકર ભગવાન્‌ની પણ અંગ પૂજાનો નિષેધ કર્યો છે. તો બીજાઓ, માટે તો પ્રશ્ન જ ક્યાં છે ? તે પાઠ न य विज्जंताणं चरित्तीणं सिणाणाइपयट्टमिच्छियं वा, किंतु तब्बिंबाणं गिहीहि एस विही कायव्वो ।

અર્થ : વિધમાન ચારિત્રવાળા શ્રી તીર્થંકર દેવોની અભિષેક વગેરે પૂજા થતી નથી, કે માન્ય નથી. કિંતુ ગૃહસ્થોએ તેઓની પ્રતિમાની આ વિધિ (પૂજા) કરવી.

આમાં સ્પષ્ટ જણાવ્યું છે કે શ્રી તીર્થંકર ભગવાનની અભિષેક વગેરે અંગપૂજા ક્યારેય થઈ નથી કે માન્ય નથી.

આમાં 'કિંતુ વાસક્ષેપથી પૂજા કરવી' એમ ન કહ્યું, પણ 'કિંતુ તેઓની પ્રતિમાની આ પૂજા કરવી' એમ જે કહ્યું છે તે સ્પષ્ટ સૂચવે છે કે વિચરતા પ્રભુની અંગપૂજા માન્ય નથી, એમની પ્રતિમાની જ અંગપૂજા માન્ય છે. વળી શ્રી હરિભદ્રસૂરિ મહારાજના પૂજાષ્ટકમાં "ભાવકલ્પ કરતાં સ્થાપના કલ્પ જુદો હોય છે." આવું જે કહ્યું છે તે પણ સૂચવે છે કે અભિષેક વગેરે અંગપૂજા ભાવ તીર્થંકરની નહીં, પણ સ્થાપના તીર્થંકરની (પ્રતિમાજીની) જ માન્ય છે.



Scanned with CamScanner

(૪) શ્રીઆચારાંગ નિર્યુક્તિ અને એની ટીકાનો નીચે મુજબ પાઠ છે.

तित्थगराण भगवओ पवयणपावयणिअइसइड्ढीणं ।

अभिगमणणमणदरिसणकित्तणसंपूअणा थुणणा ।।३३३।।

टीका : तीर्थकृतां - भगवतां, प्रवचनस्य - द्वादशाङ्गस्य गणिपिटकस्य, तथा प्रावचनिनां - आचार्यादीनां युगप्रधानानां तथाऽतिशयिनामृद्धिमतां केवलिमनःपर्यायावधिमच्चर्तुदशपूर्वविदां, तथाऽऽमर्षौषध्यादिप्राप्तऋद्धीनां यदभिगमनं गत्वा च दर्शनं, गुणोत्कीर्तनं, संपूजनं गन्धादिना स्तोत्रैः स्तवनमित्यादिका दर्शनभावना, अनया हि दर्शनभावनयाऽनवरतं भाव्यमानया दर्शनविशुद्धिर्भवतीति ।।

ટીકાર્થ : તીર્થંકર ભગવંતો, પ્રવચન = દ્વાદશાંગ ગણિપિટક, પ્રાવચની = આચાર્ય ભગવંત વગેરે યુગપ્રધાન તથા અતિશયવાળા = ઋદ્ધિમાન્ એવા કેવલી-મન:પર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચતુર્દશ પૂર્વધર તેમ જ આમર્ષ ઔષધિ આદિ ઋદ્ધિવાળાઓની સામે જવું, જઈને દર્શન કરવા, ગુણનું કીર્તન કરવું, સુગંધી દ્રવ્યોથી પૂજન કરવું, સ્તોત્ર આદિથી સ્તવના કરવી... આ બધી દર્શનભાવનાની ક્રિયા છે. આ ભાવનાઓનું નિરંતર સેવન કરવાથી દર્શનની વિશુદ્ધિ થાય છે.

આ ગાથાના પૂર્વાર્ધમાં જે જે પૂજ્ય વિવક્ષિત છે એનો ઉલ્લેખ છે, અને ઉત્તરાર્ધમાં એમની જે જે પૂજા વિવક્ષિત છે એનો ઉલ્લેખ છે. પણ શ્રી તીર્થંકર ભગવાનની અંગપૂજાનો નિષેધ છે એ આપણે કહારયણકોશના પાઠ પરથી જોઈ ગયા છીએ. એટલે સ્પષ્ટ છે કે સુગંધીચૂર્ણથી પૂજાની જે વાત ઉત્તરાર્ધમાં છે એ એમને લાગુ પડતી નથી. અને એટલે જ એ આચાર્ય વગેરેને પણ લાગુ પડતી ન હોય એ સ્પષ્ટ જ છે. એ તો પ્રવચન = સર્વજ્ઞશાસ્ત્રો (મુદ્રિત કે લિખિત) છે તેને લાગુ પડે છે.

અને છતાં એક વાર આ પાઠ પરથી સુગંધીચૂર્ણથી અંગપૂજાને માની લઈએ તો પણ એ માત્ર શ્રી તીર્થંકરભગવંતોથી લઇને માત્ર યુગપ્રધાન જેઓ હોય એની જ સાબિત થાય છે. આજકાલના આચાર્ય ભગવંતોથી લઈને નૂતન દીક્ષિત સાધુ-સાધ્વીજી ભગવંતોની નહીં.

આ વાત સમજવા જેવી છે કે મૂળગાથામાં યુગપ્રધાનાનાં શબ્દ ન હોવા છતાં ટીકાકારે પોતે આ શબ્દ વિશેષણ રૂપે પ્રયોજ્યો છે. કારણ કે તેઓશ્રીના મનમાં સ્પષ્ટ છે કે - શ્રી તીર્થંકરપ્રભુ, કેવલી ભગવંતો વગેરેની હરોળમાં બેસી શકે એવા જ આચાર્યાદિની અહીં વાત છે. એટલે એ સિવાયના આચાર્યાદિની બાદબાકી કરી દેવા માટે એમણે યુગપ્રધાનાનાં આવું વિશેષણ મૂકી દીધું છે.

બે તિથિપક્ષ આ સમજતો જ હશે. પણ એમણે તો નૂતનદીક્ષિત સુધીના બધા જ ગુરુભગવંતોની વાસક્ષેપપૂજા સિદ્ધ કરવી છે. એ માટે બીજો કોઈ



Scanned with CamScanner

શાસ્ત્રપાઠ તો મળતો નથી. એટલે આ શાસ્ત્રપાઠમાંથી યુગપ્રધાનાનાં શબ્દ ઊડાડીને જ એ શબ્દ વિનાનો પાઠ પોતાની 'શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરુપૂજન' નામવાળી ચોપડીમાં આપ્યો. (જુઓ પરિશિષ્ટ-૧૦)

ધ્યાન રહે કે આ શરતચૂક નથી, કારણ કે ત્યાં એનો ગુજરાતીમાં અર્થ જે આપ્યો છે એમાં પણ 'યુગપ્રધાન' શબ્દનો અર્થ નથી, સંસ્કૃત અને ગુજરાતી બંનેમાંથી આ શબ્દ ઊડી જાય એને પ્રિન્ટિંગ મિસ્ટેક માત્ર મૂર્ખાઓ માની શકે, સુજ્ઞો નહીં.

જો આ શબ્દનો એમને વાંધો ન હોય તો તો આ પાઠ એમને કામનો છે જ નહીં, કારણ કે એમણે નૂતનદીક્ષિત સુધીના બધાની નવાંગી પૂજા જે સિદ્ધ કરવી છે તે ઉપર જણાવ્યા મુજબ આ પાઠથી સિદ્ધ થઇ શકતી જ નથી.

પણ શાસ્ત્રપાઠ સાથે પણ ચેડાં કરવાનો આવો માયાચાર જ નવાંગી ગુરુપૂજન શાસ્ત્રીય નથી એનું સૂચન કરી દે છે.

(૫) શ્રી ઇન્દ્રહંસગણીએ રચેલ ઉપદેશકલ્પવલ્લી ગ્રંથના બીજા પલ્લવની ૭મી ગાથા આ પ્રમાણે છે.

सुवर्णकुसुमैरंगपूजनं श्रीप्रसंगकृत
यतिलिंगं जनानां च तल्लोकोत्तरगुरुस्थितम् ।।

અર્થ : સાધુવેશને ધારણ કરનાર જેઓ સુવર્ણ-પુષ્પો વડે પોતાની અંગપૂજા કરાવે છે. શ્રી = (લક્ષ્મી અથવા સ્ત્રી)ના પ્રસંગ કરે (પોતાની પાસે પૈસા રાખે, પૈસા પર પોતાના અધિકાર રાખે, પૈસાનો બધો વહીવટ કરે, પાઠાંતરે સ્ત્રી સાથેના અનુચિત વ્યવહાર કરે) છે તેઓને ગુરુ માનવા એ લોકોત્તર મિથ્યાત્વ છે.

આ પાઠ તો નવાંગીગુરુપૂજા કરાવનાર સાધુ જ નથી એવું સ્પષ્ટ ઘોષિત કરે છે.

(૬) દ્વાદશાંગીના ચોથા આગમ શ્રી સમવાયાંગમાં (સમવાય - ૩૦માં) ત્રીશમહામોહનીયસ્થાનના વર્ણન પ્રસંગે ૩૪મી ગાથાનો ઉત્તરાર્ધ નીચે પ્રમાણે છે.

अण्णाणी जिणपूयट्ठी महामोहं पकुव्वई।।३४।।

નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજે આની ટીકામાં લખ્યું છે કે,

अज्ञानी जिनस्येव पूजामर्थयते यः स जिनपूजार्थी, गोशालकवत् ।
स महामोहं प्रकरोतीति...

અર્થ : ભગવાનની જેમ મારી પણ (અંગપૂજા) થાઓ એવું જે અજ્ઞાની ઇચ્છે છે તે જિનપૂજાર્થી છે. જેમકે ગોશાળો, આવો જીવ મહામોહને કરે



Scanned with CamScanner

છે.

આ પાઠ પણ બહુ સ્પષ્ટ છે.

પ્રશ્ન : કાલિકાળસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ. જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મ. વગેરેની પણ નવાંગીપૂજા થયાનો ઉલ્લેખ મળે છે. તો શું તેઓને ગુરુ માનવા એ મિથ્યાત્વ છે ? શું તેઓએ મહામોહ કર્યો હતો ?

ઉત્તર : તેઓએ પરિસ્થિતિવશાત્ દાક્ષિણ્યથી એ કરવા દેવી પડી છે. તેઓ એ ઇચ્છતા નહોતા. જો તેઓ ઇચ્છતા હોત, તો તેઓએ શ્રીકુમારપાળ મહારાજા વગેરે શ્રાવકોને એ કરવાનો ઉપદેશ આપ્યો જ હોત. પણ કોઇને આપ્યો નથી. જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મહારાજને તો સીધો શાસ્ત્રપાઠ જ પૂછાયો હતો. જો તેઓશ્રીએ આચારાંગ નિર્યુક્તિનો પાઠ યુગપ્રધાનાનાં શબ્દ ઉડાડીને આપી દીધો હોત, તો તો માની શકાત કે તેઓ નવાંગીપૂજા ઇચ્છતા હતા. પણ તેઓશ્રીએ એવું કર્યું નથી. ને માત્ર શ્રી હેમચંદ્રાચાર્યનું દૃષ્ટાંત આપ્યું છે. ને છતાં 'આ દૃષ્ટાંતના અનુસારે શ્રાવકોએ નવાંગીપૂજા કરવી જોઇએ' એમ કહ્યું હોત તો પણ માની શકાત કે તેઓશ્રી એ ઇચ્છતા હતા. પણ તેઓશ્રીએ એવું કહ્યું નથી ને માત્ર એ દૃષ્ટાંતને અનુસરીને કરાતી જોવા મળે છે. એમ કહીને પરિસ્થિતિ જણાવી છે.

પણ આજે એવું નથી. 'નવાંગીગુરુપૂજન કરવું જોઇએ' એ જોરશોરથી પ્રચારાય છે. એ માટે શાસ્ત્રપાઠ સાથે ચેડાં વગેરેરૂપ કેટલાય માયાચાર પણ થાય છે. અરે ! એ માટે કોર્ટમાં કેસ પણ થાય છે !

(૭) જગદ્ગુરુશ્રીહીરસૂરિ મ. ના હીરપ્રશ્નોત્તરાણિ ગ્રંથના ત્રીજા પ્રકાશના ત્રીજા નંબરના પ્રશ્ન અને ઉત્તર નીચે મુજબ છે.

प्रश्न ३ नाणकपूजा गुरोः क्वास्ति ? उत्तरम् – अत्र कुमारपालेन राज्ञा श्रीहेमाचार्याणां पूजा सुवर्णकमलैः प्रत्यहं क्रियते स्म इति कुमारपालप्रबन्धादौ प्रोक्तमस्ति, तदनुसारेण नाणकपूजाऽपि साम्प्रतं क्रियमाणा दृश्यते...

અર્થ : પ્રશ્ન ૩ – નાણાંથી ગુરુની પૂજા ક્યાં કહી છે ?

ઉત્તર : કુમારપાળ રાજા શ્રી હેમાચાર્યની સુવર્ણકમલથી હમેંશા પૂજા કરતા હતા. આ પ્રમાણે કુમારપાળ પ્રબંધ વગેરેમાં કહ્યું છે. તેને અનુસરીને વર્તમાન સમયે ગુરુની નાણાંથી પણ પૂજા કરાતી જોવા મળે છે...

આમાં, શ્રી હીરસૂરિમહારાજને ક્યાં = કયા શાસ્ત્રમાં કહી છે ? એ રીતે શાસ્ત્રપાઠ પૂછાયો છે. છતાં તેઓ શ્રીમદે કોઈ જ શાસ્ત્રપાઠ ન આપતાં માત્ર



Scanned with CamScanner

દૃષ્ટાંત આપ્યું છે. આનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે નાણાંથી ગુરુની પૂજા કરવાનો કોઈ શાસ્ત્રપાઠ છે નહીં, ઉપર કહેલો આચારાંગ નિર્યુક્તિનો પાઠ પણ તેઓશ્રીએ આપ્યો નથી. એટલે 'એ પાઠ ગુરુની અંગપૂજાને સિદ્ધ કરી આપે છે' એવું શ્રીહીરસૂરિમહારાજ માનતા નહોતા એ સ્પષ્ટ છે.

વળી અહીં સમજવા જેવું એ છે કે શ્રી હીરસૂરિમહારાજને નવાંગી ગુરુપૂજા જો માન્ય હોત તો તેઓશ્રીએ 'કુમારપાલરાજાએ કરેલી પૂજાને અનુસરીને અત્યારે પણ શ્રાવકોએ નવાંગીગુરુપૂજા કરવી જોઈએ' એમ કહ્યું હોત. પણ તેઓશ્રીએ એવું ન કહેતાં 'એ પૂજાને અનુસરીને અત્યારે કરાતી જોવા મળે છે' એમ કહ્યું છે. આનાથી સ્પષ્ટ સૂચન મળે છે કે શ્રાવકોના કર્તવ્ય તરીકે ગુરુપૂજન તેઓશ્રીને માન્ય નથી. છતાં કોઈ પણ અગમ્યકારણસર તેઓશ્રીએ એનો નિષેધ કર્યો નથી.

(૮) શ્રી રત્નશેખર સૂરિ મહારાજ વિરચિત શ્રી શ્રાદ્ધવિધિપ્રકરણ નામના ગ્રંથમાં શ્રાવકના કર્તવ્યોને દિનકૃત્ય, રાત્રીકૃત્ય, પર્વકૃત્ય, ચાતુર્માસિકકૃત્ય, વાર્ષિકકૃત્ય અને જન્મકૃત્ય... આ રીતે છ વિભાગ કરીને એનું વિસ્તૃત વર્ણન કર્યું છે. પણ પૈસાથી થતાં ગુરુપૂજનને આમાંના એક પણ કૃત્યમાં સ્થાન આપ્યું નથી. એટલે 'એવું ગુરુપૂજન શ્રાવકોનું કર્તવ્ય નથી' એવું ધ્વનિત કેમ ન થાય?

(૯) કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજની દૂરથી આવેલા પરદેશી શ્રાવકોએ સુવર્ણપુષ્પોથી પૂજા કરી. એ જોઇને શ્રી કુમારપાળરાજાએ પણ એવી પૂજા કરી.

આ પ્રસંગના સૂચિતાર્થો : શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ કે અન્ય પણ કોઈ ગુરુભગવંતે શ્રી કુમારપાળ રાજાને કે અન્ય કોઈને પણ 'સુવર્ણાદિથી ગુરુ પૂજા એ શ્રાવકનું કર્તવ્ય છે' આવો ઉપદેશ ક્યારેય આપ્યો નથી.

દીક્ષા, પ્રતિષ્ઠા, છરીપાલિત સંઘ વગેરે ઢગલાબંધ પ્રસંગો થતાં હોવા છતાં આખા ગુજરાતમાં કોઈ પણ શ્રાવક સુવર્ણપુષ્પ વગેરેથી ગુરુપૂજા કરતું નહોતું.

જો નવાંગી ગુરુપૂજા હિતકર કર્તવ્ય હોત તો શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે ગુરુભગવંતોએ એનો ઉપદેશ આપ્યો જ હોત ને એને અનુસરીને જ ગુજરાતમાં એ પ્રચલિત હોત... ને તો પછી કુમારપાળરાજાને પરદેશી શ્રાવકોનો પ્રસંગ બન્યો એ પૂર્વે જ એ જોવા મળી જ ગયું હોત.

(૧૦) 'ગુરુની નવાંગી પૂજા કરો તો જ આરાધના – એ વિના આરાધના નહીં' આવી જાણે કે પોતાની માન્યતા ન હોય, એ રીતે નવાંગીપૂજાનો ઝંડો લઈને નીકળી પડેલા બે તિથિ પક્ષને પણ માન્ય, અને એમના પણ પૂર્વજ એવા

શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ વગેરેએ પણ આનો સખત વિરોધ કરેલો. જુઓ આદર્શ ગચ્છાધિરાજ પુસ્તકમાં પૃ. ૩૬-૩૭ પરનું લખાણ. (વિ. સં. ૧૯૨૮માં બનેલા દીક્ષા પ્રસંગની આ વાત છે).

"અહીં આ પંન્યાસજી નવા પંન્યાસ થયા હતા. તેમણે દ્રવ્યપૂજાની નવી રીત ચલાવી. દીક્ષાર્થી બહેને પંન્યાસજીની રૂપૈયા વડે નવાંગી પૂજા કરી.

પૂ. બુટેરાયજી મહારાજ વગેરેએ તુરત આ નવી પ્રથાનો સખ્ત વિરોધ કર્યો. પૂ. નીતિવિજયજી મહારાજે ભાર દઈને જણાવ્યું કે આ દ્રવ્યપૂજા તે ચૈત્યવાસીના અનુકરણ રૂપે છે. યતિઓએ ચલાવેલી પ્રવૃત્તિ છે. આમાં મુનિપદનો ઉપહાસ છે. યતિઓએ દ્રવ્ય જોડવાની રીત ચલાવેલી છે. સંવેગી સાધુ અને તેની દ્રવ્યપૂજાનો મેળ મળતો જ નથી. શાસ્ત્રોમાં જિનપૂજા કહી છે. ગુરુભક્તિનું વિધાન છે. ગુરુપૂજાનું વિધાન નથી. કોઇ વિશેષ પ્રસંગને આગળ ધરીને અથવા ગુરુદ્રવ્ય વધારવાનું બહાનું બતાવી ગુરુપૂજા કરાવવી એ તો ચોખ્ખી માનલાલસા જ છે. કોઈ રાજા મહારાજા યુગપ્રધાનની પૂજા કરે એમ જણાવી ગઈકાલનો ગાંગો આજે ગણેશવિજય બની પાટે ચડી પોતાની પૂજા કરાવવા બેસે એ તો એક નાટક જ છે ના? સાધુ પોતાની દ્રવ્ય પૂજા કરાવે તે ભૂલ છે. આ કલ્પિત પ્રથાનો અંત લાવવો જોઈએ વગેરે...'

પૂ. ગુરુદેવ વગેરે આ રીતે દ્રવ્યપૂજાનો વિરોધ કરી ઊઠી શહેરમાં ચાલ્યા ગયા અને શેઠ દલપતભાઈના વંડામાં જઈ રહ્યા...''

આ લખાણમાં 'નવી રીત ચલાવી' આવું જે લખ્યું છે તે સૂચવે છે કે વિ. સં. ૧૯૨૮ના આ પ્રસંગ પૂર્વે રૂપિયાથી ગુરુની નવાંગીપૂજા થતી ન હતી.

પ્રશ્ન : સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂ.મ.સા., સ્વ. પૂ. આ. શ્રી . ભુવનભાનુ સૂ. મ. સા. વગેરેનું પણ નવાંગીગુરુપૂજન ક્યારેક થયું છે. આનાથી જ એ શાસ્ત્રીય હોવું સાબિત ન થઈ જાય ?

ઉત્તર : જેનું શાસ્ત્રીય વિધાન ન મળતું હોય એવા આવા દૃષ્ટાન્ત માત્ર પરથી કશાને શાસ્ત્રીય હોવું સાબિત કરી શકાતું નથી, એવું દ્વાદશાંગીના છઠ્ઠા અંગ-આગમ શ્રી જ્ઞાતાધર્મકથાના ૧૬મા અધ્યયનમાં કહ્યું છે.

વિ.સં. ૨૦૭૬ માગસરના કલ્યાણના અંકમાં 'ધર્મ નો મર્મ' કટારમાં સ્વ.આ.શ્રી રામચંદ્રસૂરિ મ. નું નિરૂપણ છે કે જિનાજ્ઞાના બે પાસાં છે : ધર્મનું વિધાન અને અધર્મનો નિષેધ. આનો અર્થ સ્પષ્ટ છે કે માત્ર દૃષ્ટાંત જિનાજ્ઞા (સિદ્ધાંત) બની શકે નહીં.

દૃષ્ટાન્તો તો કોઈ કારણવશાત્ બનતા હોય છે. એટલા માત્રથી એ સિદ્ધાંત બની જતા નથી. નહીંતર તો, નીચેના સિદ્ધાંતો માની લેવા પડશે -

શ્રાવકનું વાસણ આખું ખાલી થઈ જાય એ રીતે પણ સાધુએ વહોરી શકાય. કારણ કે મહાત્માએ સંગમ પાસેથી એ રીતે ખીર વહોરી હતી.

સાધુએ વેશ્યાને ત્યાં પણ ચાતુર્માસ કરી શકાય, કારણ કે શ્રી સ્થૂલિભદ્રજીએ ગુર્વાજ્ઞાથી કોશાવેશ્યાને ત્યાં ચાતુર્માસ કર્યું હતું.

જૈનાચાર્યે મહાદેવના મંદિરમાં જઈ શકાય અને ત્યાં સ્તુતિ કરી શકાય, કારણ કે કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે એવું કર્યું હતું.

આવી તો ઢગલાબંધ બાબતો બની છે. છતાં કશું જ શાસ્ત્રીય મનાતું નથી.

અરે! ખુદ સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજે બહુ દીર્ઘકાળ સુધી એક તિથિ મુજબ આરાધના કરી છે – તો એને શાસ્ત્રીય માનશો ને? બાકી સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂ. મ. સા. ના જીવનમાં દીક્ષા વગેરેના સેંકડો પ્રસંગો બન્યા હતા. નવાંગી ગુરુપૂજા તેઓને શાસ્ત્રીય તરીકે માન્ય હોત તો એ એકાદ–બે વાર જ થઈ એવું કેમ બને? હકીકત એ છે કે આ મહાત્માઓ એનો નિષેધ જ કરતા ને તેથી એ થતી નહોતી. ક્યારેક કોઈકના સખત આગ્રહવશ કરવા દેવી પડી હોય. સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સાહેબે સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મ.સા. સાથે નવાંગી ગુરુપૂજા અશાસ્ત્રીય છે, બ્રહ્મચર્યપાલન માટે જોખમરૂપ હોવાથી અનુચિત છે... આ વાતને સાબિત કરતો એક દીર્ઘપત્રવ્યવહાર શાસ્ત્રોના અને તર્કના આધારે કરેલો હતો જેનો જવાબ શ્રી રામચંદ્ર સૂરિ મહારાજ ખુદ આપી શક્યા ન હતા... બે તિથિ પક્ષ આ વાતને કેમ જાહેર કરતો નથી?

સ્વ.પૂ.આ. શ્રી ભુવનભાનુ સૂ.મ.સાહેબે – મુંબઈ શ્રીપાળનગરમાં પણ અનેકવાર નવાંગી ગુરૂપૂજનનો નિષેધ કર્યો હતો, એ વાત કેમ જાહેર કરતા નથી?

આ અને આવી બીજી પણ અનેક બાબતો પરથી એ નિઃશંક સ્પષ્ટ છે કે નવાંગીગુરુપૂજન શાસ્ત્રીય નથી, એની પરંપરા પણ બિનવિરોધ પણે ચાલી નથી કે અખંડપણે ચાલી નથી.

વળી, નવાંગી ગુરુપૂજનમાં મર્યાદાનો સરિયામ ભંગ છે. એ વાત નીચે મુજબ...

(૧) બ્રહ્મચર્યની ગુપ્તિનો ભંગ.. બહેનો પણ નવાંગીપૂજન કરવા આવે.. ને એમાં પણ ગુરુમહારાજના મસ્તકે વાસક્ષેપ કરવાનો આવે ત્યારે કેટલા નજીક આવવું પડે ? કેવી રીતે હાથ ઉંચો કરવો પડે?

(૨) ને એ વખતે જેમનું નવાંગીપૂજન થઇ રહ્યું છે એ સાધુમહારાજ શું કરે? આંખો ખુલ્લી રાખે કે બંધ કરી દે ? જો આંખો બંધ કરી દે તો એ સંયમપાલનનો પ્રમાદ બને, કારણ કે સ્ત્રી સંઘટ્ટો વગેરેને ટાળવામાં પોતાની કોઇ કાળજી ન રહી.

(૩) ને તેથી જો એ મહાત્મા આંખો ખુલ્લી રાખીને જોયા કરે તો શું જોવા મળે? અંગોપાંગ નીરખવાના ?

(૪) આ સિવાય પણ એક બાજુ બ્રહ્મચર્યના શુદ્ધ પાલન માટે (બહેનોને ૧૩ હાથ દૂર રહેવાનો આદેશ વગેરે) બ્રહ્મચર્યની ગુપ્તિઓનું વર્ણન ને બીજી બાજુ પોતાના સંયમ માટે બિલકુલ અનાવશ્યક આવી વિચિત્ર–બ્રહ્મચર્યની

વિરોધી પરિસ્થિતિ ઊભી કરવાની ?

૫) સાધુઓને સંયમના ચુસ્ત પાલનમાં સહાયકર્તા બનવું એ શ્રાવકોની ફરજ છે. નવાંગી ગુરુપૂજનના બહાને સાધુને કંચન/કામિની બન્નેના ગાઢ સંપર્કમાં આવવું પડે તે મર્યાદા ભંગરૂપ છે. નવવાડના પાલનમાં બાધક છે.

૬) આયંબિલ એ ઈન્દ્રિયો પર વિજય મેળવવાનો પ્રબળ ઉપાય છે. એ સહુ કોઈ જાણે છે. આયંબિલની વર્ધમાનતપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી ચુકેલા અને ઠેઠ આચાર્ય પદ સુધી પહોંચી ગયેલા બે તિથિ પક્ષના પૂ.આ.શ્રી પ્રભાકરસૂરિ મહારાજને પણ વિજાતીય તત્ત્વના પહેરવેશ વગેરે કારણે નવાંગી ગુરુપૂજન યોગ્ય લાગતું નહોતું. જુઓ ડીસેમ્બર ૧૯૯૮ના "શ્રી મહાવીરશાસન" ના અંકમાં પૃ. ૫૩૧.

પ્રશ્ન : વાચક પ્રવરશ્રી લાવણ્યવિજયજી મહારાજે દ્રવ્યસપ્તતિકા ગ્રંથની રચના કરી છે.તેમાં શ્રીહીરપ્રશ્નોત્તર ગ્રંથના આધારે ગુરુપૂજા વગેરેની વિચારણા કરી છે. ત્યારબાદ શ્રી જીવદેવસૂરિ મ., શ્રી શાંતિસૂરિ મ., શ્રી સુમતિસાધુ વગેરેની નાણાંથી થયેલા ગુરુપૂજાના દૃષ્ટાંતો આપ્યા છે. તથા બાળકના નામકરણ અવસરે સોના કે રૂપાના નવ સિક્કાથી ગુરુની નવાંગપૂજા કરીને આગળની વિધિ કરવાની જણાવેલ છે. આટલા અધિકાર પછી નીચે મુજબ જણાવ્યું છે.

गुरूपूजा सिद्धि : प्रश्नोत्तरसमुच्चय - आचारप्रदीप - आचार दिनकर - श्राद्धविध्याद्यनुसारेण, श्री जिनस्येव अंगाग्रपूजा सिद्धा :

અર્થ : ગુરુપૂજા સિદ્ધિ : આ રીતે પ્રશ્નોત્તર સમુચ્ચય, આચારપ્રદીપ, આચારદિનકર, શ્રાદ્ધ વિધિ વગેરે ગ્રંન્થોને અનુસારે શ્રી જિનની જેમ (ગુરુ)ની અંગાગ્રપૂજા સિદ્ધ થઈ. એટલે ગુરુની નવાંગી પૂજા અંગે માત્ર દૃષ્ટાંતો જ મળે છે એવું નથી, આ શાસ્ત્રપાઠ પણ છે જ ને ?

ઉત્તર : શાસ્ત્રવચનોનો ઉપર છલ્લો અર્થ કરીએ તો તો તમે જણાવ્યું એવું જ પ્રતીત થાય. પણ એ વચનોના રહસ્યાર્થ સુધી પહોંચીએ તો ગુરુની નવાંગીપૂજા શાસ્ત્રીય નથી એ પ્રતીત થયા વિના નહી રહે. તે આ રીતે –

(૧) ગ્રંથકારને જો ગુરુની અંગપૂજા અને અગ્રપૂજા એ બંને સ્વતંત્ર પૂજા તરીકે માન્ય હોત તો તેઓએ અંગાગ્રપૂજે સિદ્ધે... એમ દ્વિવચનનો પ્રયોગ કર્યો હોત. પણ તેઓશ્રીએ એકવચનનો પ્રયોગ કરીને સૂચવી દીધું છે કે આ બંને એક જ પૂજા છે, અલગ-અલગ નથી.

વળી એક જ પૂજા જો માનવાની છે તો અગ્ર પૂજા બિન વિવાદ સર્વમાન્ય હોવાથી એ જ માનવાની રહે છે. એટલે કે અગ્રપૂજા જે કરવામાં આવે છે. તેને જ અંગપૂજા તરીકે પણ માની લેવાની છે.

આ જ કારણ છે કે જગદ્ગુરુ શ્રી હીરસૂરિ મ. ને પૂછાયેલા પ્રશ્ન નંબર ૧૦, ૧૧ અને ૧૨ ના તેઓશ્રીએ આપેલા ભેગા જવાબમાં આ પૂજાનો ઉલ્લેખ



Scanned with CamScanner

અગ્રપૂજા તરીકે કરેલ છે. આશય એ છે કે આ ત્રણ પ્રશ્નો ક્રમશઃ (૧૦) ગુરુપૂજા – સંબંધી સુવર્ણાદિદ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે નહી? તથા (૧૧) પૂર્વે આવું પૂજાવિધાન હતું કે નહી? (૧૨) અને આ દ્રવ્ય શામાં વપરાય ? આ પ્રમાણે છે, આ પ્રશ્નોના તેઓશ્રીએ આપેલા ઉત્તરનો ટૂંકસાર આવો છે. (૧૦) આ ગુરુદ્રવ્ય નથી (૧૧) શ્રીકુમારપાળ મહારાજાએ શ્રી હેમચંદ્રાચાર્યની સુવર્ણકમલોથી પૂજા કરી હતી તથા (૧૨) "તને ધર્મલાભ" આ પ્રમાણે કહીને દૂરથી હાથ ઊંચો કરનાર શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિને વિક્રમરાજાએ કોટિ દ્રવ્ય આપ્યું. આ અગ્રપૂજા રૂપ દ્રવ્યનો તે વખતના શ્રી સંઘે જીર્ણોદ્ધારમાં ઉપયોગ કર્યો હતો એમ તેમના પ્રબંધ વગેરેમાં સંભળાય છે. આ વિષયમાં ઘણું કહેવા યોગ્ય છે, કેટલું લખીએ ? તમે પૂછેલા ત્રણ પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તરો છે.

આ ઉત્તરોમાં શ્રી હેમચંદ્રસૂરિ મ. અને શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મ. આ બંને મહાપુરુષોની નાણાંથી થયેલી પૂજાની વાત છે અને એ બંનેનું દ્રવ્ય કયાં ઉપયોગી બને? એના જવાબમાં અગ્રપૂજારૂપ દ્રવ્ય એમ કહીને આ અગ્રપૂજા હતી એમ સૂચવી દીધું છે.

શંકા : આ અગ્રપૂજા તરીકે જે ઉલ્લેખ છે એ તો શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિને જે કોટિ દ્રવ્ય રાજાએ આપ્યું એનો જ છે. શ્રી હેમચંદ્રસૂરિ મ. ની સુવર્ણાકમલોથી થયેલી પૂજાનો નહી. એટલે એ અંગપૂજા તરીકે સિદ્ધ નહીં થાય ?

સમાધાન : પૂછાયેલા ત્રણે પ્રશ્નો પર વિચાર કરીએ તો જણાશે છે કે પ્રશ્નોમાં કશો વિભાગ કરાયેલો નથી. માત્ર ગુરુપૂજાની જ વાત છે ને એમાં જ આ બંને દૃષ્ટાંતો અપાયેલા છે.

અને છતાં શ્રી હેમચંદ્રાચાર્ય ની થયેલી પૂજાને અગ્રપૂજા કરતાં અલગ પાડી દેશો તો એના સુવર્ણદ્રવ્યનો ઉપયોગ શેમાં થાય? એનો જવાબ શ્રી હીરસૂરિમહારાજે આપ્યો નથી, એવું ફલિત થવાથી એટલી તેઓશ્રીની ન્યૂનતા (કચાશ) કહેવાય જે યોગ્ય નથી.

બાકી, પહેલા દૃષ્ટાંતમાં અંગપૂજાની વાત છે, બીજા દૃષ્ટાંતમાં અગ્રપૂજાની વાત છે. આવો ભેદ તેઓશ્રીને અભિપ્રેત હોત, તો તેઓશ્રીએ એનો કંઇક ઉલ્લેખ તો કર્યો જ હોત. વળી અંગપૂજા દ્રવ્ય કયાં ઉપયોગી થાય? એ જણાવ્યા બાદ જ અગ્રપૂજાના દ્રવ્યના ઉપયોગની વાત કરી હોત.

તથા, અહીં જે જીર્ણોદ્ધાર શબ્દ છે એનો સામો પક્ષ દેરાસરનો જીર્ણોદ્ધાર એવો અર્થ કરીને આ દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય એવો અર્થ કરે છે. પણ, એમના કહેવા મુજબ આ જો માત્ર અગ્રપૂજા દ્રવ્યની જ વાત છે. તો અંગપૂજા દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય એવું તેઓ આ પાઠ પરથી કહી ન શકવાથી એને વૈયાવચ્ચમાં લઇ જવામાં એમને કોઇ વાંધો રહેવો ન જોઈએ.

શંકા : શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજના પ્રસંગમાં થયેલા



Scanned with CamScanner

ગુરુપૂજાના દ્રવ્યનો જીર્ણોદ્ધારમાં ઉપયોગ બતાવ્યો એના પરથી જ હેમચંદ્રાચાર્ય મ. ના પ્રસંગમાં થયેલી ગુરુપજાના દ્રવ્યનો પણ એ જ ઉપયોગ સમજી લેવાનો.

સમાધાન : અહીં બે વાત છે. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજના પ્રસંગમાં થયેલી ગુરુપૂજાને અગ્રપૂજા કહી છે ને એના દ્રવ્યનો જીર્ણોદ્ધારમાં ઉપયોગ બતાવ્યો છે. એના પરથી શ્રી હેમચંદ્રાચાર્યના પ્રસંગમાં થયેલી ગુરુપૂજાને અગ્રપૂજારૂપે નહી માનવાની (એને અલગ માનવની) પણ એના ઉપયોગ પરથી આનો ઉપયોગ પણ જીર્ણોદ્ધારમાં થાય એ માની લેવાનું. આ તો અધકચરો ન્યાય છે જે સજ્જનોને માન્ય હોતો નથી.

એટલે, જો દ્રવ્ય ઉપયોગની બાબતમાં જો બન્ને ગુરુપૂજા સમાન છે તો અગ્રપૂજારૂપે પણ બંને સમાન જ છે ને તેથી દ્રવ્યસપ્તતિકાના આ અધિકાર પરથી જે ગુરુપૂજાની સિદ્ધિ કરી દેખાડી છે તે અગ્રપૂજારૂપ ગુરુપૂજાની છે, એનાથી ભિન્ન એવી અંગપૂજારૂપ, ગુરુપૂજાની નહીં. તો નવાંગીપૂજાની તો ગંધ પણ ક્યાં ?

(૨) ગ્રંથકારે પ્રશ્નોત્તરસમુચ્ચય વગેરે જે ગ્રંથોના અનુસારે ગુરુપૂજાની સિદ્ધિ કરી દેખાડી છે એમાંના કોઈ જ ગ્રંથમાં ગુરુપૂજાના શાસ્ત્રીય વિધાન આપ્યા નથી. માત્ર દૃષ્ટાંત જ આપ્યા છે. એટલે ગુરુની નવાંગીપૂજા શાસ્ત્રીય છે, એ વાત આ અધિકાર પરથી સિદ્ધ થઈ શકતી નથી.

શંકા : આ પ્રશ્નોત્તર સમુચ્ચય વગેરે ગ્રંથોમાં આચાર દિનકર ગ્રંથનો પણ ઉલ્લેખ છે. એમાં તો ગુરુની નવાંગીપૂજાના ઘણાં શાસ્ત્રીય વિધાનો છે જ ને ?

સમાધાન : હા છે, પણ એ ગ્રંથમાં ગુરુશબ્દનો અર્થ નિર્ગ્રંથ સાધુઓ નથી, પણ જિતેન્દ્રિય એવા ગૃહસ્થગુરુ છે.

પ્રશ્ન : આવો નિર્ણય શાના આધારે ?

ઉત્તર : એ ગ્રંથના શબ્દોના આધારે, ગ્રંથકાર શ્રી વર્ધમાનસૂરિમહારાજે એ ગ્રંથના પ્રારંભે જ, ગૃહસ્થોને વ્રતોચ્ચાર સિવાયના ગર્ભાધાન વગેરે પંદર સંસ્કારો કરવાનો સાધુઓને નિષેધ કર્યો છે. આ નિષેધ જ એ સૂચવી દે છે કે જે ગુરુની નવાંગીપૂજા કરવાનું વિધાન એ ગ્રંથમાં છે તે ગુરુ પાંચ મહાવ્રતધારી સાધુ નથી, કારણ કે તે ગુરુને તો ગર્ભાધાન વગેરે દરેક સંસ્કારો કરવાના એ ગ્રંથમાં કહ્યા છે.

વળી એ ગ્રંથમાં ... ગુરુએ ગર્ભાધાન વિધિ કરવો, ગુરુ સ્નાત્ર જળ, તીર્થોદકના કુશાગ્ર બિંદુઓ, સગર્ભા સ્ત્રી પર છાંટે. સગર્ભા સ્ત્રી ગુરુને વસ્ત્ર, આભૂષણ, ધન વગેરેનું દાન કરે ; ગુરુને તાંબુલ સહિત વસ્ત્રની જોડ, આઠ સોનામહોરો, આઠ સોપારી આપવી.. ગુરુ ચંદનાદિકાષ્ઠ બાળીને ભસ્મ બનાવે વગેરે.. આવી ઘણી વાતો છે.

આ ગુરુ શબ્દનો અર્થ કદાગ્રહી સિવાય બીજું કોઈપણ "પાંચ



Scanned with CamScanner

મહાવ્રતધારી સાધુ" એવો કરે ખરા ?

એટલે આચારદિનકર ગ્રંથમાં પણ પાંચ મહાવ્રતધારી મહાત્માઓના નવાંગી ગુરુપૂજાનું કોઈ વિધાન નથી એ નિ:શંક છે. એટલે જ દ્રવ્ય સપ્તતિકાકારે પ્રસ્તુતમાં જે ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે એમાંના કોઈ જ ગ્રંથ પરથી ગુરુની નવાંગીપૂજા શાસ્ત્રીય હોવી સિદ્ધ થઇ શકતી નથી.

અને કેટલાક દૃષ્ટાંતો મળે છે એ વાત તો ઉભયપક્ષમાન્ય છે પણ એકલા દૃષ્ટાંતો પરથી સિદ્ધાન્ત તારવી શકાતા નથી.

દ્રૌપદીએ માત્ર પ્રણિપાતદંડક કરવારૂપ ચૈત્યવંદન કર્યું એના પરથી "આટલું જ ચૈત્યવંદન પણ કરી શકાય." આવો સિદ્ધાન્ત કોઈ તારવવા માગે તો શ્રી દ્વાદશાંગીના છઠ્ઠા અંગ શ્રી જ્ઞાતાધર્મકથાના બીજા ભાગમાં ૧૬માં અધ્યયનમાં એનો નિષેધ કર્યો છે. અને જણાવ્યું છે કે આ તો દ્રૌપદીના જીવનમાં શું બન્યું એને જણાવે છે. આવા ચરિત્રને જણાવનાર વચનો પરથી "આવું કરવું જોઇએ" એવો વિધિ કે "આવું ન કરવું" એવો નિષેધ સિદ્ધ થઈ શકતો નથી.

चरितानुवादविहितानि नोत्सर्गाभिधवधिवादस्य बाधकानि साधकानि वा भवंति (ચૈત્યવંદન ભાષ્ય – સંઘાચાર ટીકા પૃ.૧૩૪)

અર્થ : કથામાં આવતી વાતો ઔત્સર્ગિક વિધિવાદને નથી બાધિત કરી શકતી, નથી સાબિત કરી શકતી

આવી જ વાત ધર્મબિંદુ વગેરે ગ્રંથોમાં કરી છે. ખુદ સ્વ. આ શ્રી રામચંદ્રસૂરિ મહારાજે પણ ધર્મસ્વરૂપ દર્શન નામના પુસ્તકમાં જણાવ્યું છે કે <u>એમણે (પૂર્વ પુરુષોએ) જે કર્યું તેમાં કેમ કર્યું ? એ પ્રશ્ન જ અસ્થાને છે. એમનું એ જાણે. એમને ઠીક લાગે માટે કર્યું. જ્યાં વિધિની વાત ચાલે ત્યાં વિધિ બહારના દૃષ્ટાન્ત ન લેવા જોઈએ. વિધાનથી વિપરીત વર્તવા વિધિથી બહારના દૃષ્ટાન્તો રજુ કરવા એ મૂર્ખાઇ છે. (પૃ ૧૪૯)</u>

એટલે શ્રી હેમચંદ્રસૂરિમહારાજે અશાસ્ત્રીય એવી પણ સુવર્ણકમલોથી પૂજા કેમ કરવા દીધી ? શ્રી હીરસૂરિમહારાજે નવાંગી પૂજા કેમ કરવા દીધી ? એવા પ્રશ્ન જ અસ્થાને છે. આ. શ્રી કીર્તિયશસૂરિ મહારાજે પણ ધર્મસ્વરૂપ દર્શન પુસ્તકની વિસ્તૃત પ્રસ્તાવના તત્ત્વાવલોકનમાં પૃ. ૬૪ ઉપર જણાવ્યું છે કે – <u>જે વિધાન હોય તે જ સિદ્ધાંત કહેવાય. દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંતનો નિર્ણય કરવાની પ્રણાલી જૈન શાસનની નથી. દૃષ્ટાન્તોમાં આવતા પ્રસંગો ઉપરથી સિદ્ધાંતો કદી નક્કી ન કરાય.</u>

એટલે શ્રી હીરસૂરિ મ. વગેરેના જીવનમાં નવાંગી ગુરુપૂજાના દૃષ્ટાંત મળતા હોય એટલા માત્રથી "શ્રાવકે ગુરુની નવાંગી પૂજા કરવી જોઈએ". એવો સિદ્ધાંત બનાવી શકાતો નથી.

પ્રશ્ન : પણ દ્રવ્યસપ્તતિકામાં બાળકના નામ સ્થાપનાના અવસરે ગુરુની નવાંગીપૂજા વિધાન દર્શાવ્યું જ છે ને ?



Scanned with CamScanner

ઉત્તર : વર્તમાનમાં (નજીકના ભૂતકાળમાં) સંપાદન – સંશોધન ક્ષેત્રે જેમનું નામ નિર્વિવાદ પ્રથમ હરોળમાં હતું. એવા પૂજ્યપાદ શ્રી જંબૂ વિજયજી મહારાજે એક લેખમાં દ્રવ્યસપ્તતિકા ની હસ્ત લિખિત પ્રતો અને મુદ્રિત પ્રતો અંગે ઘણું લખ્યું છે. એમાં તેઓશ્રીએ લખ્યું છે કે જે પ્રકારની હસ્ત લિખિત પ્રતો પરથી મુદ્રિતપ્રત છપાયેલી છે એ હસ્ત લિખિત પ્રતોમાં શ્રીજીવદેવસૂરિ વગેરેની નાણાંથી થયેલી પૂજાના પ્રસંગો કે બાળકની નામ સ્થાપના અવસરે ગુરુની નવાંગી પૂજા કરવાનું વિધાન.. આમાંનું કશું નથી. પણ મુદ્રિત પુસ્તકમાં એ છે. વળી ગ્રંથકારને પ્રાચીન કોઈ શાસ્ત્રપાઠ મળ્યો નથી. માત્ર દૃષ્ટાંત મળ્યા છે. પ્રાચીનગ્રંથ આચાર દિનકર કે જેને પોતે સ્વયં અનુસર્યા છે એમાં આ જ સંસ્કારમાં ગૃહસ્થગુરુનું નવાંગી ગુરુપૂજન કહ્યું છે.પણ પાંચ મહાવ્રતધારી સાધુનું નહી અને સ્વયં પણ અંગાગ્રપૂજા સિદ્ધા એમ એકવચનનો પ્રયોગ કરીને અંગપૂજા અગ્રપૂજાથી અલગ ન હોવાનું ઉપર જણાવ્યા મુજબ સૂચન કર્યું છે. આ બધા સંદર્ભોનો વિચાર કરવામાં આવે તો દ્રવ્યસપ્તતિકાના માત્ર આ એક વિધાન પરથી નવાંગી ગુરુપૂજાને શાસ્ત્ર વિહિત માનવા માટે કોઈપણ સુજ્ઞ તૈયાર થાય ખરો ? એ સહુએ કદાગ્રહ મુક્ત થઈને વિચારવું જરૂરી છે.

એટલે જ, આવું વિધાન વાકય વિદ્યમાન હોવા છતાં, નામ સ્થાપના અવસરે કે એ વિના પણ નવાંગી ગુરુપૂજાની પરંપરા ચાલી નથી, ને ક્યાંક કોકે એ ચલાવવાનો પ્રયાસ કર્યો, તો પૂ.બુટેરાયજી મહારાજ, મૂળચંદજી મહારાજ વગેરે અનેક સંવિગ્ન મહાત્માઓએ એનો વિરોધ કર્યો છે.

પ્રશ્ન : પ્રતિષ્ઠા વિધિમાં તો નવાંગી પૂજાનું વિધાન છે જ ને ?

ઉત્તર : છે, પણ સમજવા જેવી વાત એ છે કે દ્રવ્યસપ્તતિકાકારે, જેમાં શાસ્ત્રીય વિધાન એક પણ નથી એવા પ્રશ્નોત્તરસમુચ્ચય વગેરે ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે, પણ પ્રતિષ્ઠા વિધિનો ઉલ્લેખ કર્યો નથી.

જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિ મ. ને શાસ્ત્રપાઠ પૂછાયો ત્યારે તેઓશ્રીએ પણ પ્રતિષ્ઠા વિધિનો કોઈ પાઠ આપ્યો નથી, માત્ર દૃષ્ટાંત આપ્યું છે. જો પ્રતિષ્ઠા વિધિકલ્પમાં આનું વિધાન હોત તો દ્રવ્યસપ્તતિકાકારે અને જગદ્‌ગુરુએ એનો ઉલ્લેખ કર્યો જ હોત.

એટલે જણાય છે કે આ મહાપુરુષોના કાળમાં પ્રતિષ્ઠાવિધિ કલ્પમાં નવાંગી ગુરુપૂજનનું વિધાન નહોતું. વળી સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મ. વગેરેના ગ્રંથોમાં પણ પ્રતિષ્ઠા વિધિનું નિરૂપણ છે. પણ ક્યાંય નવાંગીગુરુપૂજાનું વિધાન છે નહીં.

એટલે જણાય છે કે પાછળથી આવું વિધાન કોઈકે ઘુસાડયું છે. પૂ.બુટેરાયજી મ. અને પૂ. મૂળચંદજી મ. ના પ્રસંગમાં આ યતિઓએ ચલાવેલી પ્રવૃત્તિરૂપ છે એવું કહેવાયેલું જ છે. કલ્યાણકલિકા વગેરેના સંપાદક પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે એની પ્રસ્તાવનામાં આ સ્પષ્ટ કર્યું છે કે યતિશ્રી



Scanned with CamScanner

કાંતિસાગરજી આડંબર પ્રિય હતા અને તેઓએ પ્રાચીન વિધિઓમાં ન મળતી હોય એવી કેટલીય અનાવશ્યક વાતો પોતાની ઉમેરી છે. વગેરે.

**શાસ્ત્રપાઠમાં ઘાલમેલ...**

"રાજનગરના જિનાલયો" (લે. જિતેન્દ્ર શાહ, ચંદ્રકાંત કડિયા) પુસ્તક ની પ્રથમ આવૃત્તિના પૃ.૧૮૮ ઉપર એવો ઉલ્લેખ છે કે સિરોહીના અગ્રણી શ્રાવક તેજપાલે નવાંગી ગુરુપૂજા કરી હતી. આ અંગે પૃચ્છા થતાં એના લેખક શ્રી જિતેન્દ્ર શાહે તા.૧૯.૦૭.૨૦૧૯ના રોજ આવા મતલબનો એક ખુલાસો બહાર પાડ્યો કે "અમે તો જૈન પરંપરાનો ઈતિહાસ ભા.૩, પૃ ૫૧૮ના આધારે" આનો ઉલ્લેખ કરેલો હતો. પણ પછી આ પ્રસંગ મૂળ જે ગ્રંથમાં છે તે કુમતાહિવિષજાંગુલી (હિતોપદેશ) ની ગ્રંથ રચના બાદ પાંચ જ વર્ષે લખાયેલ પ્રાચીન બે હસ્તલિખિત પ્રતિઓ અમદાવાદ પગથીયાના ઉપાશ્રયના ભંડારમાં છે. તે બે માંથી એકેયમાં નવાંગી ગુરુપૂજાનો ઉલ્લેખ નથી. એ જ રીતે પાટણ, એલ.ડી. ઇન્સ્ટીટ્યુટ-અમદાવાદ, વડોદરા, ભાવનગરના હસ્તપ્રત સંગ્રહમાંની હસ્તપ્રતમાં પણ એનો કશો ઉલ્લેખ નથી એટલે પાછળ થી નકલ કરાયેલી હસ્તલિખિત પ્રતમાં આ વાત ઉમેરી દેવામાં આવી હોય એવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

દ્રવ્યસપ્તતિકા ગ્રંથ માટે પૂ. જંબૂવિજય મહારાજે પણ એક લેખમાં આવી જ કંઈક શંકા વ્યક્ત કરી છે. શ્રી રત્નશેખરસૂરિ મહારાજે રચેલ સિરિસિરિવાલ કહામા નવાંગી ગુરુપુજન ની કશી વાત ન હોવા છતાં પાછળથી મુનિ જયકીર્તિ રચિત શ્રીપાળચરિત્ર માં એ વાત જોવા મળે છે.

એમ આ. શ્રી જિનકીર્તિસૂરિ વિરચિત ધન્યચરિત્ર કે જેનું નામ "દાનકલ્પદ્રુમ" છે તેમાં શ્રી સોમિલઋષિના નવાંગી પૂજન ની કોઈ જ વાત ન હોવા છતાં, પાછળ થી શ્રી જ્ઞાનસાગરગણિ શિષ્ય રચિત ધન્ય ચરિત્રમાં તે જોવા મળે છે.

**નવાંગી ગુરુપૂજાનું સમર્થન કરવા શું શું કરાયું હશે ?**

ટૂંકમાં, આગમ સહિતના પ્રાચીનગ્રંથોમાં ઠેર ઠેર ગુરુપૂજાની વાત આવતી હોવા છતાં ક્યાંય નવાંગી ગુરુપૂજાની વાત નથી અને કાળે કાળે એનો વિરોધ થયા જ કર્યો છે. તેથી પાછળના કોઈક કોઈક ગ્રંથમાં એનાં દૃષ્ટાન્ત કે વિધાન જોવા મળે એટલા માત્રથી એ શાસ્ત્રીય બની શકતું નથી.

ગુરુના એક અંગે - અંગૂઠે પૂજન પણ શાસ્ત્રીય નથી જ. એટલે જ ઘણું ખરું મહાત્માઓ એ ટાળતા જ હોય છે. સ્વગુરુની પાદુકા વગેરેનું કરાવી લેતા હોય છે. ક્યારેક ગૃહસ્થની સખત જીદ હોય તો નવાંગી પૂજન જેવો મર્યાદાભંગ - બ્રહ્મચર્યગુપ્તિભંગ કે વિરોધ એમાં ન હોવાથી દાક્ષિણ્યથી એક અંગૂઠે પૂજન કરવા દેતા હોય છે. છતાં એને શાસ્ત્રીય સાબિત કરવા માટે કોઈ જ કાવાદાવા કરતા નથી એ પણ ભૂલવા જેવું નથી.

આ અંગે બે તિથિપક્ષ સામાન્યથી જે પ્રશ્નો ઊઠાવ્યા કરતો હોય છે એ

બધાના સમાધાનો મેળવવા માટે પૂ.આ.શ્રી અભયશેખરસૂરિ મ.સા. ના 'નવાંગીગુરુપૂજન – પ્રશ્નોત્તરી' નામના પુસ્તકનો સઘન અભ્યાસ કરવા ખાસ પ્રેરણા છે.

અહીં એ બધું લખવાની જરૂર નથી, કારણ કે જેના સંતોષપ્રદ જવાબ અપાઈ ગયા હોય એ પ્રશ્નોને વારંવાર પૂછ્યા કરવાની બે તિથિપક્ષની આદત છે. એટલે હવે વધારે વિસ્તારથી સર્યું.

આપણે એ ભૂલવાનું નથી કે આ બધી વિચારણાઓ કોઈના પ્રત્યે દ્વેષ કરવા માટે નથી, પણ સત્યતત્ત્વનો નિર્ણય કરવા માટે છે.

**પ્રશ્ન : ભગવાન્ પાસે મોક્ષ સિવાય કશું પણ માગી શકાય ખરું ?**

**ઉત્તર : કોઈ ભ્રાંત વ્યક્તિએ આપણાને ઉંધું ભરમાવી દીધું હોય એના આધારે આ પ્રશ્નનો જવાબ જોઈએ છે કે શાસ્ત્રવચનોના આધારે? જો શાસ્ત્રવચનોના આધારે જોઈતો હોય તો, શ્રી જયવીયરાય સૂત્રમાં જે માગણીઓ કરી છે, એમાંથી ઈટ્ઠફળસિદ્ધી પદથી પ્રભુ પાસે શું માગવામાં આવે છે ? એ અંગે**

**(૧) શ્રી વૃંદારુવૃત્તિમાં આ પ્રમાણે જણાવ્યું છે –**

''इष्टफलसिद्धिः- ऐहिकार्थनिष्पत्तिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति''

**અર્થ : 'ઈષ્ટફળસિદ્ધિ એટલે ઐહિક પદાર્થની પ્રાપ્તિ, જેનાથી ઉપગૃહીત (લાભાન્વિત) થનારાનું ચિત્ત સ્વસ્થ થાય.'**

**અન્યત્ર ગ્રંથોમાં પણ આ જ વાત નીચે મુજબ કરી છે. (૨) આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મ.સા. "લલિત વિસ્તરા"**

तथा इष्टफलसिद्धिः अविरोधिफलनिष्पत्तिः । अतो हि इच्छाविघाताभावेन सौमनस्यम्, ततः उपादेयादरः। न त्वयमन्यत्रानिवृत्तौत्सुकस्येति । अयमपि विद्वज्जनप्रवादः इष्टफलसिद्धिस्तु इहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति ।

**અર્થ : તથા ઇષ્ટફળસિદ્ધિ એટલે (જે ઉપાદેય ધર્મમાં પ્રવૃત્તિ કરવી છે એને) વિરુદ્ધ નહિ એવી વસ્તુની પ્રાપ્તિ, કારણ કે એ પ્રાપ્તિથી (ઇષ્ટની) ઇચ્છાનો વિઘાત અર્થાત્ (અપૂર્તિ) નથી રહેતી. એટલે પૂર્તિ થવાને લીધે, સુમનસ્કતા (ચિત્તની સ્વસ્થતા) થાય છે. તેથી ઉપાદેય (ધર્મ)માં અવ્યાકૂળ પ્રયત્ન થાય છે. કિન્તુ આ ઉપાદેયનો અવ્યાકૂળ પ્રયત્ન બીજી જગ્યાએ અર્થાત્ ઇષ્ટમાં ઉત્સુકતા ન મટી હોય એવા પુરુષને થતો નથી. ( આ એક વ્યાખ્યા, હવે બીજી વ્યાખ્યા) આ પણ વિદ્વાન પુરુષોની વ્યાખ્યા છે, કે ઇષ્ટફળ સિદ્ધિ તો ઇહલૌકિક સંબંધી (લેવાની). તેનાથી ઉપકૃત (મનુષ્ય)ને ચિત્તની સ્વસ્થતા થાય છે.**

(૩) નવાંગી ટીકાકાર આ.શ્રી અભયદેવસૂરિ મ.સા. 'પંચાશક' ની ૪ –૩૩
इष्टफलसिद्धिः अभिमतार्थनिष्पत्तिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, ततश्च धर्मे प्रवृत्तिः स्यादिति ।

અર્થ : ઇષ્ટફળસિદ્ધિ એટલે ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ જેનાથી ઉપકૃત થયેલા જીવને ચિત્તની સ્વસ્થતા થાય છે, અને પછી ધર્મમાં પ્રવૃત્તિ થાય.

(૪) કલિકાલ સર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. 'શ્રી યોગશાસ્ત્ર' (૩–૧૨૪)
तथा इष्टफलसिद्धिः अभिमतार्थनिष्पत्तिः ऐहलोकिकी ययोपगृहीतस्यं चितस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः।

અર્થ : તથા ઇષ્ટફળસિદ્ધિ એટલે ઇચ્છિત (વસ્તુ)ની નિષ્પત્તિ (પ્રાપ્તિ), જે આ લોકસંબંધી હોય છે, જેનાથી ઉપકૃત થયેલા (જીવ) ને ચિત્તની સ્વસ્થતા થાય છે, અને એના લીધે ઉપાદેય (ધર્મ)માં પ્રવૃત્તિ થાય છે. (આમાં ય સ્પષ્ટ આ લોકની વસ્તુ માંગી)

(૫) કર્મગ્રન્થાદિ રચયિતા આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મ.સા. "શ્રાદ્ધદિનકૃત્ય" (પૃ.૭૫)
"इष्टफलसिद्धिः" ऐहिकार्थनिष्पत्तिः ययोपगृहीस्य चित्तस्वास्थ्यं भवति ।

અર્થ : ઇષ્ટફળસિદ્ધિ એટલે આ લોક સંબંધી પદાર્થની નિષ્પત્તિ, જેનાથી અનુગૃહીત (જીવ)ને ચિત્તની સ્વસ્થતા થાય છે. (આમાં ય સ્પષ્ટપણે આ લોકની વસ્તુ માગી)

(૬) મહોપાધ્યાય શ્રીમાનવિજયજી રચિત ધર્મસંગ્રહ (પૃ–૧૬૩)
"तथा इष्टफलसिद्धिः अभिमतार्थनिष्पत्तिः इहलौकिकी, ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः"

અર્થ : (૪) યોગશાસ્ત્ર મુજબ

(૭) અરે! પ્રશ્નોત્તર ચિંતામણી ગ્રંથમાં તો સ્પષ્ટ પ્રશ્નોત્તર છે કે – प्र. : जयवीयरायमध्ये 'इष्टफलसिद्धि' इति वाक्येन किं मुक्तिफलं मार्गितं वाऽन्यदिति ?
उ.: वृन्दारूवृत्त्याद्यनुसारेण ज्ञायते धर्मानुष्ठानाचरणनिर्विघ्नहेतुभूतमिहलोकनिर्वाहकरं द्रव्यादिसुखं मार्गितमिति ।।

અર્થ – પ્ર. જયવીયરાયસૂત્રમાં 'ઈષ્ટફલસિદ્ધિ' એ વાક્યથી શું મોક્ષની માગણી કરી છે કે બીજી કોઇ વસ્તુની ? ઉત્તર: વૃન્દારુવૃત્તિ વગેરેને અનુસરીને જણાય છે કે ધર્માનુષ્ઠાનનું આચરણ નિર્વિઘ્નપણે થઈ શકે એમાં કારણભૂત આ લોકમાં નિર્વાહ કરી આપે એવું દ્રવ્યાદિ – પૈસા વગેરેનું સુખ

માગ્યું છે.

વળી, એવી આવશ્યકતા હોય તો ભગવાન્ પાસે બાયડી પણ માગી શકાય એવું ખુદ સ્વ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. પણ કહી ગયા છે. (જુઓ પરિશિષ્ટ–૧૧)

સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. પણ આવું જ કહેતા હતા કે – જે આવશ્યક ચીજ મળી ન હોવાના કારણે ચિત્ત અસ્વસ્થ રહેતું હોય, ને જે પ્રભુકૃપાએ મળી જવાથી ચિત્ત સ્વસ્થ બની જવાના કારણે જીવ ધર્મમાં સારી રીતે જોડાઈ શકે... આવી જ ચીજ ઈટ્ઠફળસિદ્ધી પદથી પ્રભુ પાસે માગવામાં આવી છે.

તથા, સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મહારાજ અને સ્વ. પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મહારાજ વચ્ચે આ અંગેની ઘણી વિચારણા બાદ જે સમાધાનપટ્ટક થયો એ પણ આ જ વાતનું સમર્થન કરે છે (જુઓ પરિશિષ્ટ – ૧૨)

આ બધી વિચારણા પરથી સ્પષ્ટ છે કે જયવીયરાયસૂત્રમાં રહેલ ઈટ્ઠફલસિદ્ધી પદથી મોક્ષ નહીં, પણ આવશ્યક એવી ભૌતિક ચીજ માગવામાં આવેલ છે.

આ વિષયમાં પણ બેતિથિ પક્ષ દ્વારા જે કાંઈ કુતર્કો કે પ્રશ્નો ઊઠાવવામાં આવે છે તેના સંતોષપ્રદ સમાધાન માટે તત્ત્વાવલોકન સમીક્ષા અને તત્ત્વનિર્ણય... વગેરે પુસ્તકોને અવગાહવાની ખાસ વિનંતી છે અને એના દ્વારા સમ્યક્ત્વને અજવાળવાની તથા દ્વેષને ટાળવાની ખાસ વિનંતી છે.

પ્રશ્ન : દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે ?

ઉત્તર : શાસ્ત્રોમાં એનો નિષેધ તો નથી જ, પણ એ થઈ શકે એવું જણાવનાર ઢગલાબંધ પાઠો છે. જેમ કે શ્રાદ્ધવિધિ ગ્રંથમાં (પૃ. ૩૪) કહ્યું છે કે सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमारचन – महापूजा – सत्कारसम्भवः ।

અર્થ : દેવદ્રવ્ય હોય તો રોજ ચૈત્યસમારચન (સમારકામ –જીર્ણોદ્ધાર) મહાપૂજા – સત્કાર વગેરે શક્ય બને. આવું જ અન્ય અનેક ગ્રંથોમાં કહ્યું છે.

(૨) શ્રાદ્ધ દિન કૃત્ય

सति हि देवद्रव्ये प्रत्यहं जिनायतने पूजासत्कारसंभव :।

અર્થ : દેવદ્રવ્ય હોય તો પ્રતિદિન દેરાસરમાં ભગવાનની પૂજા સત્કાર થઈ શકે.

(૩) ધર્મ સંગ્રહ (પૃ.૧૪૭)

सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमारचनपूजासत्कारसंभवः ।



Scanned with CamScanner

અર્થ : દેવદ્રવ્ય હોય તો દરરોજ ચૈત્ય સમારચન (સમારકામ) પૂજા સત્કારનો સંભવ છે.

(૪) દ્રવ્ય સપ્તતિકા (પૃ-.૨૫)

सति देवादिद्रव्ये प्रत्यहं चैत्यादिसमारचनमहापूजासत्कारसन्मानावष्टंभादिसंभवात्।

અર્થ : દેવદ્રવ્ય હોય તો દરરોજ ચૈત્ય સમારચન (સમારકામ) સત્કાર-સન્માનાદિને અવષ્ટંભ (પુષ્ટિ) મળવા સંભવિત છે.

(૫) દ્રવ્ય સપ્તતિકા

चैत्यादिद्रव्यविनाशे विवक्षितपूजादिलोपः, ततः तद्धेतुकप्रमोदप्रभावनाप्रवचनवृद्धेरभावः ततो वर्धमानगुणशुद्धे रोधः , ततः मोक्षमार्गव्याघातः, ततो मोक्षव्याघात :।

અર્થ : ચૈત્યદ્રવ્યનો વિનાશ કરવામાં આવે તો વિવક્ષિત પૂજા વગેરે બંધ પડી જાય. તે બંધ પડવાથી તેના નિમિત્તે થનાર પ્રમોદ, (શાસન) પ્રભાવના, પ્રવચન વૃદ્ધિ વગેરે અટકી જાય. એ અટકવાથી જે ગુણોની શુદ્ધિ વધવાની હતી તે રુંધાઈ જાય છે. એ રુંધાવાથી મોક્ષમાર્ગનો વ્યાઘાત દ્વારા મોક્ષપ્રાપ્તિનો વ્યાઘાત થાય છે.

(૬) વસુદેવહિંડી પ્રથમ ખંડ

जेण चेइयदव्वं विणासिअं तेण जिणबिंबपूआदंसणआणंदितहिययाणं भवसिध्धियाणं सम्मदंसण -सुअ – ओहि-मणपज्जव - केवलनाण-निव्वाणलाभा पडिरूद्धा ।

અર્થ : જે ચૈત્યદ્રવ્યનો નાશ કરે છે તે જિન પ્રતિમાની પૂજાનો નાશ કરે છે અને તેથી તે પૂજા જોઈને આનંદિત થનાર ભવ્ય જીવોને થનાર સમ્યગ્દર્શન્ શ્રુત-અવધિ-મન :પર્યવ-કેવળજ્ઞાન અને યાવત્ મોક્ષ ની પ્રાપ્તિને રુંધે છે.

(૭) 'દર્શનશુદ્ધિપ્રકરણ' ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે - तथा तेन पूजा-महोत्सवादिषु श्रावकैः क्रियमाणेषु ज्ञानदर्शनचारित्रगुणाश्च दीप्यन्ते ।

અર્થ : તથા તેના વડે (દેવદ્રવ્ય વડે) શ્રાવકો દ્વારા કરાતાં પૂજા-મહોત્સવ વગેરેથી જ્ઞાન-દર્શન-ચારિત્રગુણો દીપી ઊઠે છે.

જેમ દેવદ્રવ્યથી સાધુ-સાધ્વીજી મ. ની વૈયાવચ્ચ થઈ શકતી નથી, તો, 'જો દેવદ્રવ્ય હોય તો સાધુ-સાધ્વીજી મ. ની વૈયાવચ્ચ સારી રીતે થઈ શકે' આવું વાક્ય ક્યાંય શાસ્ત્રમાં મળતું નથી, એમ જો દેવદ્રવ્યથી પ્રભુપૂજા થઈ શકતી ન હોય તો ઉપરની વાતો શાસ્ત્રોમાં ક્યાંય જોવા મળત જ નહીં. પણ એ ઠેરઠેર જોવા મળે છે. માટે અસંદિગ્ધપણે એ વાત શાસ્ત્રીય છે, કે દેવદ્રવ્યથી જિનપૂજા થઈ શકે છે.

ખુદ સ્વ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. વર્ષો પૂર્વે વિચારસમીક્ષા નામના પુસ્તકમાં આ પ્રમાણે લખી ચૂક્યા છે કે - <u>શ્રી જિનેશ્વર દેવના સ્થાપના</u>



Scanned with CamScanner

**નિક્ષેપાને (મૂર્તિને) માનનારને જિનચૈત્યની, તેની પૂજાની, તે માટે જરૂરી ઉપકરણોની અને તેમાં ખામી ન આવે તે ખાતર દેવદ્રવ્યની વૃદ્ધિની અને તેના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.**

ઘણા સંઘોમાં કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા માટે માસિક કે વાર્ષિક નકરા કે ચઢાવા થતાં હોય છે. જે ભાગ્યશાળી ૨૫/૫૦ હજાર વગેરેમાં લાભ લઈ એ રકમ સંઘને આપે છે. આ રકમ દેવદ્રવ્ય છે એ સ્પષ્ટ છે, કારણ કે (૧) તે શ્રાવક પ્રભુ પ્રત્યેની ભક્તિથી જ આ રકમ આપે છે અને (૨) એમાંથી બીજો કોઈ ખર્ચ થઈ શકતો નથી. એટલે એ રકમથી આવેલ કેસર-સુખડ વગેરે પણ દેવદ્રવ્ય જ છે. ને છતાં એનાથી પૂજા લગભગ દરેક સંઘોમાં થાય છે.

પ્રશ્ન : આ તો સંકલ્પિત દેવદ્રવ્ય છે ને ? એનાથી પૂજાનો વાંધો નથી.

સંકલ્પિત દેવદ્રવ્ય વગેરેની વાતો ટાઢા પહોરના ગપ્પાં છે, કારણ કે શાસ્ત્રોમાં દેવદ્રવ્યનો આવો ભેદ ક્યાંય દર્શાવ્યો નથી.

પ્રશ્ન : દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર આપી શકાય ?

ઉત્તર – 'ન જ આપી શકાય' એવું ન કહી શકાય, કારણ કે (૧) એની ના પાડી હોય એવું શાસ્ત્રોમાં ક્યાંય જોવા મળ્યું નથી. (૨) આ. શ્રી કીર્તિયશસૂરિ મ. સંપાદિત ગચ્છગૌરવમાં જણાવ્યું છે કે પૂજારીને દેવદ્રવ્યનો પગાર અપાતો હોય તો તે પૂજારી પાસે દેરાસરના કામ વિના કોઇપણ કામ કરાવી ન શકાય. ને કોઇ કરાવે તો દેવદ્રવ્યનો ભોક્તા થઇ દુર્ગતિનું આયુષ્ય બાંધે. આના પરથી સ્પષ્ટ છે કે માત્ર દેરાસરના કામ કરતા પૂજારીને દેવદ્રવ્યમાંથી પગાર આપી શકાય છે. એમાં દોષ નથી. આનો અર્થ એ પણ થાય છે કે પૂજારી દ્વારા થતી પ્રભુભક્તિ દેવદ્રવ્યમાંથી થઇ રહી છે, એમાં જો દોષ નથી, તો દેવદ્રવ્યમાંથી કેસર વગેરે સામગ્રી દ્વારા થતી પ્રભુભક્તિમાં પણ દેવદ્રવ્ય ભક્ષણનો દોષ નથી.

આ વિષયમાં જે પ્રશ્નો ઊભા થાય છે એ માટે 'ધાર્મિક વહીવટ વિચાર' 'દેવદ્રવ્ય : જિનપૂજા' તથા 'તત્ત્વનિર્ણય' વગેરે સાહિત્ય જોવા ખાસ ભલામણ છે.

પ્રશ્ન : એક શ્રાવક રૂા. ૨૫ નું શ્રીફળ દેરાસરમાં મૂકે છે. એ શ્રીફળ જો પૂજારી વગેરેને જાય તો દેવદ્રવ્યની ૨૫ રૂા. ની હાનિ કહેવાય અને તો પછી એ શ્રાવકે ૨૫ રૂા. ભંડારમાં પણ મૂકવા જોઈએ ?

ઉત્તર : તમારો પ્રશ્ન નિર્માલ્યદ્રવ્ય અંગે છે. શ્રાવક ભાવપૂર્વક ફળ-નૈવેદ વગેરે ચઢાવે એટલે એને ફળપૂજા-નૈવેદપૂજા વગેરેનો લાભ મળી જ જાય છે. એ ફળ-નૈવેદની જે કિંમત હોય તે ભંડારમાં પૂરાય તો જ લાભ મળે એવો કોઈ જ નિયમ નથી... અને છતાં એવો નિયમ હોય તો એનો શાસ્ત્રપાઠ આપો.



Scanned with CamScanner

પ્રક્ષાલમાં વપરાતા દૂધ, દીપકપૂજામાં વપરાતું ઘી, ધૂપપૂજામાં વપરાતું ધૂપ, પુષ્પપૂજામાં વપરાતા પુષ્પ... આ બધાની કિંમત ભંડારમાં પૂરાતી ન હોવા છતાં એ બધી પૂજાનો લાભ જો મળે જ છે તો ફળપૂજા વગેરેનો શા માટે નહીં?

પ્રશ્ન : આ બધી વસ્તુઓ વેચી શકાય એવી ન હોવાથી એ પૂજાઓનો લાભ મળી શકે એવું ન બને?

ઉત્તર : જેમ વસ્તુઓ વેચી શકાય એમ ન હોય... એમ વસ્તુઓ વેચી શકાય એવી પરિસ્થિતિ ન હોય એવું પણ બને ને!

પ્રશ્ન : ટ્રસ્ટી વગેરે વહીવટકર્તા કાળજીવાળા હોય તો ફળ વગેરે તો વેચી જ શકાય છે ને!

ઉત્તર : એમ તો પૂરી સ્વચ્છતાથી કાળજી રખાય તો પ્રક્ષાલના દૂધ-પાણી પણ ચા બનાવી શકાય એવા રહેવાથી હોટેલવાળાને વેચી શકાય છે. પણ એ ક્યાંય વેચાતા નથી ને છતાં એનો લાભ મળે જ છે, તો ફળપૂજા વગેરેનો શા માટે નહીં?

હકીકત એ છે કે શ્રાવક ફળપૂજા વગેરે કરે એટલે એનો લાભ એને મળી જ જાય છે... પછી એ ફળ વગેરેનું વેચાણ થાય અને એ પૈસા દેવદ્રવ્યમાં જવાથી એટલી દેવદ્રવ્યની વૃદ્ધિ થાય તો એ વધારાનો લાભ છે અને આ વધારાનો લાભ એ શ્રાવકને નહીં, પણ એ વેચાણની જે વ્યવસ્થા કરે એને થાય. કોઈ આ વ્યવસ્થા ન કરે તો કોઈને ન થાય. પણ એમાં શ્રાવકને થયેલ ફળપૂજાનો લાભ શી રીતે ઊડી જાય?

પ્રશ્ન : પણ વ્યવસ્થાપકો વેચાણ ન કરે તો એટલી દેવદ્રવ્યની હાનિ થાય ને?

ઉત્તર : એટલી દેવદ્રવ્યની વૃદ્ધિ ન થઈ, હાનિ શી રીતે થઈ?

પ્રશ્ન : પણ શ્રાવક ૨૫ ₹ નું ફળ ચઢાવી... પછી બીજા ૨૫ ₹ ભંડારમાં મૂકી દે તો વાંધો શું છે?

ઉત્તર : બીજા ૨૫ નહીં, પોતાનો ઉલ્લાસ હોય ને, બીજા ૧૨૫ ₹ મૂકે તો પણ કોઈ વાંધો નથી, ઉપરથી અનુમોદના છે. પણ '૨૫ રૂ. મૂકવા જ જોઈએ' એવો અશાસ્ત્રીય નિયમ જે બનાવાય છે એનો વાંધો છે. અને એ રકમ ન મૂકે તો ફળપૂજાનો લાભ ન મળે, ઉપરથી દેવદ્રવ્યની હાનિનો દોષ લાગે વગેરે અશાસ્ત્રીય વાતોનો વાંધો છે.

વળી આવો નિયમ બનાવવામાં પ્રભુભક્તિની હાનિ થાય છે એનો વાંધો છે. જેણે ૫૦ રૂપિયા વાપરવાના છે એ ૫૦ રૂપિયાના ફળ-નૈવેદ્યથી ભક્તિ નહીં કરે, પણ ૨૫ રૂપિયાના જ ફળ નૈવેદ્યથી ભક્તિ કરશે (અને ૨૫ ₹ ભંડારમાં મૂકશે). ૫૦ રૂપિયાના ફળ નૈવેદ્યથી જે ભક્તિ થાય એ ૨૫ રૂપિયાના ફળ નૈવેદ્યથી તો નહીં જ થાય ને? ઘટે જ ને? ભંડારમાં પૈસા વધે તો જ સારી

ભક્તિ કરી કહેવાય કે સારા-ઉત્કૃષ્ટ ફળનૈવેદ્ય વગેરેથી ભક્તિ કરવામાં આવે તો સારી ભક્તિ કરી કહેવાય ?

પૈસાનો જ માપદંડ રાખવાનો હોય તો તો અષ્ટપ્રકારી પૂજાના બદલે એ દ્રવ્યોનું મૂલ્ય ભેગું કરીને સીધા ૫૦૦ રૂપિયા જ ધરી દેવા ન જોઈએ ? કારણ કે દૂધ-ધૂપ-દીપ વગેરે દ્રવ્યનું મૂલ્ય પણ ભંડારમાં આવી જાય...

પ્રશ્ન : તો આમાં શું વાંધો છે ?

ઉત્તર : ૫૦૦ ₹. ની ડીશ જમાડવામાં પણ કાંઈ ને કાંઈ બગાડ થતો જ હોય છે. એટલે એના કરતાં ઘરે આવેલા જમાઈરાજને રોકડા ૫૦૦ રૂપિયા જ ધરી દેવામાં કોઈ વાંધો નહીં ને ?

પ્રશ્ન : જમાઈરાજ કાંઈ રૂપિયાના ભૂખ્યા નથી.

ઉત્તર : તો શું ભગવાન્ રૂપિયાના ભૂખ્યા છે ? જમાઈ રૂપિયાનાય ભૂખ્યા નથી ને ભોજનના ય ભૂખ્યા નથી. (પોતાના ઘરે ઘણું જમવા મળે છે). પણ વ્યક્તિ પોતાના દિલમાં રહેલી પ્રીતિને વ્યક્ત કરવા માટે સારી સારી વાનગીઓ જમાઈને જમાડે છે. એમ ભગવાન પણ નથી પૈસાના ભૂખ્યા કે નથી ફળ-નૈવેદ્યના ભૂખ્યા... પણ ભક્ત પોતાની ભક્તિ વ્યક્ત કરવા માટે ને એના દ્વારા ભક્તિને વધારવા માટે તથા આત્મકલ્યાણ માટે ફળપૂજા વગેરે કરે છે. એ માટે તો વધુ ને વધુ સારા ફળ વગેરે વાપરવા જરૂરી છે, નહીં કે પોતાની જેટલી શક્તિ હોય એના કરતાં અડધી જ રકમથી આવતા સામાન્ય કક્ષાના ફળ વગેરે.

ચાલો બીજી વાત ... ભગવાન્ને ચઢાવેલ શ્રીફળ જ્યારે વેચવામાં આવે છે ત્યારે ૨૫ ₹.ના આવેલા શ્રીફળના ૨૫ રૂ. કાંઈ ઉપજતા નથી. ૧૫ રૂપિયા જ ઉપજે છે. એટલે તમારા મત મુજબ ૧૦ રૂ. ની હાનિ તો થઈ જ ને ?

પ્રશ્ન : ૧૦ ₹ ભંડારમાં મૂકી દે તો હાનિ ક્યાં રહી ?

ઉત્તર : જેમાં ૮૫,૦૦૦ ₹ નું સોનુ ને ૧૫,૦૦૦ રૂ. ની મજુરી લાગી છે આવો સોનાનો મુગુટ એક શ્રાવક ભગવાન્ ને ચઢાવે છે. હવે જરૂર પડી ને એ મુગુટ વેચવામાં આવે તો ૮૫૦૦૦ રૂ. જ આવવાના છે, તો ૧૫૦૦૦ની દેવદ્રવ્યની હાનિ થઈ ને ? એટલે, સોના-ચાંદીના મુગુટ વગેરે પ્રભુને અર્પણ કરનાર શ્રાવકે મજૂરીના પૈસા ભંડારમાં મૂકવા જોઇએ ને ?

વળી આવી માન્યતાવાળા શ્રાવકે લાખ રૂપિયાનો સોનાનો મુગટ ચઢાવ્યો. પણ પછી સોનાના ભાવ ઘટી ગયા. ૧૦૦૦૦ રૂપિયા તૂટી ગયા... તો દેવદ્રવ્યની આ હાનિ ભરપાઈ કરવા એ શ્રાવકે ભંડારમાં ૧૦૦૦૦ રૂપિયા પણ ભરવાના ને ?

આનું પરિણામ શું આવે ? કોઈ આભૂષણપૂજા કરશે જ નહીં. આ પ્રભુભક્તિની હાનિ થવાનો દોષ કોના માથે ?

ચાલો બીજી વાત... એક શ્રાવકે ૨૫ રૂપિયાનું શ્રીફળ ચડાવ્યું ને તેથી



Scanned with CamScanner

બીજા ૨૫ રૂપિયા ભંડારમાં મૂક્યા... આમ એણે ૫૦ રૂા. વાપર્યા છે. આમાં એને ૫૦ રૂપિયા થી પ્રભુભક્તિ કર્યાનો લાભ મળશે કે ૨૫ રૂપિયાથી પ્રભુભક્તિ કર્યાનો ?

જો તમે એમ કહેશો કે ૫૦ રૂપિયાથી પ્રભુભક્તિ કર્યાનો લાભ મળશે તો એનો અર્થ એ થાય કે ધારો કે એણે ૨૫ રૂા. ભંડારમાં ન મૂક્યા હોત તો પણ ૨૫ રૂપિયાથી ફળપૂજા જે કરી છે એનો લાભ તો એને મળવાનો જ છે. તો ૫૦ રૂપિયાની શક્તિવાળો ૫૦ રૂપિયાના સારામાં સારા ફળ લાવે... એના દ્વારા વધારે ભક્તિભાવ સંપન્ન થઈ વધારે ઉલ્લાસથી ૫૦ રૂપિયાથી જ ફળપૂજા શા માટે ન કરે ? બીજા ૨૫ રૂપિયા ભંડારમાં મૂકવાના છે એવી ગણતરીથી ૨૫ રૂપિયાના હલકા ફળોથી શા માટે કરે ?

જો તમે એમ કહેશો કે એને ૨૫ રૂપિયાથી પ્રભુભક્તિ કર્યાનો જ લાભ મળશે... તો એ ૨૫ રૂપિયા કયા ? શ્રીફળની કિંમત પેટે આપેલા એ ? કે ભંડારમાં મૂક્યા એ ? જો તમે કહેશો કે શ્રીફળની કિંમત પેટે આપેલા ૨૫ રૂપિયાની પ્રભુભક્તિનો લાભ મળશે... તો એનો અર્થ એ થાય કે ભંડારમાં જે ૨૫ રૂપિયા મૂકયા છે તેનો કશો લાભ એને મળવાનો નથી અને જો કશો લાભ મળવાનો નથી, તો એ ભંડારમાં ૨૫ રૂપિયા મૂકે જ શા માટે ? નિષ્ફળ પ્રવૃત્તિ મૂર્ખાઓ જ કરે.

જો તમે એમ કહેશો કે ભંડારમાં જે ૨૫ રૂપિયા મૂક્યા છે તેનો જ લાભ મળે છે, તો એણે ૨૫ રૂા. નું શ્રીફળ ચઢાવવું જ ન જોઈએ. કારણ કે એનું એને કશું ફળ મળવાનું નથી.

પ્રશ્ન : દેવદ્રવ્યની હાનિ અટકે એ જ ભંડારમાં પૂરાતા ₹ . ૨૫/– નો લાભ છે, એમ ન મનાય ?

ઉત્તર : પૂર્વે જણાવ્યા મુજબ આમાં હાનિની વાત નથી. માત્ર વૃદ્ધિ થવી ન થવી ની વાત છે. જેમ એકાસણામાં મિઠાઈનો ત્યાગ કરે તો એ વધારાનો લાભ છે, ન કરે તો એ વધારાના લાભથી વંચિત રહેવાનું છે, એકાસણાનો લાભ કાંઈ હણાઈ જતો નથી. એમ ભંડારમાં પૈસા મૂકાય તો દેવદ્રવ્ય વૃદ્ધિનો વધારાનો લાભ છે, ન મૂકાય તો એ વધારાનો લાભ નથી થતો. ફળપૂજાનો લાભ કાંઈ હણાઈ જતો નથી.

વળી દ્રવ્યસપ્તતિકામાં આવો અધિકાર આવે છે.

गृहचैत्यनैवेद्यादि चारामिकस्य प्रागुक्तमासदेयस्थाने नार्प्यम्

स्व-धनार्पणसामर्थ्याभावे चादाविव नैवेद्यार्पणेन मासदेयोक्तौ तु न दोषः ।।

અર્થ : તું રોજ આટલા ફુલ આપી જજે, અમે તને મહિને – આટલા રૂપિયા આપીશું. આ રીતે નક્કી કરેલ હોય ને પછી (લોભ જાગ્યો, પૈસાના બદલે, ઘરદેરાસરના ફળ–નૈવેદ્યાદિ જ આપી દેવાની ઈચ્છા થઈ, તો આ રીતે પૈસાના બદલે) દેરાસરના ફળ–નૈવેદ્યાદિ માળીને આપવા ન જોઈએ. પોતાનું



Scanned with CamScanner

ધન આપવાનું સામર્થ્ય ન હોય ને તેથી પહેલેથી જ નૈવેદ્ય વગેરે આપવાનું ઠેરવેલું હોય તો એ ફળ-નૈવેદ્યાદિ આપવામાં કોઈ દોષ નથી.

આ અધિકાર પરથી ઘણી ઘણી વાતો જાણવા મળે છે.

(૧) ધારો કે શ્રાવક મહિને રૂા. ૧૦૦૦/- ફળનૈવેદ્યાદિ ચઢાવતો હોય તો એ ઉતર્યા પછી ૭૦૦-૭૫૦ ના જ કહેવાય. વળી માળી પહેલેથી પોતાની Safe Side રાખે એટલે ₹ ૫૦૦/- ના ફુલ આપવાનું જ એણે ઠેરવ્યું હોય, એટલે ₹ ૫૦૦/- ની તો અહીં જ હાનિ થઈ ગઇ. વળી ફુલ ચઢાવ્યા પછી પણ એના ₹ ૫૦૦/-માંથી ૧ પણ રૂપિયો ભંડારમાં મૂકાવાનો નથી કારણ કે (અ) ભંડારમાં એટલા રૂપિયા મૂકવાનું અહીં જણાવ્યું નથી, (બ) એ શ્રાવકનું એવું સામર્થ્ય નથી એ તો ગ્રંથકાર જ કહી ચૂકયા છે. અને છતાં આમાં કોઈ જ દોષ નથી એમ સ્પષ્ટ જણાવ્યું છે.

એટલે ૧૦૦૦ રૂપિયામાંથી ૧ પણ રૂપિયો ભંડારમાં ન મૂકાતો હોવા છતાં દેવદ્રવ્યહાનિ જેવો કોઈ જ દોષ નથી એ સ્પષ્ટ છે અને છતાં ફળ-નૈવેદ્યાદિ પૂજા તેમ જ પુષ્પપૂજા બધાનો લાભ મળે જ છે. એટલે દેવદ્રવ્યની હાનિનો દોષ કહેવો એ અશાસ્ત્રીય વાત જાણવી. વેચાણ થાય તો દેવદ્રવ્ય વૃદ્ધિનો વધારાનો લાભ થાય. એ વાત શાસ્ત્રીય જાણવી.

સંઘો પણ નિર્માલ્ય દ્રવ્ય પૂજારીને આપવાનું ઠેરવે છે, ત્યારે એને આપવાના પગારમાં એનું Adjustment કરતાં જ હોય છે.

(૨) પ્રભુને ચઢેલા ફળ-નૈવેદ્યાદિના બદલામાં આવેલા પુષ્પ દેવદ્રવ્યરૂપ છે એ સ્પષ્ટ છે. તે છતાં એ પુષ્પથી પુષ્પપૂજા કરવામાં કોઈ દોષ નથી એમ જણાવ્યું છે. એટલે દેવદ્રવ્યથી પૂજા ન જ થાય, દેવદ્રવ્યથી પૂજા કરવામાં દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે. વગેરે વાતો શાસ્ત્રથી વિરુદ્ધ જાણવી.

(૩) નિર્માલ્ય દેવદ્રવ્યથી આવેલ પુષ્પોથી પ્રભુ ભક્તિ થઈ રહી છે, માટે દોષ નથી. તો પૂજારી પણ પ્રભુ ભક્તિ જ કરે છે તેથી એને પગારના અંશરૂપે નિર્માલ્યદેવદ્રવ્યરૂપ ફળ-નૈવેદ્યાદિ આપવામાં દોષ નથી.

(૪) જ્યાં પુષ્કળ ફળનૈવેદ્યાદિ આવતા હોય, પૂજારી પણ એટલા લેવા તૈયાર ન હોય, ત્યાં આસપાસના અજૈન લોકોને એ આપવાથી, એ અજૈનોના દિલમાં પણ પ્રભુ પ્રત્યે પ્રીતિ-ભક્તિ જાગે છે - ટકે છે - વધે છે. આ પણ એક પ્રકારની પ્રભુભક્તિ જ હોવાથી એમાં પણ કોઈ દોષ માનવો ન જોઇએ.

(૫) પહેલેથી માળીને ફુલના બદલામાં સ્વધન આપવાનું જ ઠેરવેલું હોય ને પાછળથી એના બદલે નિર્માલ્યદેવદ્રવ્યરૂપ ફળ-નૈવેદ્યાદિ આપવાની ના પાડવા દ્વારા એમાં દોષ જે સૂચિત કર્યો છે, તે દેવદ્રવ્યની હાનિ કે દેવદ્રવ્યભક્ષણરૂપ દોષ તો નથી જ એ સ્પષ્ટ છે, કારણ કે જો તે લાગતો હોય તો પહેલેથી એવું ઠેરવ્યું હોય તો પણ લાગે જ. એટલે એ દોષ તરીકે કૃપણતા દોષ જાણવો જોઇએ. અન્યત્ર એવી વાત આવે પણ છે જ.



Scanned with CamScanner

(૬) જ્યારે અહીં "દેવદ્રવ્યથી પણ પૂજા કરવામાં કોઈ જ દોષ નથી" એમ કહ્યું છે, એટલે એ સિદ્ધ થઈ જ જાય છે કે "શ્રાવકે પ્રભુપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઇએ." એવો એકાંત શાસ્ત્રીય નથી, પણ કોઈક ના શાસ્ત્રવિરુદ્ધ ભેજાની પેદાશ છે.

પ્રશ્ન : જો દેવદ્રવ્યથી પણ પૂજા કરી શકાય છે, તો શાસ્ત્રોમાં નિર્ધન શ્રાવકે શ્રીમંત શ્રાવકના ફુલ ગૂંથી માળા બનાવી આપવી જોઈએ. દેરાસરનો કાજો કાઢવો જોઇએ, ને આ રીતે પોતાના કાયયોગને સફળ કરવો જોઇએ. આવી બધી વાતો કેમ આવે છે ?

ઉત્તર : સર્વજ્ઞનાં શાસ્ત્રોમાં પૂર્વાપર વિરૂદ્ધ કશું હોય નહીં, આ વાત નક્કી છે. એટલે અહીં સમજવું જોઇએ કે નિર્ધન શ્રાવક સ્વયં પૂજા કરી શકે એ માટે સ્વદ્રવ્યના પુષ્પો નથી, પરદ્રવ્યરૂપ પુષ્પો પણ નથી (શ્રીમંત શ્રાવક પાસે ૨૫ ગુલાબ છે, પણ એ પોતે જ ચઢાવવા એવી ભાવનાવાળો છે) અને એ વખતે દેવદ્રવ્યમાંથી આવેલ પુષ્પ વગેરે પણ ત્યાં ઉપલબ્ધ નથી, એટલે કે જેનાથી નિર્ધન શ્રાવક પ્રભુ ભક્તિ કરી શકે એવી <u>પુષ્પાદિ કોઇ જ સામગ્રી નથી.</u> વળી એ શ્રાવક પ્રભુ પૂજા વિનાનો રહે એ જ્ઞાનીઓને માન્ય નથી. એટલે ફુલગુંથી આપવા, કાજો લેવો વગેરેરૂપે પ્રભુપૂજા કરવાની અહીં વાત કરી છે.

આ શાસ્ત્ર અધિકાર પરથી પણ ઘણું જાણવા મળે છે.

૧) ૨૫ છૂટા ગુલાબની કિંમત શ્રીમંત શ્રાવકે માળીને ધારો કે ૨૫ રૂપિયા આપી છે. જો માળી એનો હાર ગૂંથી આપત તો એના ૩૦ રૂપિયા કિંમત લેત એ સ્પષ્ટ છે. એટલે નિર્ધનશ્રાવક ફુલોને ગૂંથી આપવા દ્વારા પાંચ રૂપિયા જેટલું યોગદાન આપે છે. તથા એ શ્રીમંત શ્રાવક જ્યારે પ્રભુને એ હાર ચઢાવશે ત્યારે ૩૦ રૂપિયાની વસ્તુથી પ્રભુપૂજા થઇ રહી છે જેમાંથી ૨૫ રૂપિયા એ શ્રીમંતના છે ને પાંચ રૂપિયા એ નિર્ધન શ્રાવકના છે.

આમ, શ્રીમંત શ્રાવકને નિર્ધનના પાંચ રૂપિયા જેટલા દ્રવ્યથી પ્રભુ પૂજા કરવાની જો છૂટ છે તો નિર્ધનને પરદ્રવ્યથી પ્રભુપૂજા કરવાની છૂટ શા માટે નહીં?

૨) ફુલ ગૂંથી આપવામાં જો કાયયોગ સફળ થાય છે, તો ધારો કે શ્રીમંત શ્રાવક નિર્ધનને ૨/૪ ફુલ આપીને પ્રભુને ચઢાવવા કહે. નિર્ધન ખૂબ ભક્તિથી એ ચઢાવે. તો એમાં એનો કાયયોગ કેમ સફળ ન થાય ?

૩) અહીં કાયયોગ સફળ થવાની જે વાત છે એ તો માત્ર દિશાસૂચન છે, બાકી તો ઘણું ઘણું સફળ થાય છે. એક શ્રીમંત શ્રાવક સ્વદ્રવ્ય થી પ્રભુપૂજા કરે છે ત્યારે પુષ્પાદિની કિંમત ચૂકવવારૂપે ધનને, પ્રભુને હાથેથી ફુલ ચઢાવવારૂપે કાયાને, પુષ્પપૂજાના દુહા બોલવારૂપે વચનને, ઉછળતાભાવો કરવા દ્વારા મનને અને આ બધામાં પા-અડધો કલાક વગેરે જે કાળ લાગે તેટલા સમયને.. આ પાંચને પ્રભુપૂજામાં જોડે છે. દેવદ્રવ્યના પુષ્પને કે અન્યે આપેલા પુષ્પને ચઢાવતી વખતે નિર્ધન શ્રાવક માત્ર સ્વધનને નહીં, પણ સ્વ

મન-વચન-કાયા અને સમય આ ચારને તો પ્રભુ પૂજામાં જોડે જ છે, તો એનો લાભ એને શા માટે ન મળે? એના આ ચારે સફળ શા માટે ન થાય? અરે! અનેક અપેક્ષાએ, ધન કરતાં પણ આ ચાર બહુમૂલ્ય છે. એટલે એણે કરેલી પ્રભુપૂજામાં પણ જે બહુમૂલ્ય છે એવા મન વગેરે ચાર તો સ્વદ્રવ્ય જ છે, માત્ર એની અપેક્ષાએ અલ્પમૂલ્યવાળા એવા પુષ્પ જ સ્વદ્રવ્ય નથી. અર્થાત્ ૯૦ ટકા તો એણે પણ સ્વદ્રવ્યથી જ પૂજા કરી છે. તો એને એનો લાભ ન મળે એ વાત સાવ વાહિયાત નથી?

પ્રશ્ન : તો પછી એ નિર્ધન શ્રાવકે સ્વદ્રવ્યથી પૂજા કરી એમ કેમ કહેવાતું નથી?

ઉત્તર : પુષ્પાદિ સામગ્રી સ્વદ્રવ્યરૂપ હોય તો જ "સ્વદ્રવ્યથી પૂજા કરી" એવો શિષ્ટ વ્યવહાર હોવાથી એમ કહેવાતું નથી. વળી જીવ મન-વચન-કાયા કે સમય જે સ્વદ્રવ્યરૂપ હોય (પોતાના હોય) એને જ વાપરી શકે છે. ક્યારેય જે પર દ્રવ્યરૂપ હોય (બીજાના હોય) એને વાપરી શકતો નથી. માટે "સ્વદ્રવ્ય" એવો ફોડ પાડવાનો વ્યવહાર નથી.

બાકી પહેલાં કોઇ જ સંવિગ્નગીતાર્થ ગુરુભગવંતો પર્વતિથિની ક્ષય વૃદ્ધિ કરવાનું કહેતા નહોતા. પાછળથી અમુક વર્ગે સ્વમતિથી એ કહેવાનું શરુ કર્યું. એમ પહેલાં કોઈ જ સંવિગ્નગીતાર્થ ગુરુભગવંતો "તમે જેટલા ફળ, નૈવેદ્ય ચઢાવો એટલા રૂપીયા ભંડારમાં મૂકી દેવા" એવું કહેતા ન હોતા. પાછળથી અમુક વર્ગે એ કહેવાનું સ્વમતિ કલ્પનાથી શરુ કર્યું. તેથી પર્વતિથિની ક્ષય-વૃદ્ધિની જેમ આ ભંડારમાં એટલી રકમ મૂકવાની વાત પણ અશાસ્ત્રીય જાણવી.

પ્રશ્ન : બે તિથિ પક્ષમાં ખૂબ વિશાળ સંખ્યામાં દીક્ષાઓ થાય છે. એમના શ્રીમંત ભક્તો અનેક અનુષ્ઠાનો ભવ્ય રીતે આડંબરપૂર્વક કરાવતા હોય છે. જો એ પક્ષની અનેક વાતો અશાસ્ત્રીય-અયોગ્ય હોય તો આ બધું શી રીતે સંભવે?

ઉત્તર : આ બધો પંચમકાળનો પ્રભાવ કહી શકાય. અનેક રીતે ભ્રષ્ટાચારી ને દુરાચારી લોકો સત્તાધીશ હોય - અબજોપતિ હોય એવું આજકાલ શું જોવા નથી મળતું? ને એટલા માત્રથી "એના ભ્રષ્ટાચાર ને દુરાચાર અયોગ્ય નથી" એમ શું કહી શકાય? પૂર્વભવના એવા કોઈ પુણ્ય હોય તો જાતજાતના ચમકારા જોવા મળી શકે. પણ એટલા માત્રથી એમને સદાચારી માની ન શકાય. આવું પ્રસ્તુતમાં શાસ્ત્રીયતાની બાબતમાં જાણવું. એટલે કે અનેક દીક્ષા વગેરે રૂપે પુણ્યના ચમકારા જોવા મળે એટલા માત્રથી બધું શાસ્ત્રીય હોય એવું માની શકાય નહીં. બાકી તો ઉપદેશમાળા વગેરે શાસ્ત્રોમાં કહ્યું જ છે કે..

जह जह बहुस्सुओ संमओ अ, सीसगणसंपरिवुडो अ ।

अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ।।३२३।।

અર્થ : જેમ જેમ બહુશ્રુત થાય, (વિશાલ ભક્ત વર્ગને) માન્ય થાય અને ઘણા શિષ્યોના ગણથી પરિવરેલા થાય (પણ જો એ મહાત્મા) શાસ્ત્રોના ઐદંપર્યાર્થ સુધીનો નિશ્ચય ધરાવતા ન હોય તો, તેમ તેમ સિદ્ધાંતના - શાસનના પ્રત્યનીક = મોટા શત્રુ થાય.

ઘણી ઘણી દીક્ષાઓ થતી હોય તો જ અનેક શિષ્યોથી પરિવરેલા બની શકે ને! અને છતાં શાસ્ત્રકારોએ કેટલાકોને સિદ્ધાંતના-શાસનના-સંઘના શત્રુ હોવા કહ્યાં છે ને ? પુણ્યપ્રભાવ વગેરે અનેક પરિબળો એ એક અલગ વસ્તુ છે ને પાપભીરુતા-આત્માર્થિતા-શાસ્ત્રવફાદારી.. આ બધું અલગ વસ્તુ છે એ ક્યારેય ભૂલવા જેવું નથી.

પ્રભુવીર કરતાં ગોશાલાના અનુયાયીઓ અનેક ઘણા વધારે હતા... શું એટલા માત્રથી ગોશાલાના મતને અશાસ્ત્રીય ન કહેવો ?

પ્રશ્ન : બધા ભેગા બેસીને વિચારણા કરીને કોઇ યોગ્ય નિવેડો લાવી ન શકાય ?

ઉત્તર : માધ્યસ્થ્ય હોય, એના કારણે સરળતા હોય ને નિવેડો લાવવો હોય તો ચોક્કસ લાવી શકાય. પણ આ બધું ન હોય, ઉપરથી કદાગ્રહ વગેરે હોય તો નિવેડો લાવવાની ઇચ્છા જ ન હોવાના કારણે ભેગા બેસવા જ તૈયાર ન થાય તો શું કરવાનું ? વિ.સં. ૨૦૭૨માં શ્રી સિદ્ધ ગિરિરાજની છાયામાં થયેલા તપાગચ્છીય સંમેલનમાં જોડાવા માટે બેતિથિ પક્ષને પણ આમંત્રણ આપવામાં આવેલું ને સંમેલનના આગલા દિવસ સુધી એ માટે ખૂબ સમજાવવામાં આવેલા... છતાં ન આવ્યા તે ન આવ્યા.

પ્રશ્ન : ન આવવા પાછળ કોઇ કારણ આપ્યું હશે ને ?

ઉત્તર : આપણને એમ લાગે કે કારણ નહીં. પણ બહાનું આપેલું. આશય એ છે કે સંમેલન માટે કેટલાક નિયમો બનાવાયેલા. એમાં તેમનો વાંધો મુખ્યત્વે પરિપત્રની કલમ નં.૨ અંગે હતો. આ કલમમાં તે ભાવની રજૂઆત હતી કે સંમેલનમાં નિર્ણયો સર્વ સંમતિથી કરવાના પૂર્ણ પ્રયત્નો રહેશે. પરંતુ કોઇ વિશિષ્ટ અત્યંત જરૂરી બાબતો હશે ને સર્વસંમતિ સધાઇ નહીં હોય તો ગીતાર્થ ગુરુભગવંતો દ્વારા શાસ્ત્ર અને સુવિહિતપરંપરાને ધ્યાનમાં રાખીને બહુમતીથી પણ નિર્ણય લઇ શકાશે.

તે પક્ષનું કહેવું હતું કે અમને બહુમતી માન્ય નથી. સર્વસંમતિથી જે થાય એવા જ ઠરાવો કરવાના. બહુમતીની વાત છે તેથી અમે નહીં આવીએ. તે પક્ષે

રજુ કરેલું આ કારણ વાસ્તવિક કારણ નથી, કારણ કે
૧. ખુદ તેઓએ પોતાના સમુદાયની ગચ્છવ્યવસ્થા માટે જે કલમો બનાવી છે એમાંની ૧૦મી કલમમાં સર્વસંમતિ ન સધાય તો બહુમતી માન્ય કરી જ છે. જુઓ : **૧૦. સમુદાય સંબંધી વિશેષ નિર્ણયો, વિવાદાસ્પદ પ્રશ્નો કે શાસ્ત્ર-શાસન સંબંધિત મહત્ત્વના નિર્ણયો અંગે ગચ્છસંચાલકોએ ગચ્છાધિપતિ સાથે વિચાર વિમર્શ કરવો આવશ્યક ગણાશે. ગચ્છાધિપતિને પણ આ અંગે સમુદાયના તે તે વિષયનો વિશેષ અનુભવ ધરાવતા આચાર્ય ભગવંતોના અભિપ્રાયને લક્ષમાં લઇ સર્વસંમતિ ન સધાય તો પોતાને અને બે સંચાલકોને સંમત નિર્ણય કરવાનો રહેશે.**

પોતાના સમુદાયમાં જો બહુમતિ માન્ય છે. "તો અમને બહુમતી માન્ય નથી, સર્વસંમતિ જ માન્ય છે." આ વાત વાસ્તવિક કારણ નથી, પણ બહાનું છે એ બે ને બે ચાર જેવું સ્પષ્ટ નથી ?

વળી, ઘણાના મતમાં પોતાનો મત આપવો (એટલે કે બહુમતીને માન્ય કરવી) એવું શ્રી કીર્તિયશસૂરિ મ. સંપાદિત શ્રાદ્ધવિધિ પ્રકરણના ગુજરાતી અનુવાદમાં કહ્યું છે.

૨. દુનિયામાં-પરિવારમાં-સંસ્થામાં-સંઘમાં કે દેશમાં ક્યાંય પણ..., સર્વાનુમતિનો જ આગ્રહ રાખવામાં આવે તો ઘણા લાભકર્તા મહત્ત્વના કોઇ નિર્ણયો પ્રાય: થઇ જ નહીં શકે, કારણ કે કોક ને કોકને તો એની અરુચિ રહેવાની સંભાવના રહેવાની જ.
૩. દસ સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓ વચ્ચે કોઇક વિચારણા ચાલી રહી છે. એમાં અમુક ઠરાવ કરવાનો પ્રસ્તાવ છે. આઠ મહાત્માઓને એ માન્ય છે. બે મહાત્માઓને એ માન્ય નથી. તો આ ઠરાવ માન્ય પણ નહીં કરી શકાય અને અમાન્ય પણ નહીં કરી શકાય. કારણ કે એકેયમાં સર્વસંમતિ નથી. પણ સામાન્ય થી "સર્વસંમતિ નથી. માટે પડતો મૂકો." આ રીતે જો એ ઠરાવ પડતો મૂકાય તો એનો અર્થ એ થાય કે સર્વસંમતિથી તો નહીં જ, બહુમતીથી પણ નહીં. પણ લઘુમતિથી નિર્ણય કરવામાં આવ્યો, કારણ કે "ઠરાવ ન કરવો, પડતો મૂકવો" એ માન્યતા માત્ર બે જ ગીતાર્થોની હતી.
સર્વાનુમતિ તો ઠરાવ પડતો મૂકવામાં પણ જળવાતી નથી, તો બહુમતીથી ઠરાવ સ્વીકારી લેવો શું ખોટો ?

આપણે ફરીથી મમરાવીએ: આ આખી વિચારણા શ્રીજિનોક્ત તત્ત્વનો નિર્ણય કરીને સમ્યક્ત્વ પામવા-ટકાવવા-નિર્મળ કરવા માટે છે. કોઇના પ્રત્યે દ્વેષ - તિરસ્કાર વગેરે ભાવો લાવવા માટે નથી.



Scanned with CamScanner

પ્રશ્ન : બે તિથિ પક્ષ તરફથી પણ પોતાની વાતના સમર્થન માટે અનેક પુસ્તકો બહાર પડેલા છે જેમાં શાસ્ત્રપાઠો પણ રજુ થયેલા હોય છે જ ને ?

ઉત્તર : આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે વિચારી શકાય

(૧) આખું પુસ્તક જ અપ્રમાણ હોય.

શ્રી ગણધર દેવો દ્વાદશાંગી રચે છે. પણ ભગવાનની મહોરછાપ પછી જ તે પ્રમાણભૂત ગણાય છે. આનો મતલબ સ્પષ્ટ છે કે આપણે ત્યાં જે સર્વજ્ઞમૂલક હોય એ જ પ્રમાણ છે.

એટલે જ નવા નવા ગ્રન્થના રચયિતાઓ પોતે કહેલી વાતો પરંપરાએ ઠેઠ સર્વજ્ઞભગવાન્‌થી આવી છે એમ જણાવતા હોય છે. એ માટે પૂર્વરચિત માન્ય ગ્રંથોનો સંદર્ભ આપતા હોય છે.

પણ બે તિથિપક્ષના મુનિશ્રી યોગતિલક વિજયજીએ (હાલ આ. શ્રી યોગતિલકસૂરિજીએ) "ધાર્મિક વહીવટ વિચારના અશાસ્ત્રીય વિચારોની વિચારણા" નામે પુસ્તિકા લખેલી. એમાં તેઓ લખે છે કે "દેવસંબંધી બધા દ્રવ્યને ત્રણ પ્રકારમાં જ સમાવવાનો એકાંત આગ્રહ ખોટો છે."

આનો અર્થ સ્પષ્ટ છે કે શ્રી વીરપ્રભુની પરંપરાથી પ્રાપ્ત થયેલા ગ્રંથોમાં દેવદ્રવ્યના જે ત્રણ પ્રકાર કહેલા છે એ સિવાયનો પણ કોઈ પ્રકાર છે એવું તેઓ ગર્ભિત રીતે નિરૂપણ કરી રહ્યા છે. આવું નિરૂપણ પૂર્વના કોઇપણ ગ્રંથમાં ન હોવાથી સ્વમતિકલ્પનામૂલક છે, સર્વજ્ઞમૂલક નથી અને તેથી અપ્રમાણ છે. આ પાયો જ અપ્રમાણ છે તો આખું પુસ્તક શી રીતે પ્રમાણ હોય ?

(૨) જુદા જુદા પુસ્તકોમાં અલગ-અલગ નિરૂપણ..

ઉપર જણાવેલી પુસ્તિકામાં મુ.શ્રી યોગતિલકવિજયજીએ ઠેર ઠેર જણાવ્યું છે કે પ્રભુપૂજા સ્વદ્રવ્યથી જ કરવાની હોય અને એમના જ પક્ષના પંન્યાસ (હાલ આચાર્ય) શ્રી ચંદ્રગુપ્ત વિ.મ. પોતાની "ધાર્મિક વહીવટ વિચારની અશાસ્ત્રીયતા" નામની પુસ્તિકામાં પૃ.૨૪ અને પૃ. ૩૬ પર લખે છે કે નિષેધ પરદ્રવ્યથી પૂજા કરવાનો નથી. પણ દેવદ્રવ્યથી પૂજા કરવાનો છે. એટલે કે પરદ્રવ્ય થી પૂજા થઇ શકે છે.

હવે આ બેમાંથી કોણ ખોટું છે ? એ જ્યાં સુધી તેઓ જાહેર નહીં કરે ત્યાં સુધી એના પર વિચારવાની જરૂર જ ક્યાં રહે છે. ?

(૩) એ પક્ષના ઘણાં પુસ્તકો મુ.શ્રી સંયમકીર્તિ વિજયજીએ લખેલા છે. પણ આ મહાત્મા માટે એમના જ સમુદાયના આચાર્યશ્રી ચંદ્રગુપ્તસૂરિ મ. નો સ્પષ્ટ અભિપ્રાય છે કે એમનાં લખાણો માત્ર પ્રલાપ-અસત્ય બકવાસ છે. જુઓ આચાર્યશ્રીનો અભિપ્રાય.

**અમારા એક બિહારી પંડિતજી હતા. તેઓ વ્યાકરણના પ્રખર અભ્યાસી હતા. ન્યાયશાસ્ત્રમાં તેમનો અભ્યાસ સીમિત હતો. પછી એક બીજા એવા જ પ્રકાંડ પંડિતજી આવ્યા. તેઓ ન્યાયશાસ્ત્રના પ્રખર અભ્યાસી હતા. પેલા પંડિતજીની ન્યાયશાસ્ત્રની ખામી ખુલ્લી કરવા તેમણે**

બધા મહાત્માઓની સમક્ષ તે પંડિતજીને ન્યાયશાસ્ત્રના ગહન પ્રશ્નો પૂછવા માંડયા. પેલા પંડિતજીને માટે આજીવિકાનો પ્રશ્ન હતો. પોતે ન્યાય નથી જાણતા તેનો મહાત્માઓને ખ્યાલ આવે તો મહાત્માઓ તેમને બદલે આ નવા પંડિતજીને રાખી લે એવું બનવાનું હતું. તેથી તેમણે આ નવા પંડિતજીના ન્યાયના પ્રશ્નોના જવાબમાં વ્યાકરણના ઉચ્ચ ગ્રંથના લાંબા લાંબા ફકરા ઉચ્ચ સંસ્કૃતમાં બોલવા માંડયા. પોતાના પ્રશ્નના આવા અસંબદ્ધ જવાબથી ઉશ્કેરાઈને નવા પંડિતજી "એ ય, આ શું બોલવા માંડયું છે?" એમ બૂમો પાડવા લાગ્યા. એમની બૂમોના જવાબમાં પેલા પંડિતજીએ વળી વધારે લાંબા ફકરા ઊંચા અવાજે સંભળાવવા માંડયાં, નવા પંડિતજીએ બૂમો પાડી, પેલા પંડિતજીએ ફરી ઊંચા અવાજે અસંબધ્ધ ફકરા સંભળાવવાનું ચાલુ રાખ્યું. થોડી વારે નવા પંડિતજી ઉશ્કેરાઈને ચાલતા થયા. આ બધું સાંભળનારા મહાત્માઓ તો પ્રશ્નો અને ઉત્તરોમાં કશું જ સમજી શકયા નહિ હોવાથી, આપણા પંડિતજીની વાત નવા પંડિતજી સમજી પણ શકયા નહિ એમ માનીને આ પંડિતજી પાસે જ ભણતા રહ્યાં. પછી તો આ પંડિતજી પણ ન્યાયશાસ્ત્રના અભ્યાસી બન્યા. વર્ષો પછી નિખાલસતાપૂર્વક તેમણે આ વાતનું રહસ્ય ખોલ્યું. ત્યારે અમને સાચી વાતનો ખ્યાલ આવ્યો. સંયમકીર્તિવિજયજી પણ ભવિષ્યમાં ક્યારેક આમ જ રહસ્ય ખોલશે તો તેમના અત્યારના પ્રલાપથી પ્રભાવિત થયેલા વાચકો સત્ય સમજશે.

("ગુરુદ્રવ્યના વિવાદે ઉપયોગી સ્પષ્ટતા" પુસ્તકમાંથી સાભાર/સંકલનકાર – મુકુંદભાઈ આર. શાહ)

(૪) વિ.સં. ૨૦૫૧, ચૈત્ર સુદ–૧૦ ના દિવસે મુંબઈ વાલકેશ્વર, ચંદનબાળાના ઉપાશ્રયમાં આ.શ્રી જિનેન્દ્રસૂ.મ. વગેરે સાથે પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિ.મ.સા. આદિની પૂર્વ નિર્ધારિત ચર્ચા થયેલી. એમાં પૂ.પં.મ. વગેરેએ "દેવદ્રવ્યથી જિનપૂજા કરનારને દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે" એવું જણાવનાર શાસ્ત્રપાઠ વારંવાર માગવા છતાં એકપણ શાસ્ત્રપાઠ તેઓ આપી શકયા નહોતા. થોડા દિવસ બાદ જે ૩૯ શાસ્ત્રપાઠો મોકલ્યા એમાંનો એક પણ શાસ્ત્રપાઠ "દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરનારને દેવદ્રવ્ય ભક્ષણ દોષ લાગે." એવું જણાવનાર ન હતો. ઉપર બિહારી પંડિતજીની જે વાત કરી છે. એ જ રીતે અસંબદ્ધ પાઠો આપી દેવા. સંસ્કૃતના અજાણ શ્રાવકોને થાય કે ઘણા પાઠો આપી દીધા. એટલે આપણે જ સાચા છીએ.

હજુ પણ તેઓને જાહેર આહ્વાન છે કે આવું જણાવનાર શાસ્ત્રપાઠ એના સરળ સ્પષ્ટ અનુવાદ સાથે તેઓ જાહેર કરે.

(૫) તે પક્ષના પુસ્તકોમાં ગરબડો ઘણી હોય છે. જેમ કે

* આચારાંગ નિર્યુક્તિના પાઠમાંથી યુગપ્રધાનાનાં શબ્દ ઊડાડી દીધો.



Scanned with CamScanner

* "ધર્મસ્વરૂપદર્શન" પુસ્તક અંતર્ગત "તત્ત્વાલોકન" માં પૃ.૧૩૦ ઉપર શ્રી કીર્તિયશ મ. લખે છે કે "દ્વારિકાનો દાહ અટકાવવા આયંબિલ વગેરે ધર્મ કરવાનો શ્રી નેમિનાથ ભગવાને ઉપદેશ આપ્યો હતો, આ વાત અસત્ય છે." શ્રી પાંડવચરિત્ર ગ્રંથમાં આ વાત કહી હોવા છતાં અને આખા સંઘમાં પ્રસિદ્ધ હોવા છતાં એને ખોટી કહી છે.

* देवगृहे देवपूजापि स्वद्रव्येणैव यशाशक्ति कार्या ....
શ્રાદ્ધ વિધિ અને દ્રવ્યસપ્તતિકાના આ પાઠને અધૂરો રજુ કર્યો છે. (અહીં ગૃહદેરાસરનો સંદર્ભ છે, એ વાત રજુ કરી નથી.)
આવી તો ઢગલાબંધ હરકતો છે, પછી એ પુસ્તકોને પ્રમાણભૂત મનાય ?

પ્રશ્ન : બે તિથિના મહાત્માઓના વ્યાખ્યાનમાં કે સાહિત્યમાં ક્યાંક ક્યાંક ચર્ચાસ્પદ વિષયો આવી જાય, એમાં ઉત્સૂત્ર વગેરે આવી જાય. છતાં શેષ ૯૦% નિરૂપણ તો આત્મહિતકર જ હોય છે. તો એ ૯૦% નો બોધ મેળવવા એ નિરૂપણ સાંભળવા કે વાંચવામાં શું વાંધો ?
ઉત્તર : પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ... બોલનાર/લખનાર પુરુષ પર વિશ્વાસ હોય તો એમના વચનો પર વિશ્વાસ કરી શકાય. એકાદ પણ અસત્ય વાતને સત્ય ઠેરવવા જેઓ મથી રહ્યા હોય એવા પુરુષો પર વિશ્વાસ પેદા જ શી રીતે થાય?

બાકી તો ૧૦ કટોરામાં દૂધપાક છે, એમાંના એક કટોરામાં જ ઝેર પડી ગયું છે, પણ કયા કટોરામાં ઝેર છે એ આપણે પકડી શકતા નથી. તો ૯ કટોરામાં જે ઝેર વિનાનો દૂધપાક છે એના લોભે દૂધપાક પી શકાય? કે દશેદશ કટોરાનો ત્યાગ જ કરવો પડે ?

પ્રભુની ૯૯ વાતો માને.. પણ ૧ વાત નથી માનતો (એનાથી વિપરીત માને છે) તો એ જીવને મિથ્યાત્વ જ હોય એવું શાસ્ત્રોમાં કહ્યું છે.

પ્રશ્ન : જો એક તિથિ જ સાચી છે, તો ઘણાના મનમાં આવું કેમ લાગે છે કે સાચી તો બે તિથિ જ છે, માત્ર એકતા માટે બધા ભેગા થઈ ગયા છે ?
ઉત્તર : હિટલરનો એક સલાહકાર હતો. ગોબેલ્સ.. એનો સિદ્ધાંત હતો કે અસત્યવાત પણ જો વારંવાર.. વારંવાર.. જોરશોરથી પ્રચારવામાં આવે તો લોકો એને સત્ય માનતા થઈ જાય છે.

પ્રસ્તુતમાં પણ આવું જ બન્યું છે. બે તિથિ પક્ષના મહાત્માઓ, સાધ્વીજી મ. અને મુમુક્ષુઓ.. બધા જ પોતાની ખોટી વાતોનો પ્રચાર કરવાનું મિશન લઈને બેઠા છે. જ્યારે ને ત્યારે.. જ્યાં ને ત્યાં.. અમે સાચા.. શાસ્ત્રાનુસારી.. ચુસ્ત સંયમી.. એક તિથિવાળા ઉત્સૂત્રભાષી.. મિથ્યાત્વી.. શિથિલાચારી.. વગેરે પ્રચાર કર્યા જ કરતા હોય છે. એમના શ્રાવક–



Scanned with CamScanner

શ્રાવિકોઓ પણ હોંશે હોંશે એ વાતો સાંભળી એમનો ઉત્સાહ વધારતા હોય છે.

એક તિથિપક્ષમાં આનાથી વિપરીત પરિસ્થિતિ છે. ઘણા શ્રોતાઓ આમાં રાગદ્વેષ થાય એમ કહીને પોતાનો અણગમો વ્યક્ત કરે છે. આપણે રચનાત્મક કાર્યો કરો, ખંડનમાં નહીં પડો. વગેરે કહીને વક્તાને નિરુત્સાહ કરી દે છે. એટલે અમુક ગણ્યાગાંઠયા મહાત્માઓ સિવાય લગભગ કોઇ આ વાતોમાં પડતું નથી. વળી કેટલાક ક્યાંક મંતર-જંતરના પ્રયોગ દ્વારા આપણને હેરાન કરી દેશે તો ? એવા ભયથી કે કેટલાક આવી વાતોથી આપણી ઇમેજ ખરડાય એવા ભયથી કે કેટલાક આપણી સભામાંથી અમુક શ્રોતાવર્ગ ઓછો થઇ જાય એવા ભયથી આ વાતોથી દૂર રહે છે.

એટલે નથી વ્યાખ્યાનમાં આ વાતો આવતી. નથી એનું એવું સાહિત્ય બહાર પડતું. તેથી અનેક મહાત્માઓને તો "આપણી વાત સાચી છે" એને સાબિત કરી આપે એવા કયા કયા શાસ્ત્રપાઠો છે? કયા કયા તર્કો છે? વગેરે કશી ખબર જ હોતી નથી, તો બીજાઓને તો શું સમજાવી શકે ?

પણ એક તિથિપક્ષે વલણ બદલવું જોઇએ. સન્માર્ગ ઉન્માર્ગ તરીકે જાહેર થઇ રહ્યો છે. ઉન્માર્ગ "સન્માર્ગ રૂપે" ઘોષિત થઇ રહ્યો છે. (ટૂંકમાં મોક્ષમાર્ગનો ઉચ્છેદ થઇ રહ્યો છે). પોતાના પ્રભાવક ઉપદેશથી ધર્મમાર્ગે સન્માર્ગે-મોક્ષમાર્ગે જોડાયેલા સેંકડો ભાવુકો ગોબેલ્સ પ્રચારના પ્રભાવે પણ ઉન્માર્ગે જોડાઈ ગયા છે/જોડાઈ રહ્યાં છે. ને છતાં શક્તિ સંપન્ન મહાત્માઓના દિલમાં કરુણા સક્રિય ન થાય.. મોક્ષમાર્ગ પ્રત્યેની ભક્તિ ઉલ્લસિત ન થાય.. આરાધકોને પણ સત્ય તત્ત્વ જાણવાની જિજ્ઞાસા ન જાગે.. આ કેવી કરુણતા છે ! પંચમકાળનો આ કેવો દુષ્પ્રભાવ !

ચતુર્વિધ શ્રીસંઘે આ વાતોનો સઘન અભ્યાસ કરી સત્યતત્ત્વનો નિર્ણય કરવો જોઇએ ને એ રીતે સમ્યક્ત્વને પામવું / સ્થિર કરવું / નિર્મળ કરવું, અજવાળવું જોઇએ. આમાં ઉપેક્ષા સેવનાર આત્માર્થી કહેવાય ?

પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞાથી વિપરીત આમાં કાંઈ પણ પ્રસ્તુત થઈ ગયું હોય તો એનું અંતઃકરણથી મિચ્છામિ દુક્કડં.

પરિશિષ્ટ A :

બે તિથિ પક્ષની કોઈ વ્યક્તિ તમને તિથિ અંગે સમજાવવા આવે તો એમને આવા પ્રશ્નો પૂછવા કે-

(૧) તપાગચ્છના જે જૈનપંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ દર્શાવેલી હોય એવું વિ. સં. ૧૯૯૨ પૂર્વનું કોઈ પંચાંગ દર્શાવશો ?

(૨) આવા પંચાંગ તરીકે જે તપાગચ્છનું નથી એવું વિ. સં. ૧૯૪૫નું પંચાંગ તમે ફરી ફરી કેમ રજૂ કરો છો ? લોકોની આંખમાં ધૂળ નાખવા જ ને ?

(૩) વિ. સં. ૨૦૧૪ના ઠરાવની વિકૃત રજૂઆત કેમ કરી?

(૪) પોતે બનાવેલા ૩ બોગસ શ્લોકોને કેમ રજૂ કર્યા?

(૫) શ્રી સીમંધરસ્વામી પાસે માણિભદ્રવીરને મોકલવાનો બોગસ પ્રસંગ કેમ રજૂ કરો છો?

(૬) વિ. સં. ૧૯૯૦ના જૈન પ્રવચનમાં ખુદ સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિ મ. ભા. સુ. ૪નો ક્ષય આવે તો ત્રીજનો ક્ષય કરવો એવું તત્ત્વતરંગિણી ગ્રંથના આધારે જણાવી ચૂક્યા છે. આનો અર્થ જ કે પર્વતિથિનો ક્ષય ન કરવો, એને અખંડ રાખવી.

વળી લવાદ એવા પી.એલ. વૈદ પણ પોતાના લવાદી ચુકાદામાં 'આઠમના ક્ષયે સાતમનું સાતમપણું દૂર કરી એને આઠમ બનાવી દેવી' એવું કહેવા દ્વારા આઠમનો ક્ષય ન કરવો, એને અખંડ રાખવી... એમ કહી ગયા છે...

તો તમે પર્વતિથિનો પણ ક્ષય થઈ શકે એમ કેમ કહો છો?

આ જ રીતે નવાંગીગુરુપૂજન અંગે કોઈ સમજાવવા આવે તો તેમને આવા પ્રશ્નો પૂછવા કે-(૧) કોઈ પણ જીવંત તીર્થંકરભગવંતનું નવાંગી ગુરુપૂજન કેમ થતું નથી?

(૨) આપણા આગમોમાં જ્યાં જ્યાં ગુરુપૂજા શબ્દ આવે છે ત્યાં ત્યાં કોઈ પણ ગ્રંથકારે એનો અર્થ નવાંગી ગુરુપૂજા એવો કેમ કર્યો નથી?

(૩) આચારાંગ નિર્યુક્તિના પાઠમાંથી યુગપ્રધાનાનાં શબ્દ કેમ ઊડાડી દીધો છે?

(૪) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિ મ. ને જ્યારે શાસ્ત્ર પાઠ પૂછાયો ત્યારે તેઓશ્રીએ કોઈ પણ શાસ્ત્રપાઠ કેમ નથી આપ્યો? માત્ર દૃષ્ટાંત કેમ આપ્યું?

(૫) કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે કે અન્ય ગુરુભગવંતોએ શ્રી કુમારપાળ રાજા વગેરે કોઈ પણ શ્રાવકોને 'નવાંગીગુરુપૂજન એ તમારું કર્તવ્ય છે' એવો ઉપદેશ કેમ નહોતો આપ્યો?'

(૬) શ્રાદ્ધવિધિગ્રંથમાં શ્રાવકના છ અલગ-અલગ રીતે કર્તવ્યો બતાવ્યા છે, એમાં એકેમાં નવાંગી ગુરુપૂજનને કર્તવ્ય તરીકે કેમ નથી બતાવ્યું?

(૭) શ્રાવકના કર્તવ્યોને જણાવનાર મન્હ જિણાણં.. સજ્ઝાયમાં જિણપૂઆ - જિણથુણણં... (જિનની પૂજા - જિનની સ્તવના) એમ બે બતાવ્યા... પણ ગુરુ માટે ગુરુથુઅ શબ્દથી માત્ર ગુરુની સ્તવના જ બતાવી, ગુરુની નવાંગી પૂજા કેમ ન બતાવી?

(૮) ચૈત્યવંદન ભાષ્યમાં પહેલાં ચૈત્યની=પ્રભુપ્રતિમાની પૂજાનો વિસ્તારથી વિધિ બતાવ્યો ને પછી ચૈત્યવંદનનો વિધિ બતાવ્યો છે. ગુરુવંદન ભાષ્યમાં ગુરુપૂજાની કશી જ વાત ન બતાવીને પહેલેથી સીધી ગુરુવંદનની વાતો જ કેમ શરુ કરી દીધી છે?

(૯) પ્રભુની નવાંગીપૂજાની જેમ ગુરુની નવાંગી પૂજા જો શ્રાવકનું કર્તવ્ય હોય તો પ્રભુની નવાંગીપૂજાના દૂહા જેમ પ્રચલિત છે એમ ગુરુની



Scanned with CamScanner

નવાંગીપૂજાના દૂહા કેમ પ્રચલિત નથી ?

(૧૦) શ્રી બુટેરાયજી મહારાજે અને શ્રીમૂલચંદજી મહારાજે નવાંગી ગુરુપૂજાનો સખ્ત વિરોધ કેમ કર્યો ? અને દીક્ષાના ચાલુ પ્રસંગમાંથી કેમ ઊભા થઈ ગયા ?

ઈષ્ટફળસિદ્ધિ અંગે કોઈ સમજાવવા આવે તો–

(૧) ઈષ્ટફળ તરીકે મોક્ષ કે મોક્ષનાં કારણભૂત સમ્યગ્દર્શન વગેરે જ માગી શકાય... આવું જણાવનાર કોઈ શાસ્ત્રપાઠ આપો.

(૨) પ્રતિક્રમણસૂત્ર પર વૃન્દારુવૃત્તિમાં ઈષ્ટફળ તરીકે ઐહિકપદાર્થ કેમ જણાવ્યો છે ? સમ્યગ્દર્શન વગેરે ઐહિક પદાર્થ નથી... ભૌતિક પદાર્થો જ ઐહિક પદાર્થ છે. જે પરલોકમાં સાથે નથી આવતા.

(૩) પ્રશ્નોત્તર ચિંતામણિ ગ્રંથમાં તો 'દ્રવ્યાદિ સુખ માગ્યું છે' એવું સ્પષ્ટ જ કેમ કહી દીધું છે ?

(૪) ખુદ રામચંદ્રસૂરિ મહારાજે પણ 'બાયડી પણ માગી શકાય' એમ કેમ કહ્યું છે ?

કોઈ દેવદ્રવ્ય અંગે સમજાવવા આવે તો નીચેના પ્રશ્નો પૂછવા

(૧) દેવદ્રવ્યથી પૂજા કરનારને દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે એવું જણાવતો શાસ્ત્ર પાઠ આપો. તેમ જ એવું કરનારને શું પ્રાયશ્ચિત્ત આવે ? એ જણાવનાર શાસ્ત્રપાઠ આપો... 'શ્રાવકોને ન અપાય' એમ કહે તો માત્ર કયા શાસ્ત્રમાં ક્યાં એ આવે છે ? એ અમને જણાવો – એમ પૂછવું.

(૨) 'દેવદ્રવ્યથી પ્રભુપૂજા ન જ થઈ શકે' આવું જણાવનાર શાસ્ત્રપાઠ આપો.

(૩) જો તેઓ શ્રાદ્ધવિધિ અને દ્રવ્ય સપ્તતિકાનો देवगृहे देवपूजापि स्वद्रव्येणैव यथाशक्ति कार्या... આ પાઠ રજૂ કરે તો પૂછવું કે આ અધૂરો પાઠ કેમ રજૂ કરો છો ? આખો પાઠ આપો.

(૪) આ ઘર દેરાસરવાળા શ્રાવક અંગેનો પાઠ કેમ આપો છો ? બધા જ શ્રાવકોને લાગુ પડે એવો પાઠ આપો.

આ બધા પ્રશ્નો જ્યારે પૂછવામાં આવે ત્યારે સામાપક્ષવાળાઓ આ પ્રશ્નોના જવાબ આપવાનું ટાળવા માગશે. બીજી જ વાતો તરફ તમને લઈ જવા મથશે. તમારા પ્રશ્નોના જવાબ આપવાના બદલે બીજા જ પ્રશ્નો ઉઠાવીને તમને કહેશે કે પહેલાં આના જવાબ લઈ આવો, પછી બીજી વાત... વગેરે...

પણ જો તમારે વાસ્તવિક તત્ત્વનો નિર્ણય કરવો હોય.. ઉંધા માર્ગે ભટકાઈને દુર્ગતિઓમાં રખડવું ન હોય.. તો તમે આ પ્રશ્નોને પકડી રાખજો.. આ પ્રશ્નોના પહેલાં જવાબ આપો ને ? આ પ્રશ્નોના જવાબ નથી તમારી પાસે ? આ વાત જ વારંવાર દોહરાવ્યા કરવી. અને છતાં તેઓ એના જવાબ ન આપે તો સમજી લેવું કે, એમની પાસે આ પ્રશ્નોના જવાબ નથી પણ એ વાતનો સ્વીકાર કરવો નથી માટે ગાડીને આડે પાટે લઇ જવા મહેનત કરે છે. તેઓ એમ પણ કહેશે કે મને ઉપર ખાનગીમાં મળજો, કેમ એવું ?



Scanned with CamScanner

# પરિશિષ્ટ - ૧

ૐ શ્રી વિતરાગાયનમઃ વરધમાન સંવત ૨૦૧૫ સર્વધારી સંવતસર.—માગસર સંવત ૧૯૪૫ વિક્રમાજીત, શાકે ૧૮૧૦ શાલીવાહન, સને ૧૮૮૮-૮૯ ઈ. સ.

| વાર. | તિથિ. | ઘડિ. | પળ. | નક્ષત્ર. | ઘડિ. | પળ. | યોગ. | ઘડિ | પળ | કરણ. | ઘડિ. | પળ. | દિનમાન. | હિંદુ તારીખ. | મુસલમાની. | અંગ્રેજી. | સૂર્ય ઉદય ક. | મી. | અસ્ત ક. | મી. | ચંદ્ર કઈ રાશીનો ઘડિ પછી. | રાશી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મંગળ. | શુ૧ | ૧૪ | ૧૭ | જ્યે | ૩ | ૫૯ | શુ. | ૪૨ | ૮ | વ. | ૧૪ | ૧૭ | ૨૬ | ૨૧ | ૨૯ | ૪ | ૬ | ૨૬ | ૫ | ૧૬ | ૪ | ધન. |
| બુધ. | ૨ | ૮ | ૫૨ | પૂ. | ૫૬ | ૫૯ | ગ. | ૩૫ | ૫૭ | કો. | ૮ | ૫૨ | ૬ | ૨૨ | ૧ | ૫ | ... | ૨૭ | ... | ... | ... | ધન. |
| ગુરૂ. | ૩ | ૩ | ૪૨ | ઉ. | ૫૪ | ૫૫ | વૃ. | ૨૯ | ૭ | ગં. | ૩ | ૪૨ | ૫ | ૨૩ | ૨ | ૬ | ... | ૨૮ | ... | ... | ૧૧ | મકર. |
| શુક્ર | ૫ | ૫૬ | ૧૧ | શ્ર. | ૫૨ | ૪૩ | ધ્રુ. | ૨૩ | ૨ | વ. | ૨૭ | ૪૯ | ૪ | ૨૪ | ૩ | ૭ | ... | ૨૯ | ... | ૧૬ | ... | મકર |
| શનિ. | ૬ | ૪૩ | ૫૬ | ધ. | ૫૨ | ૪ | વ્યા | ૧૭ | ૩૭ | કો. | ૨૧ | ૩ | ૨ | ૨૫ | ૪ | ૮ | ... | ... | ... | ... | ૨૨ | કુંભ. |
| રવિ. | ૭ | ૫૨ | ૫૨ | શ. | ૫૨ | ૩૪ | હ. | ૧૩ | ૬ | ગ. | ૨૩ | ૨૪ | ૧ | ૨૬ | ૫ | ૯ | ... | ... | ... | ... | ... | કુંભ. |
| સોમ. | ૮ | ૫૩ | ૫ | પૂ. | ૫૪ | ૧૯ | વ. | ૯ | ૩૫ | વિ. | ૨૨ | ૫૮ | ૦ | ૨૭ | ૬ | ૧૦ | ... | ૩૦ | ... | ... | ૩૯ | મીન. |
| મંગળ. | ૯ | ૫૪ | ૩૭ | ઉ. | ૫૭ | ૧૯ | સી | ૭ | ૧ | બા | ૨૩ | ૫૧ | ૨૫ | ૨૮ | ૭ | ૧૧ | ... | ૩૧ | ... | ... | ... | મીન. |
| બુધ. | ૧૦ | ૫૭ | ૨૩ | રે | ૬૦ | ... | વ્ય | ૫ | ૨૬ | તૈ. | ૨૬ | ... | ૫૭ | ૨૯ | ૮ | ૧૨ | ... | ... | ... | ૧૭ | ... | મીન. |
| ગુરૂ. | ૧૧ | ૬૦ | ... | રે. | ૧ | ૩૦ | વ. | ૪ | ૪૯ | વ. | ૨૯ | ૧૮ | ૫૬ | ૧ | ૯ | ૧૩ | ... | ૩૨ | ... | ... | ૧ | મેષ. |
| શુક્ર. | ૧૧ | ૧ | ૧૩ | અ. | ૬ | ૪૨ | પ. | ૫ | ૨ | શી. | ૧ | ૧૩ | ૫૪ | ૨ | ૧૦ | ૧૪ | ... | ... | ... | ૧૮ | ... | મેષ. |
| શનિ | ૧૨ | ૫ | ૫૫ | ભ. | ૧૨ | ૪૦ | શી. | ૫ | ૫૧ | બા | ૫ | ૫૫ | ૫૩ | ૩ | ૧૧ | ૧૫ | ... | ૩૩ | ... | ... | ૨૯ | વૃષભ. |
| રવિ | ૧૩ | ૧૧ | ૭ | કૃ | ૧૯ | ૬ | સી | ૬ | ૫૭ | તૈ. | ૧૧ | ૪ | ૫૨ | ૪ | ૧૨ | ૧૬ | ... | ૩૪ | ... | ... | ... | વૃષભ. |
| સોમ. | ૧૪ | ૧૬ | ૨૯ | રો. | ૨૫ | ૩૬ | સા. | ૮ | ૨૦ | વ. | ૧૬ | ૨૯ | ૫૦ | ૫ | ૧૩ | ૧૭ | ... | ... | ... | ૧૯ | ૫૮ | મિથુન |
| મંગળ. | ૧૫ | ૨૧ | ૩૧ | મૃ. | ૩૧ | ૩૮ | શુ. | ૯ | ૨૧ | વ. | ૨૧ | ૩૧ | ૪૯ | ૬ | ૧૪ | ૧૮ | ... | ૩૫ | ... | ... | ... | મિથુન |
| બુધ. | વ.૧ | ૨૫ | ૫૨ | આ | ૩૬ | ૫૮ | શુ. | ૧૦ | ... | કો. | ૨૫ | ૫૨ | ૪૮ | ૭ | ૧૫ | ૧૯ | ... | ... | ... | ૨૦ | ... | મિથુન |
| ગુરૂ. | ૨ | ૨૯ | ૨૨ | પૂ. | ૪૧ | ૨૦ | બ્ર. | ૯ | ૫૭ | ગ. | ૨૯ | ૨૨ | ૪૬ | ૮ | ૧૬ | ૨૦ | ... | ૩૬ | ... | ... | ૨૫ | કર્ક |
| શુક્ર. | ૩ | ૩૧ | ૩૪ | પુન | ૪૪ | ૩૦ | ઐ. | ૯ | ૩ | વ. | ૦ | ૨૮ | ૪૫ | ૯ | ૧૭ | ૨૧ | ... | ... | ... | ૨૧ | ... | કર્ક |
| શનિ. | ૪ | ૩૨ | ૩૨ | અ. | ૪૬ | ૨૬ | વૈ. | ૭ | ૧૧ | વ. | ૨ | ૩ | ૪૪ | ૧૦ | ૧૮ | ૨૨ | ... | ૩૭ | ... | ... | ૪૬ | સિંહ |
| રવિ. | ૫ | ૩૨ | ૧૦ | મ. | ૪૭ | ૭ | વી. | ૪ | ૧૪ | કો. | ૨ | ૨૧ | ૪૫ | ૧૧ | ૧૯ | ૨૩ | ... | ... | ... | ૨૨ | ... | સિંહ |
| સોમ. | ૬ | ૩૦ | ૩૬ | પૂ. | ૪૬ | ૩૯ | આ | ૫૫ | ૨૪ | ગ. | ૧ | ૨૩ | ૪૬ | ૧૨ | ૨૦ | ૨૪ | ... | ૩૮ | ... | ... | ... | સિંહ. |
| મંગળ. | ૭ | ૨૭ | ૫૧ | ઉ. | ૪૫ | ૪ | સૌ | ૪૯ | ૪૫ | વ. | ૨૭ | ૫૧ | ૪૮ | ૧૩ | ૨૧ | ૨૫ | ... | ... | ... | ૨૩ | ૧ | કન્યા. |
| બુધ. | ૮ | ૨૪ | ૯ | હ. | ૪૨ | ૩૭ | શો | ૪૩ | ૨૩ | કો. | ૨૪ | ૯ | ૪૯ | ૧૪ | ૨૨ | ૨૬ | ... | ... | ... | ૨૪ | ... | કન્યા. |
| ગુરૂ. | ૯ | ૧૯ | ૩૨ | ચી | ૩૯ | ૧૮ | અ | ૩૬ | ૨૬ | ગ. | ૧૯ | ૩૯ | ૫૦ | ૧૫ | ૨૩ | ૨૭ | ... | ૩૯ | ... | ... | ૧૧ | તુલા. |
| શુક્ર | ૧૦ | ૧૪ | ૩૨ | સ્વા | ૩૫ | ૪૭ | શુ. | ૨૯ | ... | વિ. | ૧૪ | ૩૨ | ૫૨ | ૧૬ | ૨૪ | ૨૮ | ... | ... | ... | ૨૫ | ... | તુલા. |
| શનિ. | ૧૧ | ૮ | ૫૯ | વિ. | ૩૧ | ૪૫ | ધ્રુ. | ૨૧ | ૧૮ | વા. | ૮ | ૫૯ | ૫૩ | ૧૭ | ૨૫ | ૨૯ | ... | ૪૦ | ... | ... | ૧૮ | વૃશ્ચિક. |
| રવિ. | ૧૨ | ૩ | ૧૧ | અ | ૨૭ | ૩૫ | ધ્રુ. | ૧૩ | ૨૬ | તૈ. | ૩ | ૧૧ | ૫૪ | ૧૮ | ૨૬ | ૩૦ | ... | ... | ... | ૨૬ | ... | વૃશ્ચિક. |
| સોમ. | ૧૪ | ૫૧ | ૩૪ | જ્યે | ૨૩ | ૨૯ | વૃ. | ૫૭ | ૪૪ | વિ. | ૨૪ | ૨૪ | ૫૬ | ૧૯ | ૨૭ | ૩૧ | ... | ... | ... | ... | ૨૩ | ધન. |
| મંગળ. | )) | ૪૬ | ૧૩ | મૂ. | ૧૯ | ૩૯ | ધ્રુ. | ૫૦ | ૨૯ | ચ. | ૧૮ | ૫૩ | ૫૭ | ૨૦ | ૨૮ | ૧ | ૬ | ૪૧ | ૫ | ૨૭ | ... | ધન. |

માગસર માસને માટે જોશીયોનું ભવિષ્ય. અનાજ, ધાતુ કપડું, કરીયાણું સમભાવ ઘી ખાંડ ગોળ તેજ ગરમી વધારે પડે, ચોરનો ઉપદ્રવ, લોકોમાં પીડાકારી. હેમંતઋતુ રવિ દક્ષિણે.

સતી થવાનો ચાલ બંધ પાડયો ઈ. સ. ૧૮૨૯, આંદરાત ડીસેંબર ૧૮૮૮.
અમદાવાદમાં પાંજરાપોળ શેઠ હેમાભાઈએ રૂ ૫૦ હજાર ખરચીને બંધાવી
૪=૫૯-૨૮ નો ક્ષયછે. [સંવત ૧૯૧૨. મું. રબીઉલઆખર ૧૩૦૬.

પંચક સંપાછઠ મુંબાઈમાં ધરતીકંપ થયો ઈ. ૧૮૫૪, ભાયખલે શ્રી
પં[illegible] { આદેસરના દેહેરાની વરસગાંઠ મોતીશાહ
પં[illegible]ક. હીંદુ દુર્ગા આઠેમ. { અમીચંદે સંવત ૧૮૮૫ માં બંધાવ્યું.
પ[illegible]ય સૂરીનો જન્મ સં. ૧૫૮૩, ૧૫૯૬માં દિક્ષા
શ્રી આરનાથ જનમ્યા, મો[illegible]તેજ તીથીએ ગયા પંચક. [૧૬૧૦ સુદીપદ, પંચક.
મોક્ષદા ૧૧, શ્રી નમીનાથને કેવળ જ્ઞાન ઉપજ્યું, સુરતમાં વીઠલનાથની જાત્રા.
મૌન એકાદશી, શ્રી અરનાથે દિક્ષા લીધી, શ્રી મલ્લીનાથ જનમ્યા, દિક્ષા,
હીંદુ શનીપ્રદોષ. [તથા કેવળ જ્ઞાન ઉપજ્યું તેજ તિથિએ; પીરની ૧૧ મી.

રોહેણી વ્રતની [illegible]થિ, હિંદુ દત્ત જયંતી.
શ્રી સંભવનાથે [illegible]ત્રા આબુ ઉપર, મુંબાઈમાં ગાંમ-
[દેવી, ભવાંની શંકરના દેહેરાની તથા સખારાંમની વાવની જાત્રા.

હિંદુ અંગારખી સંકટ ચોથ.
[illegible]સિંહજી" પાળીતાંણાની ગાદીએ તખ્તનશીન
[થયા સંવત ૧૯૪૨ તે નામદારે શ્રાવક લોકો સાથે મિત્રાચારી કરી.

ગુરૂનો ઉદય પુર્વ દિશાએ ૩૮-૪૧ પછી થયો. ખ્રિસ્તી ક્રિસ્ટમસ ડે.
[નાતાલના તેહેવારો શરૂ થયા.

શ્રી પારશ્વનાથ જન્મ્યા; પોસ દસમી. [સફુલા ૧૧.
શ્રી પારશ્વનાથે દિક્ષા લીધી, શ્રી અજીતનાથને કેવળ જ્ઞાન ઉપજ્યું હીંદુ
શ્રી ચંદ્રપ્રભુ જનમ્યા, વદી ૧૩ દિક્ષા લીધી, (૧૩=૫૭-૧૫ નો ક્ષય છે.)
શ્રી અભીનંદ[illegible]ળ જ્ઞાંન ઉપજ્યું. [માં ગયો.
જાનેવારી સને ૮૮૯ કાળકાદેવીની જાત્રા[illegible]ળદાસને સરનો ખીતાબ ૧૮૭૪

# પરિશિષ્ટ - ૨



## તપાગચ્છ જૈન સંઘ માન્ય વિ.સં ૧૯૪૫ નું પંચાંગ

# જેમાં પર્વતિથિની ક્ષય - વૃદ્ધિ નથી

# પરિશિષ્ટ - ૩

# વીરશાસન

વર્ષ ૧૨, અં. ] [illegible] [ અંક : ૫૧ મો.
વિ. સં. ૧૯૮૯ [illegible] ઈ. સ. ૧૯૩૩ [illegible]

## પર્વાધિરાજને અંગે—

શુદ્ધ પાંચમનો કે છઠ્ઠનો !
શ્રી કલ્પસૂત્રનું વાંચન ક્યારે !

પૂજ્યપાદ પરમ ગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજે આપેલા ખુલાસા.

૧. પ્રશ્ન—સં. ૧૯૮૯ ના ભાદરવા શુદી ૫ નો ક્ષય છે, તો સંવત્સરી કઈ તીથિએ કરવી !

ઉત્તર—ભાદરવા શુદી ૫ નો ક્ષય ચંડુ પંચાંગમાં છે, પણ બીજાં ઘણાં પંચાંગોમાં ભાદરવા શુદી ૬ નો ક્ષય આવે છે. તેથી શુદી ૬ નો ક્ષય માનવાથી પર્યુષણામાં તીથિની ફેરફાર કરવા જરૂર રહેતી નહિ. સં. ૧૯૫૨ ની સાલમાં પણ આ પ્રમાણે હતું અને શ્રી તપગચ્છના મોટા ભાગે ભાદરવા શુદી ૬ નો ક્ષય માની, ભાદરવા શુદી ૪ ની સંવત્સરી કરી હતી. સં. ૧૯૬૧ માં પણ ભાદરવા શુદી ૫ નો ક્ષય ચંડુ પંચાંગમાં હતો પણ પ્રાયઃ સર્વે શ્રી સંઘે છઠ્ઠનોજ ક્ષય માન્યો હતો. માટે આદિપર શ્રાવણ વદી ૧૨ શુક્રવાર અને સંવત્સરી ભાદરવા શુદી ૪ ગુરુવારે કરવી એજ વ્યાજબી લાગે છે.

૨. પ્રશ્ન—સં. ૧૯૮૯ ના શ્રાવણ વદી ૦)) ના દિવસે સૂર્યગ્રહણ છે, તો તે દિવસે અસ્વાધ્યાય હોવાથી શ્રી કલ્પસૂત્ર વંચાય ! [illegible]

આસો શુદી ૧૪ અને ચૈત્ર શુદી ૧૪ ને દિવસે પાક્ષિક પ્રતિક્રમણમાં પક્ખિસૂત્ર વિગેરેનો પાઠ થાય છે. અર્થાત્ પક્ખિસૂત્ર વિગેરે બોલાય છે તથા પૂર્ણમાસીની સંધ્યાના અવસરે ચંદ્રગ્રહણ હોય અને અમાવાસ્યાના સંધ્યા અવસરે સૂર્યગ્રહણ હોય, તોપણ તે દિવસે તેજ અવસરે પ્રતિક્રમણ કરવામાં આવે છે, તેજ પ્રમાણે શ્રી કલ્પસૂત્ર વાંચવામાં [illegible] જણાતો નથી. તથા સેન પ્રશ્નના ત્રીજા ઉલ્લાસના ૧૮૯ મા પ્રશ્નમાં પ્રવેશ છે કે—

[illegible]

[illegible]

પ્રશ્ન—જે મકાનમાં શ્રી કલ્પસૂત્ર વંચાય છે તેની પાસે અસ્વાધ્યાય હોય [illegible] ન હોય, તો ત્યાં શ્રી કલ્પસૂત્ર વંચાય કે નહિ ?

આનો ઉત્તર—પાસે અસ્વાધ્યાય હોય, તો પણ અવશ્ય કરણીય હોવાથી શ્રી કલ્પસૂત્રનું વાંચન [illegible] છે. આ પાઠોથી જેમ પાસે અસ્વાધ્યાય હોય તો પણ શ્રી કલ્પસૂત્ર વંચાય, તેવી રીતે [illegible] રહે તેમ નથી, તેથી તે વાંચવાને કાંઈ બાધ જણાતો નથી.

[illegible]

# પરિશિષ્ટ - ૪

# કડી નો પત્ર

કડી, ૨૦૧૭ ના ચૈત્ર સુદ ૬, ગુરુવાર

શમ દમાદિ અનેક ગુણગણાલંકૃત ભવોદધિત્રાતા પ્રાતઃ-
સ્મરણીય પરમકૃપાળુ પૂજ્યપાદ પરમગુરુદેવ શ્રીજીની પરમ
પવિત્ર સેવામાં સેવાસમુત્સુક ચરણકિંકર રામચંદ્રની કોટિ-
કોટિશઃ વન્દનાપૂર્વક અવસરે અવધારવા અનુગ્રહ કર-
શોજી. આપ પરમકૃપાળુ તરફનો તા. ૮-૮ નો કૃપાપત્ર મળ્યો
છે. શ્રીજૈનશાસનમાં 'આચરણા' પણ પ્રમાણ ગણાય છે,
પરન્તુ કેવી આચરણાને પ્રમાણ ગણાય અને કેવાને નહિ એ
વિષે પણ માર્ગદર્શન અપાએલું છે. ગીતાર્થ મહાત્માઓને પણ
સંયોગવશ અને ખોટું માનીને જે આચરવું પડ્યું હોય તેને
આચરણા તરીકે પ્રમાણ માનીને ચાલવું એમાં શાસનનું હિત
છે કે અહિત છે તે વિચારવાની સેવકની વિનંતિ છે. તિથિ-
સંબંધી કહેવાતી આચરણા પ્રમાણભૂત નથી એ આપ
પરમકૃપાળુનો પણ અભિપ્રાય હતો. આપણા પરમારા-
ધ્યપાદ પૂર્વ ગીતાર્થ ગણાતા તેને ખોટી માનતા હતા એ
આપ પરમકૃપાળુના ધ્યાન બહાર નહિ હોય એટલે અત્ય-
ન્ત [illegible] સમાધાન સ્વીકારવામાં શાસનનું અહિત
[illegible] જણાયું હતું. આપ પરમકૃપાળુએ " [illegible]માં
કોઈ પરિવર્તન કર્યું હતું તો સંવત્સરી પૂરતું જ કર્યું હતું અને
તે પણ પ્રતિક્રમણ પૂરતું; બાર તિથિનું પરિવર્તન તો તે
વખતે પણ કરવાની ના જ પાડી હતી." આવું એ

શ્રી પ્રે. સૂ. ઉપર શ્રીરામ. નો પત્ર. અહીં શ્રી પ્રે. સૂ. એ ૧૨ તિથિનું પરિવર્તન કરવાની ના કહેલ એનો ઉલ્લેખ છે.

જણાવ્યું છે કે પોતાને રોગને ધારાવાર વેદના અનુભવાય છે અને અનુભવાઈ રહી છે. એ વખતે પૂજ્ય કાળજી આપ પરમકૃપાળુ દેવનું આપેલું એવા એ સમયે રોગની અનુભૂતિ થતી નથી. એ એ વખતે આપ પરમકૃપાળુ એક હાજર હોત તો આપ પરમકૃપાળુના નિરાંતે વિરહમાં ઘણું શું થઈ શક્યું હોત! એ વાતે તો વખતોવખત પૂજ્યશ્રીઓની અભિવૃદ્ધિ કરવાની જરૂર છે અને આ જ્ઞાનઅનુસાર આચરણ પુનઃ સ્વીકારાયું હતું.

આપ પરમકૃપાળુના પુસ્તકો એ હરરોજ વાંચું છું અને આપ પરમકૃપાળુ એ જ્ઞાનના શાંતિ તાંતણે દર્શન કરવાને જઈ આપના જ્ઞાનનો તેની શાંતિ આપ પરમકૃપાળુના પુસ્તકોમાં સ્વાદ છે તથા તેના વાંચનથી અતિશય આનંદ થયો છે એને પ્રતિદિન સુધારો થયો છે અને એ જોડે વાંચવાની જિજ્ઞાસા લાગી છે.

રોગના ૨૦ની પાસાની સ્થિતિ એવી ઉપર છે. આજકાલ ઘણા દિવસ સુધી અનુ રોગ વધતે વિચાર થઈ શક્યો. [illegible] છે. બીજા કાર પછી સાધુ શ્રાવકો ગણાઈ આવ- [illegible] પણ એમાં ભક્તિના વશ થઈ મારામાં એક [illegible] દાંતે છુટી ગયો અને પછી જ્યારથી પહેલું છે- [illegible] ફૂલ મારે લાગ્યો. આપ પરમકૃપાળુની પરમકૃપા

વિરોધ દાખલ કર્યો નહીં. અને એમ નીકળે છે પહેલું એમની
પાસ આવવા નો કોઈ સુધારો કરવાનો નથી. એમની
ઘડે તેટલું સાચું છું અને ખ્યાતોનું સ્વાદજને એમ જાણે
છે. ખ્યાલ કરતાં કરતાં સૌને રહુંદુ [illegible] નાખી લાંબે લાયક
પહોંચ્યા બાદ એમ લખ્યું છે.
[illegible] ચંદ્રગણનાં [illegible], [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]

# પરિશિષ્ટ – ૫

## જૈન પ્રવચન (વિ.સં. ૧૯૯૦)



## જિજ્ઞાસા અને તૃપ્તિ

卐 卐 卐 卐

### પર્યુષણા વિષયક પ્રશ્નોત્તરો

**પ્રશ્ન**—ગત વર્ષે પ્રાયઃ સકલ શ્રમણસંઘથી વિરૂદ્ધ થઈ ભાદરવા સુદ ત્રીજને ગુરૂવારના રોજ સંવત્સરી કરી સન્માર્ગથી ચ્યુત થનાર, આ વર્ષે જો ભાદરવા સુદિ ત્રીજને બુધવારે સંવત્સરી કરશે તો સન્માર્ગથી ચ્યુત થશે કે નહિ?

**ઉત્તર**—ગત વર્ષે ચણ્ડાંશુચણ્ડુ પંચાંગમાં ભાદરવા શુદ પંચમીનો ક્ષય હતો અને ભાદરવા સુદ ચોથ, શુક્રવારે ૪ ઘડી ને ૧ પલ ઉદયમાં હતી; તેથી તે દિવસે જ, શાસ્ત્રાનુસારી ભવભીરૂ શ્રી ચતુર્વિધ સંઘે સંવત્સરી પર્વની આરાધના કરીને સન્માર્ગની રક્ષા કરી હતી, જ્યારે ભાદરવા સુદ ત્રીજ ગુરૂવારે સંવત્સરી કરનારને 'અપ્રગ્યાહિ પર્વ દિવસે ઉદય તિથિ નહિ વિરાધવાની' શાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા નહિ સ્વીકારવાથી પોતે, સન્માર્ગથી ચ્યુત થવા સાથે પોતાના અનુયાયિઓને પણ સન્માર્ગથી ચ્યુત કરવા પડયા હતા: તો પણ આ વર્ષે જો તેઓ, ભાદરવા સુદ ત્રીજ બુધવારે ચોથ કરીને સંવત્સરી પર્વનું આરાધન કરશે તો તે માટે તેઓ, સન્માર્ગચ્યુત ગણાશે નહિ: કારણકે-આ વર્ષે મજકુર ચણ્ડાંશુ ચંડુ પંચાંગમાં ભાદરવા સુદ ચોથનો ક્ષય છે, અને "ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા" આ પૂ. પા. શ્રી ઉમાસ્વાતિજી મહારાજના શ્રી તત્ત્વતરંગિણીકાર આદિએ જણાવેલા પ્રઘોષના આધારે પૂર્વ તિથિ કરવામાં શાસ્ત્રની આજ્ઞાનો લેશ પણ વિરોધ આવતો નથી.

**પ્રશ્ન**—ગત વર્ષે ત્રીજને દિવસે ચોથ કરનાર, આ વર્ષે ચોથ કરનારાઓની માફક, એમ જ કહેતા, હતા કે–'અમે ત્રીજ નથી કરતા પણ ચોથ કરીએ છીએ,' તો તેઓનું તે કહેવું બરાબર હતું?

**ઉત્તર**—આ વર્ષે બુધવારને રોજ સંવત્સરી કરનારા, ત્રીજની નહિ પરંતુ ચોથની જ સંવત્સરી કરશે: કારણકે બુધવારને રોજ થોડી ત્રીજ, આખી ચોથ, અને થોડી પાંચમ ભોગવાય છે. એક જ દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષય તિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્યપર્વ કોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છે: કારણ કે તે ક્ષયતિથિની સમાપ્તિ પણ તેજ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય તેવી છે. અને તેથી જ 'આ વર્ષે બુધવારને રોજ સંવત્સરી કરનારા, ત્રીજની નહિ પણ ચોથની જ સંવત્સરી કરે છે' એમ કહેવું તદ્દન વ્યાજબી છે: જ્યારે ગત વર્ષે ભાદરવા સુદ ત્રીજને ગુરૂવારે ઇરાદા પૂર્વક સંવત્સરી કરનારોનું 'અમે ચોથે સંવત્સરી કરી છે' એમ કહેવું કોઈ પણ રીતે વ્યાજબી નહોતું, કારણકે ગત વર્ષે ચંડાંશુચંડુ પંચાગમાં ભાદરવા સુદ ત્રીજને ગુરૂવારે ત્રીજ તિથિ ઉદયમાં ૭ ઘડી અને ૨૦ પલ હતી, તથા તેને બીજે દિવસે એટલે શુક્રવારે ચોથ તિથિ ઉદયમાં ૪ ઘડી અને એક ૧ પલ હતી. આથી સ્પષ્ટ છે કે ચોથ તિથિ ગુરૂવારે કોઈ પણ રીતે સમાપ્ત થતી ન હતી અને તેથી જ તે દિવસે ત્રીજની તિથિને બદલે ચોથ તિથિ શાસ્ત્રની નીતિથી કોઈ પણ રીતે ગ્રહણ કરી શકાય તેમ હતું જ નહિ.

**પ્રશ્ન**—ચંડાંશુચંડુ પંચાંગમાં આ સાલ બુધવારને રોજ ભાદરવા સુદ ત્રીજ તથા ચોથનું ઘડી પ્રમાણ કેટલું છે? અને ચોથના ક્ષયે ત્રીજની માફક ભાદરવા સુદ પાંચમના ક્ષયે પણ ત્રીજ ગ્રહણ કરી શકાય તેવો તત્ત્વતરંગિણીનો આધાર છે કે નહિ?

**ઉત્તર**—ચંડાંશુચંડુ પંચાગમાં બુધવારને રોજ ત્રીજ તિથિ ફક્ત ૮ પલ જ ભોગવાય છે, તે પછી આખી ચોથ તિથિ ૫૯ ઘડી ભોગવાય છે, અને એના પછી પાંચમની પણ ૫૨–બાવન પલ ભોગવાય છે. આ રીતે એકજ દિવસે ત્રણ તિથિનો ભોગ આવે છે, તેથી વચલી તિથિ ચોથનો આ વર્ષે ક્ષય છે. ગત વર્ષે ત્રીજને ગુરૂવારે આ પ્રમાણે ત્રણ તિથિનો ભોગ આવતો ન હતો અને તેથી ભાદરવા સુદ ચોથનો ક્ષય ન હતો.

શ્રી તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે, કે જે નિયમ પ્રમાણે પહેલાં પણ વિક્રમ સંવત ૧૯૩૦ માં વર્તન થયું હતું. પરંતુ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરી ઉદયગત ભાદરવા સુદ ચોથને ઉલટાવી નાખવામાં ઉલટાવી નાખનારના મનસ્વિપણા શિવાય તત્ત્વતરંગિણી શાસ્ત્રનો મુદ્દલ આધાર નથી. શ્રી તત્ત્વતરંગિણીમાં તો પૂર્ણિમાના ક્ષયે તેરસ કરવાનીયે ચોખ્ખી ના પાડી છે. પૂર્ણિમાની આરાધના ચતુર્દશીમાં સમાઇ જતી હોવાનો ચોખ્ખો ખુલાસો કર્યો છે. ક્ષયમાં પૂર્વ તિથિ ગ્રહણ કરવાને બદલે ચર્ચાસ્પદ પ્રસંગે આગલી તિથિ ગ્રહણ કરનાર પૂર્વપક્ષીને 'ભાદરવા સુદ ચોથના ક્ષયે ત્રીજને બદલે ત્હારે પાંચમ ગ્રહણ કરવી પડશે–કે જે તું પણ કરતો નથી'–આ મતલબની રીઆમણ પૂર્વક આપત્તિ આપેલી છે. આ વાતને ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજ કરવાના આધાર રૂપે એંચી લેનારની કેવલ ભૂલ જ થાય છે, કેમકે ભાદરવા સુદ ચોથના ક્ષયે ત્રીજ કરવા શિવાય પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની તત્ત્વતરંગિણીમાં ગંધ સરખી પણ નથી.

# પરિશિષ્ટ – ૬



તે અર્થ ગ્રહણ કરવા યોગ્ય નથી, કારણ કે–તેમ કરવામાં વાક્યાર્થનો નિર્ણય કરવાના નૈતિક સિદ્ધાન્તોની સાથે વિરોધ ખડો થાય છે.

૨. એવો અર્થ બતાવવાને માટે તેઓ તરફથી રજુ કરાએલાં કારણો અમારી બુદ્ધિમાં તેની પ્રમાણિકતાની સિદ્ધિ કરી શકતાં નથી.

૩. આવા અર્થના સમર્થનમાં તેમણે જે શાસ્ત્રો રજુ કર્યાં છે તેનું પ્રામાણ્ય જ અમે સ્વીકારતા નથી અને તે શાસ્ત્રોનો તેમણે જે અર્થ પ્રતિપાદિત કર્યો છે તે પણ અયુક્ત છે.

૪. દેવસૂર તપાગચ્છના જૈનોની આ આચારપ્રણાલી છે માટે જીતવ્યવહારના બલથી આ અર્થ સિદ્ધ થાય છે એમ જે તેઓ કહે છે, તેમાં તે આચારપ્રણાલીનું જીતવ્યવહારપણું જ સિદ્ધ થતું નથી એવો અમારો મત છે.

બન્ને આચાર્યો આરાધના માટે ઉદયની તિથિને જ સ્વીકારે છે, કારણ કે શાસ્ત્રનું એવું પ્રમાણ છે. તે શાસ્ત્ર શ્રાદ્ધવિધિપ્રકરણમાં આ પ્રમાણે છે : '**तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां यः (या) स्यात्सा प्रमाणम् इति**' ( તિથિ પ્રાતઃ પચ્ચક્ખાણ વેળાએ જે હોય તે પ્રમાણભૂત માનવી ) અને પ્રત્યાખ્યાનવેલા એટલે સૂર્યોદયનો સમય. આવી સૂર્યોદયને સ્પર્શનારી તિથિ જ ઔદયિકી ( ઉદયવાળી ) તિથિ કહેવાય છે, અને સઘળો ય શ્રી જૈન સંઘ આરાધન માટે એની જ અપેક્ષા રાખે છે. હવે લૌકિક ટિપ્પણમાં જ્યારે કોઇ તિથિ ક્ષીણ તરીકે દર્શાવેલી હોય, ત્યારે તેનું સૂર્યોદયને સ્પર્શવાપણું જ હોતું નથી અને તે ન હોવાથી તેનું ઔદયિકતિથિપણું સંભવતું નથી. વળી ક્ષીણ તિથિનું આરાધન ક્ષીણ થતું નથી, તો હવે એવી ક્ષીણ તિથિ ઔદયિકી તિથિ શી રીતે બને, એનો મીમાંસાપ્રણાલિકાને અનુસરીને વિચાર કરતાં—

**'विधिरत्यन्तमप्राप्ते'***

એ ન્યાય પ્રમાણે અપૂર્વ વિધિનું વિધાન કરનાર '**क्षये पूर्वा तिथिः कार्या**' શાસ્ત્રના આધારે આઠમ વગેરે તિથિ સાતમ વગેરે તિથિમાં કરાય છે. નહિતર, ઉદયવાળી તિથિનો અસંભવ થવાથી આરાધનાવિનાશનો દોષ શ્રાદ્ધને લાગે છે. ત્યાં અપૂર્વ વિધિનું વિધાન કરનારા આ શાસ્ત્રદ્વારા સાતમનું સાતમપણું કેવલ અષ્ટમીની આરાધનાના નિમિત્ત પૂરતું દૂર કરીને તેમાં આઠમપણું સ્થપાય છે. એ રીતે લૌકિક ટિપ્પણમાં આવતી ઉદયવાળી સાતમ, આઠમની આરાધનાના વિષયમાં ઉદયવાળી આઠમ બને છે, ત્યારે જ તેમાં આઠમ સંબંધી તપ વગેરેનું અનુષ્ઠાન સંભવે છે. આમ, અપૂર્વ વિધિ દ્વારા જ, ( આઠમનો ) ક્ષય હોવા છતાં આઠમની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે બીજી તિથિઓમાં પણ.

વૃદ્ધિ પામેલી એ તિથિ ગણાય, કે જે તિથિ સૂર્યોદયનો બે વાર સ્પર્શ કરે. એમ હોય ત્યારે બે તિથિઓ ઉદયવાળી હોવાથી બે પક્ષ થવાનો સંભવ ઉભો થાય છે, અને બે પક્ષ થવાથી કઈ તિથિએ આરાધન કરવું એવો સંશય મનને મુંઝવે છે. ત્યાં મીમાંસકોની પ્રણાલિકાને અનુસરીને નિયમવિધિનો પ્રયોગ કરવો જોઈએ. એ માટે

**'नियमः पाक्षिके सति'**

* વિધાનના અભાવમાં જે વસ્તુ અત્યન્ત અપ્રાપ્ત રહેવા પામતી હોય તેની પ્રાપ્તિને માટે જે વિધાન કરવું, તેને 'વિધિ' કહેવાય છે. અહીં 'ક્ષયમાં પૂર્વની તિથિ કરવી' એવું વિધાન કરવામાં ન આવે, તો તિથિ-ક્ષયમાં આરાધના તદ્દન અશક્ય-અપ્રાપ્ત અને, માટે '**क्षये पूर्वा०**' એ અપૂર્વ વિધિનું વિધાયક વાક્ય છે.-સં.

# પરિશિષ્ટ – ૭

## સં. ૨૦૧૪માં થયેલો ઠરાવ

<u>શ્રીસંઘે સર્વાનુમતે પસાર કરેલો ઠરાવ</u>

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘે અત્યાર સુધી પંચાંગ તરીકે ચંડાંશુચંડૂ પંચાંગનો ઉપયોગ કર્યો છે. પણ આજથી એ પંચાંગની જગ્યાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગનો ઉપયોગ કરવા આપણા શ્રી તપાગચ્છીય આચાર્ય મહારાજે આદિએ સર્વસમ્મત નિર્ણય કર્યો છે. શ્રી રાજનગરનો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘ આજથી તે પ્રમાણે વર્તવા જાહેર કરે છે.

**જૈન પ્રવચન**
(વર્ષ ૨૯મું : અંક ૩૬)

## સન્માર્ગ મેગેઝીનમાં એ ઠરાવની રજૂઆતમાં પોતાના ઘરનો ઘુસાડેલો ઉમેરો

વિ. સં. ૨૦૧૪ પહેલાં સકળ સંઘે જોધપુરથી નીકળતું ચંડાંશુચંડુ માન્ય રાખેલું. તેમાં આવતી બધી તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત્ માન્ય રાખીને આરાધના કરવી એ સૌનું કર્તવ્ય હતું. <u>પણ તે થતું ન</u> હતું. આ પછી વિ. સં. ૨૦૧૪ પછી સકળ સંઘે નક્કી કર્યું કે 'જન્મભૂમિ' પંચાંગ અનુસારે તેમાં <u>આવતી બધી તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત્ માન્ય રાખીને જ આરાધના કરવી.</u> ત્યારથી જ જન્મભૂમિ પંચાંગ સંઘમાન્ય તરીકે ઓળખાવા લાગ્યું. તેમાં જે તિથિ જે દિવસે બતાવી હોય, તે દિવસે જ તે તિથિની આરાધના કરવી, એ સૌનું કર્તવ્ય છે.

**સન્માર્ગ - ૫૯**
(તા : ૧૬ - ૫ - ૯૯)

# પરિશિષ્ટ – ૮

## તીર્થ અને તિથિની આરાધનાનો અનુપમ અવસર–૧

द्रव्यं क्षेत्रं च कालं च, भावं प्राप्य जिनोदितम् ।
आराध्यो धर्म एवैको, मुक्त्यैकतानचेतसा ।।१।।
द्रव्यं साम्बश्च प्रद्युम्नः, क्षेत्रं सद्भद्रशिखरम् ।
कालं त्रयोदशी शुक्ला, फाल्गुना भावः मौलिकः ।।२।।
यात्रां करोति यो धन्यो, जिनाज्ञापरिभावितः ।
तीर्थं-तिथिं समाराध्य, प्राप्नोति परमं पदम् ।।३।।



Scanned with CamScanner

# પરિશિષ્ટ - ૮

## તીર્થ અને તિથિની આરાધનાનો અનુપમ અવસર - ૧

(વિ. સં. ૨૦૫૪ માગશર સુદ ૧૫ + વદ ૧, રવિવાર તા. ૧૪-૧૨-૯૭, શ્રીપાળનગર, વાલકેશ્વર, મુંબઈ - ૬)

**પોતે બનાવેલા ત્રણ શ્લોક**

द्रव्यं क्षेत्रं च कालं च, भावं प्राप्य जिनोदितम् । आराध्यो धर्म एवैको, मुक्त्यैकतानचेतसा ॥१॥
द्रव्यं साम्बश्च प्रद्युम्नः, क्षेत्रं सद्भद्रशिखरम् । कालं त्रयोदशी शुक्ला, फाल्गुना भावः मौक्तिकः ॥२॥
यात्रां करोति यो धन्यो, जिनाज्ञापरिभावितः । तीर्थ-तिथिं समाराध्य, प्राप्नोति परमं पदम् ॥३॥

અનંત ઉપકારી ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં જેટલા પણ આરાધનાના શ્રેષ્ઠતમ માર્ગો દર્શાવવામાં આવ્યા છે, તે પ્રત્યેક ધર્મમાર્ગની આરાધના- સાધના-ઉપાસના માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આલંબનનું અત્યંત મહત્ત્વ આંકવામાં આવ્યું છે.

કોઈપણ પ્રકારની આરાધના કરવાનો પ્રસંગ આવે તેની પાછળ દ્રવ્યની, ક્ષેત્રની, કાળની, અને ભાવની વિશુદ્ધિ અનિવાર્ય હોય છે. આ ચાર પૈકી કોઈપણ વસ્તુની અવજ્ઞા કે અનાદર કરી શકાય નહિ.

**કોઈપણ વ્યક્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર પૈકી કોઈની પણ અવજ્ઞા કે અનાદર કરે, તે વ્યક્તિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો આરાધક બનવાને બદલે વિરાધક બન્યા વિના ન રહે. માટે જ દરેકે દરેક મહાપુરુષોએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની રક્ષા માટે આજ સુધી આપણી કલ્પનામાં ન આવે તેવાં વિશિષ્ટ પુરુષાર્થ કર્યાં છે.**

**જેણે પણ મુક્તિમાર્ગની આરાધના કરવી હોય, તેને આ ચાર પૈકી એકની પણ ઉપેક્ષા કરવી પાલવી શકે તેમ નથી. માટે જ પ્રસ્તુતમાં છ ગાઉની યાત્રાના સંબંધમાં આપણે આ ચારેની વિચારણા કરવી છે.**

સુદ ૧૩ની છ-ગાઉની યાત્રા કરવામાં આવે છે; તેમાં સૌથી મુખ્ય આલંબન, શાંબ અને પ્રદ્યુમ્નકુમાર છે. પ્રભુ શ્રી નેમિનાથના નાના ભાઈ અને ત્રણ ખંડના અધિપતિ શ્રી કૃષ્ણ વાસુદેવના એ બન્ને પ્રતાપી પુત્રો હતા. દ્વૈપાયન ઋષિના યોગે દ્વારિકાનો નાશ નિશ્ચિત થયો. તે વખતે આ બાળકુમારે વૈરાગ્ય પામી પોતાના જીવનને ભગવાન શ્રી નેમિનાથ પ્રભુના ચરણે સોંપ્યું. સમર્પિત કર્યું હતું. એમનું જીવન ચરિત્ર વાંચવામાં આવે તો એમણે પોતાના જીવનમાં અનેક પ્રકારનાં પરાક્રમો કર્યાં હતાં. આવા ભોગી-પરાક્રમીએ પણ વૈરાગ્યવાસિત બની, પ્રભુ શ્રી નેમિનાથના ચરણે સંયમસાધનાનો સ્વીકાર કર્યો હતો. તપ, ત્યાગ, તિતિક્ષા, સ્વાધ્યાય અને ઉત્તમ કોટીની ધ્યાનધારાથી પોતાના આત્માની ઘણી ઉન્નતિ પ્રાપ્ત કરી હતી. સાધના કરતાં એક વાર શ્રી નેમિનાથ પ્રભુએ એમને કહ્યું કે તમારા માટે આત્મકલ્યાણનું સ્થાન શ્રી સિદ્ધગિરિરાજ છે. તે તમારા માટે ભવસાગર તરવાનું શ્રેષ્ઠ આલંબન પુરવાર થશે.

**પ્રવચનનું પ્રતિબિંબ**

**પ્રવચન પ્રભાવક આચાર્ય શ્રી**
**વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ**

તરવાનું તો પોતાની સાધનાને બળે જ હતું, તો એમાં ભગવાને અમુક ભૂમિ એમ કેમ કહ્યું ? ભૂમિનું આટલું બધું મહત્ત્વ શા માટે ? ઘણા તો એમ પણ કહેતા હોય છે ને કે - 'મન ચંગા તો કથરોટમેં ગંગા'. એને માટે 'અહીં જવું ને તહીં જવું એની જરૂર શું ? જ્યાં બેઠા હો ત્યાં જ ભાવના ભાવી શકાય છે.' પરમાત્માના શાસનને નહીં સમજેલા જ આવી વાત કરી શકે.

જો ક્ષેત્રનું મહત્ત્વ ન હોત, તો ભગવાન શ્રી આદિનાથ સિદ્ધગિરિ ઉપર ૯૯ પૂર્વ વાર કેમ ચડ્યા ? ૯૯ વાર નહિ, ૯૯ હજાર વાર નહિ, ૯૯ લાખ, ૯૯ ક્રોડ વાર પણ નહિ પરંતુ ૯૯ પૂર્વ વાર. કંઈ સમજ્યા ? ૮૪ લાખ ગુણ્યા ૮૪ લાખ = એક પૂર્વ થાય. ૭૦૫૬૦ અબજ એટલે એક પૂર્વ. આવા ૯૯ પૂર્વ વાર પરમાત્મા ચડ્યા. તે પણ બીજે ક્યાંય નહિ પણ સિદ્ધગિરિરાજ ઉપર જ. જો ક્ષેત્રનું મહત્ત્વ ન હોત તો ત્યાં જવાની શી જરૂર ?

શ્રી પુંડરિકસ્વામીજીને પણ ઋષભદેવ પરમાત્માએ ત્યાં જ જવાનું કહ્યું, એનું શું કારણ ? કારણ એ જ કે, સાધનાની સિદ્ધિ માટે ક્ષેત્રનું આલંબન પણ અનિવાર્ય છે.

**આત્મ સાધના માટે ચોક્કસ ભાવોની જરૂર છે જ. પરંતુ તે ભાવ પામવા માટે વિશિષ્ટ કોટિનું દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનું આલંબન લેવું અનિવાર્ય બને છે.** માટે જ પંચવસ્તુ નામના મહાગ્રંથમાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે,

**एसा जिणाणमाणा, खेत्ताइया य कम्मुणो हुंति । उदयाइकारणं जं, तम्हा एएसु जइयव्वं ॥११२॥**

કર્મોના ઉદય-ક્ષય-ઉદીરણાદિમાં ક્ષેત્રાદિ (દ્રવ્ય-કાળ-ભાવ-ભવ) નિમિત્ત બને છે. માટે એ (દરેક)ની શુદ્ધિ સાચવવા પ્રયત્ન કરવો એવી શ્રી જિનેશ્વરોની આજ્ઞા છે.

પરમાત્માના વચનની શ્રદ્ધા દૃઢ કરીને શાંબ અને પ્રદ્યુમ્નકુમાર ૮॥ કરોડ મતાંતરે ૩॥ કરોડ યાદવ મુનિઓ સાથે ત્યાંથી વિહરી સિદ્ધગિરિ ઉપર આવ્યા. રાયણ વૃક્ષ નીચે પ્રભુના પગલાંની સ્પર્શના કરી રાયણ વૃક્ષને પ્રદક્ષિણા કરી ત્યાંથી નીચે ઉતરી આજે જેને આપણે ભાડવાનો ડુંગર કહી છીએ, જેનું શાસ્ત્રીય નામ સદ્ભદ્રશિખર છે, ત્યાં આવી સદ્ધ્યાનમાં લીન બની ગયા. જે સાધના કરવી હતી, જે શુક્લ ધ્યાન પરનું હતું. જે દશા કેળવી માંડવી હતી, તે માટે એમને આ ક્ષેત્ર અત્યંત ઉપકારક લાગ્યું.

નોંધ : ધર્મમાં ભાવની અનિવાર્યતા હવે પછીના, ૨૯મા અંકમાં આપવામાં આવશે.

# પરિશિષ્ટ - ૯

## તિથિની બાબતમાં પરમાત્મા સીમંધર સ્વામીનો જવાબ

361 સન્માર્ગ

બકુભાઈ શેઠે વાત શરૂ કરતાં કહ્યું કે, "રતિભાઈ, તમે જે સાધના કરી છે, તેનો ઉપયોગ કરીને આપણે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા સીમંધર સ્વામી ભગવાનને પૂછાવી ન શકીએ કે તિથિની બાબતમાં આપણી વાત સાચી છે કે પ્રતિપક્ષની ?" આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મહારાજે પણ તે વાતમાં સૂર પૂરાવતાં મુંબઈ દર્શન કરવા આવેલા રતિભાઈ નામના મંત્રતંત્રના જાણકાર સાધકને પ્રશ્ન કર્યો.

મૂળ ખેડાના વતની શ્રી રતિભાઈ ઉપર અમદાવાદના કરોડપતિ મિલમાલિક શ્રી બકુભાઈ શેઠને ખૂબ વિશ્વાસ હતો. તેઓ બહુ સારા જ્યોતિષના જાણકાર હોવાથી 'જોષી' તરીકે પણ ઓળખાતા હતા. વિક્રમ સંવત ૧૯૯૨-૯૩માં તિથિનો વિવાદ વકર્યો ત્યાર પછી બકુભાઈ શેઠ રતિભાઈ જોષીને લઈને આચાર્ય મહારાજ પાસે આવ્યા હતા. રતિભાઈ કહે, "સાહેબજી ! તિથિની બાબતમાં સત્યની સાબિતી મેળવવાનો સૌથી સરળ રસ્તો છે, તપાગચ્છના અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ દેવ મણિભદ્રજીની સાધના કરી તેમને પ્રગટ કરવાનો. તેમના દ્વારા આપણે સીમંધર સ્વામી ભગવાનને જે પૂછાવવું હોય તે પૂછાવી શકીએ."

"આ કાર્ય અવશ્ય કરવા જેવું લાગે છે." આચાર્ય મહારાજે નિશ્ચયાત્મકતાથી કહ્યું.

આચાર્ય મહારાજ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરી અમદાવાદના રતિભાઈ જોષીએ આ સાધના કરવા માટે પ્રાચીન તીર્થ ચારૂપ જવાનું નક્કી કર્યું. આ માટે એક ઉત્તર સાધકને સાથે લીધો. બધી તૈયારી થઈ ગઈ તે પછી રતિભાઈને વિચાર આવ્યો : "સીમંધર સ્વામી જે જવાબ આપે તેને સાગરજી મહારાજ માન્ય ન કરે તો ?" માટે સાક્ષી તરીકે સાગરજી મહારાજના એક ભક્ત સકળચંદભાઈને પણ સાથે લીધા.

ચારૂપ તીર્થમાં જઈને રતિભાઈએ વિશિષ્ટ વિધિપૂર્વક સ્નાત્ર ભણાવ્યું અને પછી સ્નાત્ર જળ હાથમાં લઈને ઉત્તરસાધકને કહ્યું કે, "આ સ્નાત્ર જળ અત્યંત પવિત્ર અને ચમત્કારિક છે. આ સ્નાત્ર જળ આંખે લગાડનારને દેવોનાં સાક્ષાત્ દર્શન થઈ શકે છે." તેમણે એક કળશમાં સ્નાત્ર જળ લીધું અને તેને ધર્મશાળામાં લઈ જવા માટે ઉત્તરસાધકને આપ્યું.

ઉત્તરસાધક સ્નાત્ર જળ લઈને ધર્મશાળા તરફ આવતો હતો ત્યાં રસ્તામાં એક બળદ તેની સાથે અથડાયો. તેના ઉપર સ્નાત્રજળના કેટલાક છાંટા ઉડ્યા. એકાદ છાંટો તેની આંખમાં પણ ગયો.

ચારૂપની જૂની પુરાણી ધર્મશાળાની એક રૂમમાં માંડલું બનાવી ત્રણ જણ બેઠા હતા. એક રતિભાઈ જોષી હતા, બીજા સાગરજી મહારાજના ભક્ત સકળચંદભાઈ હતા અને ત્રીજા ઉત્તરસાધક હતા. ત્રણેયે પોતાની આંખે સ્નાત્રજળ લગાવી દીધું. રતિભાઈ જોષીએ આહ્‌વાન કર્યું એટલે થોડી જ વારમાં દેરાસરના શિખરના કળશમાંથી વિશાળ પરિવાર સાથે પૂર્ણભદ્ર અને મણિભદ્ર. પ્રગટ થયા તેમનું તેજ હતું કે આંખો અંજાઈ જાય. પેલા ઉત્તરસાધકથી મણિભદ્રજીનો આ તાપ જીરવાયો નહિ. તે માંડલું છોડીને ભાગી ગયો. પેલો અચાનક આ બળદ પણ ઉછળકૂદ કરવા લાગ્યો, કારણ કે તેને આજુબાજુની દેવીદેવતાઓની સૃષ્ટિ દેખાવા લાગી હતી. આ જોઈ રતિભાઈ જોષીને ખાતરી થઈ ગઈ કે આ સ્નાત્રજળ ખરેખર ચમત્કારિક છે. હવે રતિભાઈ અને સાંકળચંદભાઈ બે જ જણ બાકી રહ્યા.

"બોલો રતિભાઈ, કેમ યાદ કર્યા ?" મણિભદ્રજીએ પ્રશ્ન કર્યો.

"આપ જેના અધિષ્ઠાયક દેવ છો, એ તપાગચ્છમાં તિથિ વિવાદને કારણે ગંભીર સંકટ પેદા થયું છે. એક પક્ષે આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી વગેરે છે તો બીજા પક્ષે આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી આદિ છે. અમારે ભગવાન સીમંધર સ્વામી પાસેથી એ જવાબ મેળવવો છે કે તિથિની બાબતમાં કોનો મત સાચો છે ?" રતિભાઈ જોષીએ માંડીને વાત કરી.

"તમે જાપ ચાલુ રાખજો ! હું તત્કાળ સીમંધર સ્વામી ભગવાન પાસે મહાવિદેહ ક્ષેત્રમાં પહોંચું છું અને જવાબ લઈને પાછો આવું છું." મણિભદ્રજીએ કહ્યું. જાપ ચાલુ રહ્યો. બંનેના હૃદયના ધબકારા વધી રહ્યા હતા ત્યાં જ મણિભદ્રજી પ્રગટ થયા અને કહેવા લાગ્યા : "સીમંધર સ્વામી પરમાત્માનો સ્પષ્ટ જવાબ છે કે, તિથિની બાબતમાં વિજય રામચંદ્રસૂરિનો મત સાચો છે." આટલો જવાબ આપી મણિભદ્ર વીર અંતર્ધ્યાન થઈ ગયા.

રતિભાઈએ ફરી મુંબઈ આવીને આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજને હર્ષભેર જણાવ્યું. "સાહેબજી ! સીમંધર સ્વામી ભગવાનનો જવાબ મળી ગયો છે. તિથિની બાબતમાં આપનો મત સાચો છે."

"આ વાત સાગરજી મહારાજ માનશે ખરા ?" આચાર્ય મહારાજે પ્રશ્ન કર્યો.

"એ તો તેમના ખાસ ભક્ત સકળચંદભાઈ કેવી રીતે વાતની રજૂઆત કરે છે, તેના ઉપર આધાર રાખે છે." રતિભાઈએ કહ્યું. આ ઘટના પછી તિથિની બાબતમાં આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજાના વિચારોમાં રતિભાઈ વગેરે શ્રાવકો મક્કમ બની ગયા.



Scanned with CamScanner

# દ્વાદશાંગીના પ્રથમ આગમ આચારાંગજીની ટીકા પર ચલાવેલી કાતર

नि० - दंसणनाणचरित्ते तववेरग्गे य होइ उ पसत्था। जा य जहा ता य तहा लक्खण वुच्छं सलक्खणओ ॥ ३३२॥

दर्शनज्ञानचारित्रतपोवैराग्यादिषु या यथा च प्रशस्तभावना भवति तां प्रत्येकं लक्षणतो वक्ष्य इति ॥ ३३२ ॥ दर्शनभावनार्थमाह-

नि० - तित्थगराण भगवओ पवयणपावयणिअइसइड्ढीणं। अभिगमणनमणदरिसणकित्तणसंपूअणाथुणणा ॥ ३३३॥

तीर्थकृतां भगवतां प्रवचनस्य-द्वादशाङ्गस्य गणिपिटकस्य, तथा प्रावचनिनां- आचार्यादीनां युगप्रधानानाम् तथा ऽतिशयिनामृद्धिमतां- केवलिमनःपर्यायावधिमच्चतुर्दशपूर्वविदां तथाऽऽमर्षौषध्यादिप्राप्तर्द्धीनां यदभिगमनं गत्वा च दर्शनं तथा गुणोत्कीर्तनं संपूजनं गन्धादिना स्तोत्रैः स्तवनमित्यादिका दर्शनभावना, अनया हि दर्शनभावनयाऽनवरतं भाव्यमानया दर्शन-शुद्धिर्भवतीति ॥ ३३३॥ किञ्च-

नि० - जम्माभिसेयनिक्खमणचरणनाणुप्पया य निव्वाणे। दियलोअभवणमंदरनंदीसरभोमनगरेसु ॥ ३३४॥

नि० - अट्ठावयमुज्जिंते गयग्गपयए य धम्मचक्के य। पासरहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३५॥

तीर्थकृतां जन्मभूमिषु तथा निष्क्रमणचरणज्ञानोत्पत्तिनिर्वाणभूमिषु तथा देवलोकभवनेषु मन्दरेषु तथा नन्दीश्वरद्वीपादौ भौमेषु

## જુઓ "યુગપ્રધાનાનાં" શબ્દ ઊડાડ્યો...

### શાસ્ત્ર-દ્રષ્ટીનાં દર્પણમાં ગુરુપૂજન

૨૩

કરતો ઉલ્લેખ પણ આજ આગમ સૂત્રમાંથી મળે છે. આપણે શ્રી આચારાંગ સૂત્રનો (૬) એ પાઠ જોઈએ :

मूल : तित्थगराण भगवओ, पवयण-पावयणि अइसइड्ढीणं।
अभिगमण-णमण-दरिसण,-कित्तण-संपूअणा-थुणणा ॥३३३॥

टीका : तीर्थकृतां भगवतां प्रवचनस्य-द्वादशाङ्गस्य-गणिपिटकस्य, तथा प्रावचनिनां-आचार्यादिनां, ? तथाऽतिशयिनामृद्धिमतां केवलि-मनःपर्यायावधिम[illegible]दशपूर्वविदां तथाऽऽमर्षौषध्यादिप्राप्त-ऋद्धीनां यद[illegible]मनं गत्[illegible] च दर्शनं तथा गुणोत्कीर्तनं संपूजनं गन्[illegible]दिना स्तोत्रैः स्त[illegible]नमित्यादिका [illegible]नभावना, अनया हि [illegible]न-भावनयाऽनवरतं [illegible]व्यमानया दर्शनवि[illegible] भवतीति॥

ટીકાર્થ :- તીર્થંકર ભ[illegible]વંતો, આચાર્ય ભ[illegible]વંતો, કેવલિ-મનઃપર્યવજ્ઞાની - અ[illegible]ધિજ્ઞાની - ચતુર્દશપૂર્વધારી તેમજ આમર્ષોપધિ આદિ ઋદ્ધિવાળાઓની સામે જવું, [illegible] કીર્તન કરવું, સુગંધી

નોંધ: ગુજરાતીમાં પણ આ શબ્દનો અર્થ નથી માટે આ પ્રિન્ટિંગ મિસ્ટેક નથી

# પરિશિષ્ટ - ૧૧

જૈન શાસન
• અઠવાડિક •

વર્ષ ૭] ૨૦૫૧ પોષ વદ - ૨ મંગળવાર તા. ૧૭-૧-૯૫ [અંક- ૨૦]

## -: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા।

પ્રવચન-ચોથું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૪ મંગળવાર તા. ૮-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

આજે બહુ જ બગાડો થઈ ગયો છે. જે ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે તે ધર્મ મોટો ભાગ સંસારનું સુખ અને મોજમઝાદિ માટે કરે છે. ધર્મ પાસે શું મંગાય? જે જોઈએ તે બધું મંગાય એમ જ માનો છો ને? ભગવાન પાસે ભાવડી ય માગો ને? દુઃખોનથી બચવા, સદ્ધ્યાનમાં રહેવા, ધર્મ પામવા અને સારી રીતે કરવા માટે માગતા હો તો માગવાની છૂટ છે. જે પોતે ભુખે મરતો હોય, ધર્મ ન થઈ શકતો હોય તેવો શ્રાવક ભગવાનને કહી શકે કે-પેટમાં નાખવા જોગું મળી જાય તો ધર્મ કરી શકું. તો તે માટે માગવાની છૂટ છે. પણ તેને શા માટે માગ્યું તે સમજો. પેટ ભરવા માગ્યું કે ધર્મ સારી રીતે થઈ શકે માટે માગ્યું? મોટાભાગનો તો ધર્મને [illegible] કરવાનો જ હેતુ છે. તમારી પાસે આજીવિકાનું સાધન છે તો શું કામ વેપારાદિ કરો છો? આજીવિકાનું સાધન હોય તે શ્રાવક વેપારાદિ કરે? વેપાર [illegible] જેવો છે? વેપારને ધર્મ માનો છો કે અધર્મ? વેપાર મજેથી કરો છો કે ન કરે છો?

પ્ર.- પહેલાં સંતોષ મેળવવો કે સમકિત મેળવવું?

ઉ.- સંતોષી જીવ ધર્મ પામે. લોભિયા જીવ કદી ધર્મ ન પામે.

# પરિશિષ્ટ - ૧૨

: 'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશના પદ્ધતિ' વિષે
ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન:

આ અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે - જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિ દુઃખોથી રીબાય છે. એનો અંત તો જ આવે કે જીવ એ સંસારબંધનથી છૂટી મોક્ષ પામે. સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વરદેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આલોક-પરલોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે, મુખ્ય નહિ, કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે માટે તે પ્રાર્થનીય છે અને તેની પ્રાર્થના મોક્ષાંગ છે. તેવી રીતે 'જયવીયરાય' સૂત્ર વગેરેમાં પ્રાર્થિત "ભવનિર્વેદ = સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા = મોક્ષમાર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ = આ લોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ - જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરુદ્ધત્યાગ = સર્વજન નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા = માતા પિતા-ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ = બીજાના કાર્યોનું કરવું, શુભગુરુ યોગ = ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્વચનસેવા = આ સંસારમાં જ્યાં સુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભ ગુરુના વચનની અખંડ સેવા - સંપૂર્ણ સેવા થાઓ," વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે. રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાળકક્ષાના (બાહ્ય ફલાપેક્ષાવાળા) જીવોને નીચેનાં કારણોસર લૌકિક સુખ માટે પણ આ જિનોક્ત ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.

એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપપ્રવૃત્તિથી હટે છે. અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મ અનુષ્ઠાન મુક્તિ અદ્વેષજન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઈ જઈ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારું બને છે.

આ પ્રયોજન જીવનનિર્વાહ વગેરે ઈહલૌકિક આશયવાળું હોય તોય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં લૌકિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્તધ્યાન - અસમાધિના પાપથી બચે અને સ્વસ્થચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિસુખ પામી શકે.

સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે.

ઉપરોક્ત કારણના અભાવે, અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિ પ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા લૌકિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાન વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિનાં હોઈ જૈન શાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે.



Scanned with CamScanner

(૨)

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્હેતુ નામનું સદ્ અનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિભાષિતધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે."

૨૦૪૩ ના આસો વદ ૧૨ ને બુધવાર
વિજય રામચંદ્રસૂરિ
પ્રાર્થનાસમાજ - મુંબઈ
વિજય ભુવનભાનુસૂરિ
[illegible], [illegible]
[illegible] વદ ૧૩, વિ. સં. ૨૦૪૩

'જિનવાણી' અને 'દિવ્યદર્શન'માં મૂકવાની નોંધ:
'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશનાપદ્ધતિ' વિષે
ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન:

[શ્રી જિનશાસનની દેશના પદ્ધતિ અંગે તથા શ્રી પ્રાર્થના ('જયવીયરાય') સૂત્રમાંના 'ઈષ્ટ ફલ સિદ્ધિ' પદના પરમાર્થ સંબંધમાં, ઉપદેશક મહાત્માઓને તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રદ્ધાળુઓને શાસ્ત્રીય માર્ગદર્શન આપતો એક નિર્ણય, નિર્ણયની નીચે સહી કરનાર બંને પૂજ્યવરોનાં સૂચનાનુસાર પ્રગટ કરીએ છીએ. સં.]

પર્યુષણા બાદ
તા. ૨૦/૯/૮૭ - રવિવાર
'જિનવાણી' અંક પ્રગટ
થશે.
તેમાંના [illegible]
[illegible]

# પરિશિષ્ટ - ૧૩

Jitendra B. Shah

રાજનગરનાં જિનાલયો (લે. જિતેન્દ્ર બી. શાહ તથા ચંદ્રકાંત કડિયા) પ્રકા. શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ 1, પ્રથમ આવૃત્તિ, પૃ 188 ઉપર નીચે પ્રમાણેની વિગતો પ્રકાશિત કરવામા આવી છે)

## તેજપાલ

**(સં.1681ની આસપાસ)**

સં.1681ની આસપાસ તેજપાલ નામનો એક શ્રેષ્ઠી થઈ ગયો, જે સિહોરીમાં રહેતો હતો એને તેના રાજાનો મહામાત્ય હતો. તે તપાગચ્છના 60માં ભટ્ટારક વિજય દેવસૂરિ(સં.1656 થી સં.1713)નો પરમ ભક્ત હતો. તેણે અમદાવાદમાં મોટો ઉત્સવ કર્યો હતો. તે સમયે સૌ ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસ તથા સાધુઓ વગેરેની સોના-રૂપા નાણાથી નવાંગી પૂજા કરી હતી. સં.1681ના પ્ર. ચૈ.સુ.9 ને રવિવારે તેમણે અમદાવાદમાં તપાગચ્છના દેવસૂર સંઘ અને આનંદસૂર સંઘની બંને શાખાઓનો ભેદ મટાડી એક કરવાનો પ્રયત્ન કર્યો હતો. આથી સંઘે મોટો ઉત્સવ કરી તેજપાલને "ગચ્છ ભેદનિવારક તિલક" અને સંઘપતિનું તિલક કર્યું હતું.

આ બાબતે કેટલાક મુનિભંગવતોએ તથા વિદ્વાનોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે તે સમયે સૌ ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસ તથા સાધુઓ વગેરેની સોના-રૂપા નાણાથી નવાંગી પૂજા કરી હતી. આ ઉલ્લેખ મૂળ ગ્રંથમાં આવે છે કે કેમ? આ પ્રશ્નનું સમાધાન મેળવવા અમે અનેક હસ્તપ્રતોનું અવલોકન કર્યું હતું. સર્વ પ્રથમ તો અમે ઉપર જણાવેલ ઉલ્લેખ જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ 3 પૃ.518 ને આધારે લીધો હતો. જે અમારા માટે આધાર હતો. અમે મૂળ ગ્રંથ - હસ્તપ્રતોનું અવલોકન કર્યું ન હતું, પણ પ્રશ્ન ઉઠતા અને આ ઉલ્લેખ કુમતાહિવિષ જાંગુલી (હિતોપદેશ) નામના ગ્રંથમાં આવે છે, તેની મૂળ હસ્તપ્રતોનું અવલોકન કર્યું હતું. આ ગ્રંથના રચનાકાર પૂ. રત્નચંદ્ર ગણી છે. તેમણે સં.1677માં આ ગ્રંથની રચના કરી હતી. તેની પ્રાચીનતમ પ્રત સં.1681માં લખાયેલી પગથિયાના ઉપાશ્રયના જ્ઞાનભંડારમાં, બે હસ્તપ્રતો ક્રમાંક 1013 તથા 1030 રૂપે મળે છે. અર્થાત્ લેખકે રચના પછી પાંચ વર્ષ બાદ લખાયેલી છે, તેમાં નવાંગી પૂજાનો ઉલ્લેખ નથી. આ ઉપરાંત પાટણ, લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તેમ જ વડોદરા અને ભાવનગરના હસ્તપ્રત સંગ્રહોમાં ઉપલબ્ધ પ્રાચીન હસ્તપ્રતોમાં પણ નવાંગી ગુરુપૂજન કર્યું હોવાનો ઉલ્લેખ આવતો નથી. આથી રાજનગરનાં જિનાલયોમાં તેજપાલની વિગતોમાં દર્શાવેલ નવાંગી ગુરુપૂજનની બાબત પાછળના સમયે નકલ કરવામાં આવેલી હસ્તપ્રતમાં ઉમેરી દેવામાં આવી હોય તેવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે. આથી તેજપાલની વિગતમાં નવાંગી ગુરુપૂજનની વાતને સ્થાને માત્ર ગુરુભક્તિ કરી તે પ્રમાણે વાચવું ઉચિત જણાય છે.

J.B.Shah...

જિતેન્દ્ર બી. શાહ

803, Sarap Building, Opp. Navjivan Press, Ashram Road, Ahmedabad – 380 014. GUJARAT. GUJARAT
Phone : 9825800126 • E-Mail : jitendrabshah@yahoo.com

શાસ્ત્રોમાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારને બહુ કડક શબ્દોમાં ઠપકાર્યો છે.

जह सरणमुवगयाणं जीवाणं निकिंतए सिरे जो उ ।

एवं आयरिओ वि हु उस्सुत्तं पन्नवंतो य ।।५१८।। (उपदेश माला)

અર્થ : મારું રક્ષણ કરો, મારું રક્ષણ કરો... આ રીતે શરણે આવેલા ભયભીત જીવોના (શરણ આપવાના નામ હેઠળ) જે મસ્તકો છેદે છે, એવું જ કામ, "મોક્ષમાર્ગ દર્શાવીને અમારો ઉદ્ધાર કરો- ઉદ્ધાર કરો," એ રીતે શરણે આવેલા, સંસાર થી ભયભીત થયેલા જીવોને શાસ્ત્રના નામે જે ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે તે આચાર્ય કરી રહ્યા છે.

આના ઉપર વિચાર કરીએ તો જ્ઞાનીઓએ ખૂબ જ કડક વાત કહી દીધી છે એ જણાયા વિના નહીં રહે..

| દુન્યવી કસાઇ | ઉત્સૂત્ર ભાષી |
|---|---|
| પશુનું મસ્તક છેદે. | માણસનું મસ્તક છેદે |
| પરાણે લાચારીથી આવેલાનું છેદે | સ્વયં હોંશથી આવેલાનું છેદે.. |
| સ્વરક્ષાર્થે શરણે નહીં આવેલાનું છેદે... | શરણે આવેલાનું છેદે |
| અશ્રદ્ધાળુનું છેદે. | સ્વશ્રદ્ધાળુનું છેદે. |
| હાથમાં છરો, કસાઇનો જ વેશ. | હાથમાં ઓઘો, રક્ષકનો વેશ. (=સાધુવેશ) |
| એક જ મોત, દુર્ગતિનો નિયમ નહીં. | સેંકડો-હજારો મોત, અવશ્ય દુર્ગતિ.. |

હોસ્પીટલનું (જૈનશાસનનું) બોર્ડ હોય, ડૉક્ટરનો (સાધુનો)વેશ હોય, તમારો (સંસારરૂપી) રોગ મટાડવો છે? (આત્માના) આરોગ્યને (મોક્ષને) પામવો છે? તો પધારો... આવી જાહેરાત હોય... પણ પછી કામ? હોંશે હોંશે આવેલા જીવોના સન્માર્ગરૂપ માથાને છેદી નાખવાનું... ઉન્માર્ગ દ્વારા દુર્ગતિના ચક્કરમાં ફેંકી દેવાના...

જે પણ ઉત્સૂત્રભાષણ કરતા હોય તે આવું હલકટમાં હલકટ કનિષ્ઠ પાપ કરી રહ્યા છે. તેથી તો આનંદઘનજી મહારાજે કહ્યું છે :

<u>પાપ નહીં કોઇ ઉત્સૂત્રભાષણ જિસ્યું...</u>

આ હૉસ્પીટલ નથી, કતલખાનું છે.

ડૉક્ટર નથી, કસાઇ છે,

રોગ મટશે નહી, મોત ભેટી જશે...

આ કહેવાતી હોસ્પીટલ તરફ ખેંચાઇ રહેલા જીવોને આવી વાસ્તવિકતા સમજાવવાની શું કરુણાર્દ્ર સજ્જનોની ફરજ નથી ?



Scanned with CamScanner

લવાદ શ્રી પી. એલ. વૈદ્દે

આપેલો ચૂકાદો,

પૂ.આ.શ્રી સાગરજી મ.ની

પણ તરફેણ

કરે છે ?

હા.., કઈ રીતે ?

અંદર વાંચો



Scanned with CamScanner

# પ્રસ્તાવના

વિ.સં. ૧૯૯૨ પૂર્વે તો આખા તપાગચ્છમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કોઈ કરતું નહોતું. ત્યારબાદ અમુક વર્ગે એ શરુ કર્યું. આ વર્ગ બેતિથિપક્ષ તરીકે ઓળખાયો. સમયના વહેણ સાથે આ ચર્ચા શાંત થવાના બદલે વધવા લાગી. એ શાંત થાય એ માટે ના અનેક પ્રયાસોમાં એક પ્રયાસ શેઠશ્રી કસ્તુરભાઈએ કર્યો જેના કારણે પૂ.આ.શ્રી સાગરાનંદસૂરિ મ. અને આ. શ્રી રામચંદ્રસૂરિ મ. વચ્ચે લવાદી ચર્ચા થઈ. લવાદ તરીકે એક અજૈન વિદ્વાન ડૉ. પી.એલ.વૈદ હતા.

'આ લવાદી ચર્ચાનો નિર્ણય લવાદ શ્રી વૈદે અમારી તરફેણમાં આપ્યો છે' આવો બેતિથિપક્ષ તરફથી ધૂમ પ્રચાર થયો. ને પછી પણ કાળે કાળે એ જ વાતને એ પક્ષ દોહરાવ્યા કરે છે. તેથી મોટા ભાગનો સંઘ પણ આ જ માની રહ્યો છે. પણ હકીકત આ નથી. લવાદે મુખ્યરીતે એકતિથિપક્ષનું જ સમર્થન કર્યું છે. એ કઈ રીતે ? એ માટે આ લેખને ધ્યાનપૂર્વક વાંચશો.

અલબત્ પૂ. સાગરજી મ. તો આ ચૂકાદો જાહેર થાય એ પૂર્વે જ, 'આમાં ઘણી ઘાલમેલ થઈ છે અને લવાદની તટસ્થતા તૂટી ગઈ છે, માટે એમણે આપેલ ચૂકાદો અમને માન્ય રહેશે નહીં.' એવું જણાવીને આ ચર્ચામાંથી ખસી

ગયા હતા. વળી મુખ્ય બાબતમાં લવાદે પૂ. સાગરજી મ. ના જ અર્થઘટનને જે સ્વીકાર્યું છે તે તટસ્થતા પૂર્વકની તેમની વિદ્વત્તાનો પ્રભાવ છે. અને એટલે જ એ સિવાય એમણે પૂ. સાગરજી મ. ના વિરોધમાં (પોતે જ સમર્થન કરેલા અર્થઘટનના વિરોધમાં) જે કંઈ જણાવ્યું છે તે તેમના પર આવેલા કોઈક દબાણનો પ્રભાવ છે એવું કોઈપણ મધ્યસ્થ સુજ્ઞને પ્રતીત થયા વિના રહેતું નથી. જો એવું ન હોત તો લવાદના ચૂકાદામાં જે સ્પષ્ટ પૂર્વાપર વિરોધ છે તે ન હોત. અસ્તુ.

પ્રશ્ન : શેઠશ્રી કસ્તુરભાઈના પ્રયત્નોથી પૂ.આ.શ્રી સાગરાનંદસૂ મ.સા. અને આ. શ્રી રામચંદ્રસૂ મ. વચ્ચે જે લવાદી ચર્ચા થયેલી એમાં લવાદ શ્રી પી. એલ. વૈદે ચૂકાદો કોની તરફેણમાં આપેલો ?

ઉત્તર : બન્નેની તરફેણમાં.

પ્રશ્ન : અમે તો એવું સાંભળ્યું છે કે બેતિથિપક્ષની તરફેણમાં જ એ ચૂકાદો અપાયેલો. એકતિથિપક્ષની માન્યતાનો તો અસ્વીકાર થયેલો.

ઉત્તર : આ બધો હજારો હેન્ડબીલો દ્વારા કરેલા ગોબેલ્સ પ્રચારનો પ્રભાવ છે.



Scanned with CamScanner

પ્રશ્ન : એ કઈ રીતે ?

ઉત્તર : શાંતિથી વિચારવાની તૈયારી હોય તો સમજાશે તે આ રીતે-લવાદ શ્રી પી. એલ. વૈદ્દે જે ચૂકાદો આપ્યો છે એનો પહેલો પેરેગ્રાફ આવો છે.

**ઉમાસ્વાતિના વચનના પ્રઘોષ તરીકે પ્રસિદ્ધ "ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા" (ક્ષય માં પૂર્વા એટલે આગલી તિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તરા એટલે પાછલી તિથિ કરવી.) એ શ્લોકાર્ધ ને ઉદ્દેશીને, આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજી અને આચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરિજી વચ્ચે, તિથિની ક્ષય-વૃદ્ધિ વિષયક મહાન મતભેદ પ્રગટ થયો. તે મતભેદ આ પ્રમાણે ઊભો થયો છે. જ્યારે જોધપુરી ચંડાશુચંડૂ પંચાંગમાં તિથિઓનો, ખાસ કરીને પર્વતિથિઓનો ક્ષય અથવા તો વૃદ્ધિ પ્રાપ્ત થાય, ત્યારે આરાધનને માટે કયી તિથિ સ્વીકારવી જોઈએ-એ વિષયને ઉદ્દેશીને, ઉપર્યુક્ત બન્નેય આચાર્યોનું ભિન્ન ભિન્ન (માર્ગ) પ્રસ્થાન થયું. તેથી, આ વિષયમાં, આગમાદિ શાસ્ત્રોના પર્યાલોચન દ્વારા જીતવ્યવહારનાં સમાલોચન દ્વારા, કયા પ્રસ્થાનનું (માર્ગનું) પ્રમાણિકપણું તથા શાસ્ત્રાનુસારિપણું છે ? એ પ્રશ્નના નિર્ણય માટે અમો પ્રવૃત્ત થયા છીએ.**

આ લખાણ પરથી સ્પષ્ટ છે કે આખા વિવાદનું ઉદ્ગમસ્થાન ક્ષયે પૂર્વા. આ પ્રઘોષનું અર્થઘટન છે. બન્ને પક્ષ આનું અર્થઘટન અલગ-અલગ રીતે કરે છે. એમાંથી જેમના અર્થઘટનને લવાદે સ્વીકાર્યો હોય એમની તરફેણમાં એમણે ચૂકાદો આપ્યો છે એ સિદ્ધ ન થઈ જાય ?

લૌકિક પંચાંગમાં જ્યારે સોમવારે સાતમ ને મંગળવારે નોમ છે, એટલે કે આઠમનો ક્ષય છે. ત્યારે ક્ષયે પૂર્વા. એ પ્રઘોષવચન લાગુ પડે છે. પૂ.સાગરજી મ. આ પ્રઘોષવચનનું આવું અર્થઘટન કરે છે: આરાધનાનો વિનાશ એ દોષરૂપ છે. એ ન થાય એ માટે સોમવારે સાતમનો ક્ષય કરી ઉદયની આઠમ બનાવવી અને એટલે આઠમની લીલોતરી ત્યાગ વગેરે આરાધના કરવી. શ્રીરામચંદ્રસૂરિ મહારાજ એવું અર્થઘટન કરે છે કે સોમવારે સાતમનો ક્ષય ન કરવો, એને સાતમ તરીકે ઊભી રાખવી, માત્ર આઠમની લીલોતરી ત્યાગ વગેરે આરાધના સોમવારે કરી લેવી. બાકી લૌકિકપંચાંગમાં રહેલો આઠમનો ક્ષય યથાવત્ રાખવો.

બેતિથિપક્ષ તરફથી પ્રકાશિત થયેલ ‘જૈન દૃષ્ટિએ તિથિદિન અને પર્વારાધન...’ પુસ્તકમાં લવાદે આપેલો આખો નિર્ણય સંસ્કૃત, અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં છપાયેલો છે. એમાં ક્ષયે પૂર્વા. આ પ્રઘોષ વચનનું લવાદે કરેલુ અર્થઘટન ગુજરાતીમાં પૃ. ૨૮૯ ઉપર આપેલું છે જે અક્ષરશ: નીચે મુજબ છે.

હવે લૌકિક ટિપ્પણમાં જ્યારે કોઈ તિથિ ક્ષીણ તરીકે દર્શાવેલી હોય, ત્યારે તેનું સૂર્યોદયને સ્પર્શવાપણું જ હોતું નથી અને તે ન હોવાથી તેનું ઔદયિકતિથિપણું સંભવતું નથી. વળી ક્ષીણ તિથિનું આરાધન ક્ષીણ થતું નથી, તો હવે એવી ક્ષીણ તિથિ ઔદયિક તિથિ શી રીતે બને, એનો મીમાંસાપ્રણાલિકાને અનુસરીને વિચાર કરતાં - 'विधिरत्यन्तमप्राप्ते' એ ન્યાય પ્રમાણે અપૂર્વ વિધિનું વિધાન કરનાર 'ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા' શાસ્ત્રના આધારે આઠમ વગેરે તિથિ સાતમ વગેરે તિથિમાં કરાય છે.

1. નહિતર, ઉદયવાળી તિથિનો અસંભવ થવાથી.
2. આરાધના વિનાશનો દોષ શ્રાદ્ધને લાગે છે. ત્યાં અપૂર્વ વિધિનું વિધાન કરનારા આ શાસ્ત્ર દ્વારા
3. સાતમનું સાતમપણું કેવલ અષ્ટમીની આરાધનાના નિમિત્ત પૂરતું દૂર કરીને તેમાં આઠમપણું સ્થપાય છે. એ રીતે લૌકિક ટિપ્પણમાં આવતી ઉદયવાળી સાતમ, આઠમની આરાધનાના વિષયમાં
4. ઉદયવાળી આઠમ બને છે, ત્યારે જ તેમાં આઠમ સંબંધી તપ વગેરેનું અનુષ્ઠાન સંભવે છે. આમ, અપૂર્વ વિધિ દ્વારા જ, (આઠમનો) ક્ષય હોવા છતાં આઠમની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે બીજી તિથિઓમાં પણ.



Scanned with CamScanner

આ લખાણમાં જે નંબરો આપ્યા છે એને સંલગ્ન નીચેની વાતો જાણવી.

1. આનો અર્થ સ્પષ્ટ છે કે આઠમનો ક્ષય હોય તો ઉદયની આઠમ મેળવવી જરૂરી છે, ને એ મેળવવા માટે જ ક્ષયે પૂર્વા. એ શાસ્ત્રપાઠ છે. આ વાત બેતિથિપક્ષની માન્યતાથી બિલકુલ વિપરીત છે, કારણકે એ પક્ષ તો પર્વતિથિનો (ધારોકે આઠમનો) ક્ષય પણ માને જ છે. એટલે જ તેઓ આઠમને ઉદયની તિથિ બનાવતા જ નથી, માત્ર સાતમના દિવસે આઠમની આરાધના કરી લેવી એમ કહે છે.

વળી ક્ષયે પૂર્વા. એ શાસ્ત્ર વચન પરથી ઉદયની આઠમ તો જ મળે છે જો એનો અર્થ 'લૌકિકપંચાંગમાં પર્વતિથિનો (આઠમનો) ક્ષય આવે તો પૂર્વની તિથિને (સાતમને) એ ક્ષીણ પર્વતિથિરૂપે = આઠમરૂપે કરી લેવી જોઈએ' આવો કરવામાં આવે. (ધારોકે લૌકિક પંચાંગમાં સોમવારે ઉદયની સાતમ છે ને મંગળવારે નોમ છે એટલે કે આઠમનો ક્ષય છે. એટલે સોમવારને સાતમના બદલે આઠમ બનાવી દેવામાં આવે તો ઉદયની આઠમ મળી જાય.)

એક તિથિપક્ષ જ આવો અર્થ કરે છે. બેતિથિપક્ષ તો સોમવારે સાતમને ઊભી જ રાખવાની, માત્ર આઠમની

આરાધના કરી લેવાની, એમ અર્થ કરે છે, જે અર્થનો લવાદે સ્વીકાર કર્યો નથી.

પંચાંગનો આવો કોઠો બને છે.

| | રવિવાર | સોમવાર | મંગળવાર |
|---|---|---|---|
| લૌકિક પંચાંગ | ૬ | ૭ | ૯ |
| એકતિથિ પંચાંગ | ૬ | ૮ | ૯ |
| બેતિથિ પંચાંગ | ૬ | ૭+૮ | ૯ |

2. 'આરાધના વિનાશ એ દોષ રૂપ છે' આ વાત પણ એકતિથિપક્ષની જ તરફેણ કરે છે, કારણકે એની માન્યતા પ્રમાણે જ આરાધક આ દોષથી બચી શકે છે. બેતિથિ પક્ષની માન્યતા પ્રમાણે તો આ દોષ લાગે જ છે. જુઓ

| | રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર |
|---|---|---|---|---|
| લૌકિક પંચાંગ | ૧૨ | ૧૩ | ૧૪ | વદ.૧ |
| એકતિથિ પક્ષ | ૧૨ | ૧૪ | ૧૫ | વદ. ૧ |
| બેતિથિ પક્ષ | ૧૨ | ૧૩ | ૧૪+ ૧૫ | વદ. ૧ |

લૌકિક પંચાંગમાં પૂનમનો ક્ષય છે. એટલે ઉપરના કોઠા મુજબ પૂર્વની ચૌદસને પૂનમ કરી દેવામાં આવી. પણ તો પછી ચૌદસનો ક્ષય થઈ જાય જે એ પર્વતિથિ હોવાથી માન્ય નથી. તેથી એની પણ પૂર્વની (સોમવારની) તેરસને ચૌદસ બનાવી દેવામાં આવી. તેરસનો ક્ષય થઈ ગયો. ટૂંકમાં, પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કર્યો. ચૌદસ-પૂનમ બંને અનુક્રમે સોમવારે અને મંગળવારે ઉદયવાળી બનવાથી બંનેની આરાધના અક્ષતપણે કરી શકાશે અને તેથી આરાધના વિનાશનો દોષ નહીં લાગે. પણ બેતિથિપક્ષ તો, મંગળવારે જ ચૌદસ-પૂનમ બંનેની આરાધના કરવાનું કહે છે. તેથી એમની માન્યતા મુજબ એ મહિનામાં ૧૨ના બદલે ૧૧ દિવસ જ લીલોતરી ત્યાગ વગેરે આરાધના થવાથી એક દિવસની આરાધનાનો વિનાશ થાય જ છે ને છતાં તેઓને એનો વાંધો નથી એ સૂચવે છે કે તેઓ એને દોષરૂપ માનતા નથી.

આમ આરાધના વિનાશને દોષરૂપે કહીને લવાદે એકતિથિપક્ષની તરફેણમાં નિર્ણય આપ્યો છે એ સ્પષ્ટ છે.

૩. અહીં લવાદે સાતમનું (સોમવારનું) સાતમપણું દૂર કરવાનું જે કહ્યું છે તે પણ એકતિથિપક્ષની જ તરફેણમાં છે, કારણ કે એકતિથિપક્ષ જ સાતમનો ક્ષય કરે છે ને આઠમને



Scanned with CamScanner

ઉદયની બનાવે છે. બેતિથિપક્ષ તો સાતમનું સાતમપણું ઊભું જ રાખે છે, માટે લવાદની વાત એના વિરુદ્ધ છે.

૪. ઉદયવાળી આઠમ બને છે ત્યારે જ તેમાં આઠમ સંબંધી તપ વગેરેનું આરાધન સંભવે છે. લવાદનું આ વાક્ય પણ એકતિથિપક્ષની તરફેણ કરે છે, કારણ કે એ જ સાતમનો ક્ષય કરી આઠમને ઉદયવાળી બનાવે છે. બેતિથિપક્ષ તો એને ઉદયવાળી સાતમ જ માને છે. આઠમ માનતો જ નથી.

પ્રશ્ન : બેતિથિ પક્ષ એ દિવસને ઉદયવાળી સાતમ + આઠમ બંને માનતો હોય તો ?

ઉત્તર : એક દિવસે ઉદયવાળી બે તિથિ માની શકાતી નથી.

આમ આ ચારે બાબતોનો સૂર એક જ છે કે લવાદે એકતિથિપક્ષની તરફેણ કરી છે, બેતિથિપક્ષની વાતોનો સ્વીકાર કર્યો નથી.

પ્રશ્ન : લવાદે ક્ષયે પૂર્વા. પ્રઘોષનો તર્કપૂર્વક અર્થ જે વિચાર્યો છે તેનાદ્વારા તેમણે એકતિથિપક્ષને જ સાચો ઠેરવ્યો છે, એ તમારી વાત સાચી છે. પણ તો પછી આગળ-પાછળ એમણે કેમ બેતિથિપક્ષનો પક્ષ લઈ લીધો છે. ?

ઉત્તર : એનો સ્પષ્ટ ઉત્તર તો લવાદ ખુદ જ આપી શકે. પણ 'પર્વતિથિનિર્ણય' નામનું દમદાર પુસ્તક જોશો તો



Scanned with CamScanner

બધો ખ્યાલ આવી શકે.

તેથી પૂ. શ્રી સાગરજી મહારાજ ચૂકાદો જાહેર થાય એ પૂર્વે જ લવાદની મધ્યસ્થતા તૂટી ગઈ છે. વગેરે કહીને આ ચર્ચામાંથી બહાર નીકળી ગયા હતા. 'લવાદ મધ્યસ્થ છે' એમ સમજીને જ તો તેઓ જે ચૂકાદો આપે તે સ્વીકારી લેવાની તૈયારી રાખેલી. પણ મધ્યસ્થતા જ તૂટી ગયેલી પ્રતીત થાય તો પછી એ નિર્ણય સ્વીકારી લેવાની ફરજ પાડી શકાય નહીં, એ સ્પષ્ટ છે. અસ્તુ.

હવે, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા... આટલો પ્રઘોષનો જે અંશ છે, એના પરની લવાદની વિચારણા પણ એક તિથિપક્ષની જ તરફેણ કરે છે એ જોઈએ. એમનું લખાણ આવું છે. (પૃ.૨૮૯.૨૯૦)

**અહીં 'વૃદ્ધૌ કાર્યા તથોત્તરા' એ શાસ્ત્ર નિયમવિધિ કરનારું છે. તિથિની વૃદ્ધિ આવે ત્યારે તે નિયમવિધિ કરનારા શાસ્ત્રના આધારે <u>બીજી તિથિમાં જ</u> ઔદયિક - તિથિપણું નિયમિત કરાય છે.**

લવાદે કરેલું આ અર્થઘટન એકતિથિપક્ષનું જ સમર્થન કરે છે. તે આ રીતે - ધારોકે લૌકિક પંચાંગમાં સોમવારે ૭, મંગળવારે ૮ અને બુધવારે ૮... આમ છે. એટલે કે મંગળવારે અને બુધવારે... બંને દિવસે ઉદયની આઠમ

છે. તેથી વૃદ્ધૌ કાર્યા તથોત્તરા... એ શાસ્ત્રવચન લાગુ પડે છે ને એ એવો નિયમ જણાવે છે કે આવા અવસરે બીજી તિથિને જ ઔદયિક તિથિ માનવી. તેથી, પ્રસ્તુતમાં બુધવારને જ ઔદયિક આઠમ માનવાની છે. મંગળવારને નહી... તો મંગળવારે કઈ ઔદયિક તિથિ માનવી? યાદ રહે, સોમવારે ઔદયિક સાતમ છે.

પ્રશ્ન : મંગળવારે કોઈ જ ઔદયિક તિથિ ન માનીએ તો ?

ઉત્તર: જેમ એક જ દિવસે બે ઉદયતિથિ હોય એ સંભવતું નથી, એમ એક પણ ઉદયતિથિ ન હોય એવું પણ સંભવતું નથી. એટલે ઉદયતિથિ માનવાની તો છે જ. તેથી મંગળવારને ઉદયની સાતમ માન્યા વિના છૂટકો નથી. એટલે લવાદે કરેલા અર્થઘટન મુજબ આવો કોઠો બનશે.

| | સોમવાર | મંગળવાર | બુધવાર |
|---|---|---|---|
| લૌકિક પંચાંગ | ૭ | ૮ | ૮ |
| લવાદ મુજબ | ૭ | ૭ | ૮ |
| એકતિથિ પક્ષ | ૭ | ૭ | ૮ |
| બેતિથિ પક્ષ | ૭ | ૮X | ૮ |

આમાં સ્પષ્ટ છે કે લવાદે એકતિથિપક્ષની જ વાત સ્વીકારી છે, બેતિથિપક્ષની નહીં. જો લવાદે એવું અર્થઘટન કર્યું હોત કે, 'તિથિની વૃદ્ધિ આવે ત્યારે બન્ને તિથિમાં ઔદયિકતિથિપણું રાખવું. પણ વૃદ્ધૌ કાર્યા તથોત્તરા... નિયમ વિધિ કરનારા આ શાસ્ત્રના આધારે બીજી ઔદયિકતિથિમાં જ આરાધના નિયમિત કરાય છે...' તો કહી શકાત કે લવાદે બેતિથિપક્ષનું સમર્થન કર્યું છે. પણ એવું કર્યું નથી. લવાદે તો, બીજી તિથિ જ ઔદયિક આઠમ છે, (પહેલી નહી.) ને એ બીજી તિથિ જ ઔદયિક આઠમ છે, માટે એમાં જ આરાધના કરવી એમ જણાવ્યું છે, જે એકતિથિપક્ષના અર્થઘટનનો પડઘો છે.

પ્રશ્ન : બેતિથિપક્ષ ૭ + ૮... આ રીતે જે લખે છે તે એ જણાવવા નહીં કે સોમવારે સાતમ અને આઠમ બંન્ને ઉદયવાળી તિથિઓ છે. પણ એ જણાવવા કે ગૌણરીતે (= લૌકિક પંચાંગની દ્રષ્ટિએ) એ સાતમ છે, ને આરાધનાની દ્રષ્ટિએ એ આઠમ છે. આવો અભિપ્રાય હોય તો ?

ઉત્તર : અર્થાત્ આરાધનાની દ્રષ્ટિએ તો એ સાતમ નથી જ. તો આ જ રીતે પૂનમના ક્ષયે તેઓ ૧૪ + ૧૫ જે લખે છે તેમાં પણ ચૌદસ માત્ર લૌકિક પંચાંગની દ્રષ્ટિએ

છે, આરાધનાની દ્રષ્ટિએ નહીં.. અને તેથી એ દિવસે ચૌદસની આરાધના (= પાક્ષિક પ્રતિક્રમણ વગેરે) કરી શકાશે નહીં.. એટલે એ આરાધના તેઓએ હજુ એક દિવસ પૂર્વે એટલે કે લૌકિક પંચાંગની તેરસે જ કરવી પડશે. અર્થાત્ આરાધનાની દ્રષ્ટિએ તેરસને ચૌદસ કરી... ચૌદસને પૂનમ કરી ને તેરસનો ક્ષય કર્યો. એટલે છેવટે, એકતિથિપક્ષનો જ સ્વીકાર કરવાનો રહ્યો.

પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ
લખાઈ ગયું હોય તો
**મિચ્છામિ દુક્કડં.**





Scanned with CamScanner

# Printed Book




To

From :

**સત્યપ્રકાશન સમિતિ**

**અમદાવાદ – મુંબઈ**

Scanned with CamScanner